અમદાવાદમાં ખુલ્લી મેલાયલી નવી દરેહમેહર—અમદાવાદ ખાતે કાકરીયા રોડ ઉપર શેઠ અરદેશર ડોશાભાઇ વહાડયાએ તથા શેઠ શાપુરજી ધનજીભાઇ મીસ્ત્રીએ બધાવી આપેલા નવા મકાનમા આતશ આદરાનના પવીત્ર કેબલાને ખુજી તખતનશીન કરી તેને ખુલ્લો મેલવાની ક્રીયા રોજ ૩ જો અરદીબેહસ્ત અમસાસ્પદ માહા ૮ મો આવા અરદવીસુર શેહેનશાહી સને ૧૨૯૪ યઝદેજરદી તા૦ ૯ મી એપ્રીલ ઇસ્વી સને ૧૯૨૫ ને બેસપતવારે સુરતના દસ્તુરજી કાવશજી રૂસ્તમજીના પ્રમુખપણા હેઠળ કરવામા આવી હતી શરૂઆતમા જશન કરવા પછી શેઠો અરદેશર વાહાડયા તથા શાપુરજી મીસ્ત્રીને અમદાવાદના જરથોસ્તીઓએ માનપત્રો એનાયત કરી શીયાલો ઓઢાડી હતી તથા બીજા મદદ કરનારા સાહેબોને પણ શીયાલોની ભેટ કીધી હતી બને સાહેબોએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા બાદ એઓ તરફથી અન્જુમન પત્ર વાચવામા આવયો હતો, તેમા જણાવયુ હતુ કે આ મકાન બાધવા માટે શેઠ અરદેશર ડો૦ વાહાડયાએ રૂ૧૫૦૦૦, શેઠ શાપુરજી ધનજીભાઇ મીસતરીએ રૂ૧૦૦૦૦ અને સુરતવાલા મરહુમ શેઠ રૂસતમજી એદલજી લાહેરની પુંજીમાથી રૂ૫૦૦૦ મલી રૂ૩૦૦૦૦ આપવામા આવયા હતા શેઠ વાહાડયાએ પોતાના કમપાઉંડમાથી જમીનનો ટુકડો ભેટ આપ્યો છે તેમજ આદરીયાન સાહેબને ઉંજાવી પધરાવવાનો સઘલો ખરચ શેઠો વાહાડયા તથા મીસ્ત્રીએ આપયો છે. ઇસ્વી સને ૧૮૨૮ માં અમદાવાદમા ત્રણ ચાર પારસી કુટુંબો વસ્તા હતા તે વખતે ઉગરાણાથી બનાવેલુ એક નાનુ સરખુ આતશ દાદગાહ હતુ તયાર પછી ઇસ્વી સને ૧૮૪૬ મા શેઠ ખરશેદજી બે નાણાવટીએ એક દાદગાહનુ મકાન બધાવી આપયુ હતુ. આ દાદગાહનુ મકાન બીસમાર થવાથી સને ૧૮૮૪ મા સર નવરોજી પેસ્તનજી વકીલે પોતાના ભાઇ ખા૦ બા૦ જાહાગીર સાથે મલી એક નવુ મકાન બધાવી આપયુ હતું. આ આતશ દાદગા આજ દીન સુધી ચાલુ વપરાસમા છે પણ આદરીયાન સાહેબની ઘણી જરૂર જણાવવાથી આજે મકાન બધાવી તેમા આતશ આદરાનના નુરી કેબલાને તખતનશીન કરવામા આવયા છે સેવટે મદદ કરનારાઓનો ઉપકાર માનયા બાદ મેલાવડો વીસરજન થયો હતો આ આદરીયાનના નીભાવ ફંડમા રૂ૫૬૫૪૬ નીચે મુજબ ભરાયા છે —શેઠ અરદેશર ડો વહાડયા તથા બાઇ આલીમાઇ અ વહાડયા રૂ૧૦૦૦૧, શેઠ શાપુરજી ધ. મીસ્ત્રી તથા બાઇ જરબાઇ શા. મીસ્ત્રી રૂ૫૦૦૧, શેઠ એદલજી રૂસતમજી ફનીબદા રૂ૫૦૦૧, શેઠ બરજોરજી શાપુરજી મીસ્ત્રી રૂ૨૦૦૧, શેઠ ફકીરજી ન ઇલાવનાળા રૂ૨૦૦૧, મરહુમ શેઠ જમશેદજી બ. કેળાંવાળાની પુંજીમાથી રૂ૨૦૦૧, શેઠ રૂસતમજી અરદેશર વાડીઆ રૂ૧૦૦૧, શેઠ ફરદુનજી કુવરજી તારાપોરવાળા રૂ૧૦૦૧, શેઠ શીયાવક્ષ ફ. તારાપોરવાળા રૂ૧૦૦૧, બાઇ સુનાબાઇ ફ. તારાપોરવાળા રૂ૧૦૦૧, શેઠ જમશેદજી ટેમુલજી રૂ૧૦૦૧, શેઠ નસરવાનજી દોરાબજી રૂ૧૦૦૧, બાઇ પીરોજા બરજોરજી એનજીનીયર રૂ૧૦૦૧, બાઇ કેરબાનુ અરદેશર શેઠનાના પુન માટે તેમના માત પીતાએ રૂ૧૦૦૧, શેઠ તેમુરસ બ કરજાવાળા રૂ૧૦૦૧, શેઠ નશરવાનજી દાદાભાઇ તાતા રૂ૧૦૦૧, શેઠ અરદેશર રૂસ્તમજી દલાલ રૂ૧૦૦૧, શેઠ નસરવાનજી ર. દલાલ રૂ૧૦૦૧, મરહુમ ડા૦ ગુસ્તાદજી શા મીસ્ત્રીની યાદમાં રૂ૧૦૦૧, ખા૦ સા૦ અરદેશર રતનજી મહેતા તથા બાઇ શીરીનબાઇ અ મહેતા રૂ૧૦૦૧, મરહુમ બાઇ સુનાબાઇ ફરદુનજી ખંબાતાની પુંજીમાથી રૂ૧૦૦૧, શેઠ અરદેશર માણેકજી જસાવાળા રૂ૧૦૦૧, બાઇ પીરોજબાઇ શીયાવક્ષ દાવરના પુન માટે રૂ૧૦૦૧ તથા દીકરા રૂસતમજી બ. દલાલના પુન માટે માતાજી નવાજબાઇ તથા પીરોજી સરદાર

બમનજી અ દલાલે રૂ૧૦૦૧, દીકરી ગુલા રૂ. ખબાતાના પુન માટે માતાજી કુવરબાઇ તથા પીતાજી રૂસતમજી બ. ખબાતાએ રૂ૧૦૦૧, શેઠ સોરાબ દી. દલાલ તથા બાઇ દીનબાઇ સો. દલાલ રૂ૧૦૦૧, શેઠ કાવસજી અરદેશરજી અકલેસરીઆ રૂ૧૦૦૧, મરહુમ બાઇ ગુલબાઇ ધનજીશા અકલેસરીઆના પુન માટે રૂ૧૦૦૧, ડા૦ ધનજીશા એદલજી અકલેસરીઆ રૂ૧૦૦૧, બાઇ શીરીનબાઈ અ મહેતા રૂ૧૦૦૧, માતાજી માણેકબાઈ તથા પીતાજી હોરમસજીના પુન માટે દીકરા માણેકજી તથા બાઇ આવાબાઇ માણેકજી જોખીએ રૂ૧૦૦૧, શેઠ નશરવાનજી દોરાબજી ડરાઇવરના તેમના રેલ્વે પ્રોવીડનટ ફડના હવે પછીથી મળવાના રૂપીઆની સવીપ એનડોરસ કરી આપી છે તેના રૂ૧૦૦૧, માતાજી હીરાબાઇ શા. નગરવાલા તથા માતાજી પીરોજબાઈ મા દીનશાના પુન માટે દીકરા હીરજીભાઇ તથા દીકરી તેહમીના નગરવાળાએ રૂ૧૦૦૧, બાઈ નવાજબાઇ એ. પટેલ રૂ૧૦૦૧, શેઠ ભીખાજી દીનશાજી પટેલ રૂ૧૦૦૧, મરહુમ શેઠ રૂસતમજી દોરાબજી મહેતાની પુજીમાથી રૂ૫૦૧, મરહુમ શેઠ ધનજીભાઇ જ મેડોરાના પુન માટે દીકરાઓએ રૂ૫૦૦ અને બાઇ શીરીનબાઇ અરદેશર મહેતા રૂ૫૦૦

ખુલ્લુ મુકાયલુ ધરમનુ મકાન—અહેની નજદીક આબેલી મધે લેડી આઇમાય હોરમજી વાહાડયાએ પોતાના મરહુમ બેટી બાઈ રતનબાઈ બમનજી વાહાડયાના પુન માટે ગરીબ જરથોસ્તીઓ માટે એક માલનુ મકાન લગભગ રૂપયા અઢાર હજારને ખરચે બધાવી આપયુ છે, તેને બાઇ રતનબાઇ બમનજી વાહાડયા બીલ્ડીંગ એવુ નામ આપયુ છે એમા ચાર ભાડુતો રહી શકશે અને તેનુ ભાડું રૂપયા ત્રણ લેવામા આવશે આ મકાન ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૧૪ મો ગોશ યઝદ માહા ૭ મો મેહર યઝદ સને ૧૨૯૪ તા૦ ૨૧ મી મારચ સને ૧૯૨૫ ને સનવારે સવારના કરવામા આવી હતી. શરૂઆતમા પરેસતા કરવા પછી દસ્તુરજી દારાબજી પેશોતનજી સનજાણાએ મકાન ખુલ્લુ મુકી જણાવયુ કે લેડી આઇમાયના એક પુરા દીકરી બાઇ રતનબાઇની યાદમા આ મકાન બાધવામા આવયુ છે બાઇ રતનબાઇ ભલા અને નેક બેટી હતા અને એવણના માત પીતા તરફની ભલી લાગણી તથા વફાદારી બોધ લેવા લાયક હતી એવા ભલા બેટીના મરણથી માતાજી લેડી આઇમાય તથા પીતાજી સર હોરમજી ઘણા દુખી થયા હતા. એઓએ મરહુમ બેટીની યાદગારી જાગવી રાખવા માટે ઘણી સખાવત કીધી છે

મુબઈમાં ખુલ્લુ મુકાયલુ બાઇ સુનાબાઇ હીરજીની દરેહમેહરનું મકાન—મુબઇ મધે ગોવાલ્યા તલાવ આગળ ફોરજેટ સ્ટ્રીટમા બાઇ સુનાબાઈ હીરજીની પુરાણી દરેહમેહર હતી, તેનુ જુનું મકાન પુરાણુ થવાથી ગોવાલ્યા તલાવને મુખડે શેઠ નશરવાનજી પીટીટના પુટલા સામે બાધવામા આવેનુ નવુ મકાન ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૧૯ મો ફરોખ ફરવરદીન માહા ૮ મો આવા અરદુઇશુર શેહેનશાહી સને ૧૨૯૪ યઝદેજરદી, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૯૨૫ ને સનીવારે સવારના વડા દસ્તુરજી મીનોચેરજી કેખશરૂ જામાસ્પઆશાનાએ એક મેલાવડા સનમુખ કરી હતી એ વખતે એ દરેહમેહરના એક ટ્રસ્ટી શેઠ જાહાગીર એસ બનાજીએ આ દરેહમેહરને લગતી કેટલીક વીગત કહેતા જણાવયુ કે મરહુમ બાઈ સુનાબાઇ ને મરહુમ શેઠ હીરજી જીવણજી રેડીમનીના દીકરી મારા બાવા ના બપાના મરહુમ શેઠ નશરવાનજી રૂસતમજી બનાજીના ધણીઆણી થતા હતા, તે છતા એવણ હીરજીના સુનાબાઇને નામે જાણીતા રહયા હતા એવણે કોટ છોડી આ જગા ખરીદ કરી હયા એક ઘેર બાધી મુકામ કરયો તવારે ગાય બળદો તળાવમાંથી પાણી પીતા હતા તેપરથી ગોવાળયા તળાવ નામ પડયુ. આ વાડી જે ભરતમા ૧૭૦૦૦ વાર હતી તે અસલ કોઇ મોબેદ રાનજીભાઇને હસ્તક હતી અને તેમા એ દસ્તુરે એક અગીયારી સને ૧૮૧૩ મા બાધી હશે તે હું ધારૂ છુ કે પોતાના સગા વહાલાઓની ક્રીયા કરવા ખાતરજ બાધી હશે. કારણ હયા ભાયગે બે ત્રણ પારસી કુટુબ હતા. બાઈ સુનાબાઇએ એ વાડી અગીયારી સાથે ખરીદી

અને પોતાની ધારમીક લાગણી પ્રમાણે તેને સજીવન રાખી હતી અને મારા જુના ખત ઉપરથી ૧૮૨૧-૨૨ મા બાઇ સુનાબાઇએ ખરીદેલી દીસે છે તયાર પછી ૧૮૪૧-૪૨ માં એ દરેહમેહેરને આદરાન તરીકે ફેરવેલી માલમ પડે છે ૧૮૪૭ મા બાઈ સુનાબાઇ ગુજરયાં અને એ અગીયારીના પકા ખતપત્ર ૧૮૬૨ મા થયા તેમા ૫૦૦૦ વારે જગા કુટુંબના ઘેરને લગતી અલગ રાખી અને બાકીની ૧૨૦૦૦ વાર અગીયારીના હસ્તક રાખી એક ત્રસ્ટડીડ બનાવયું હતુ તે ત્રસ્ટડીડ આગળ ચાલતા માલમ પડયું કે કાયદાસરનું નહી હતુ અને ૧૯૧૦ મા કોરટ મારફતે નવી સ્કીમ કરી નવુ ત્રસ્ટડીડ બનાવયુ, તે વખતથી એક કુટુંબી તરીકે હુ ત્રસ્ટી તરીકે નેમાયો હતો મોટી લડાઇ પછી હાઇ કોરટના હુકમથી જમીન લીઝે આપી અને જે આવક માત્ર મે કબજે લીધો તયારે રૂ૧૦૦૦ થી ૧૫૦૦ વરસે હતી તે વધી રૂપીઆ ૧૭૦૦૦ ની ૧૯૧૯-૨૦ થી થઇ અને આમદા-નીમાથી નજદીક રૂપયા સાહઠથી સીતેર હજાર એકઠા કરયા અને ચાલુ આવક સાથે મેલી તેમજ બહારની થોડીક પઇસાની મદદ સાથે આ મકાન બાધ્યુ છે એ અગીયારીની ૧૧૨ વરસની ઇમારતે આજ સુધી જવાબ આપયો તે માત્ર સુનાબાઇના વડા દીકરા જાંગીર રેડીમનીના મરહુમ પુત્ર સર કાવસજી જાગીરની ખેરાત અને પઇસાની મદદથી આજથી પચાસ વરસ અગાઉ આખી ગાળી કહાડી નવેસરથી મકકમ કરી હતી તે કારણને લીધે હતી જુની ઇમારત નજદીક હાઇ કોરટની પરવાનગીથી લગભગ દોઢ લાખ રૂપયાને ખરચે આ જગા ઉપર નવુ મકાન બાધયુ છે અને અસલ અગયારી જે ફોરજેટ સ્ટ્રીટને મુખડે હતી તે ગોવાળયા તળાવની પરખે કરી છે આ કામમાં મેસરસ મેહરવાનજી બાના કંપનીવાલા શેઠ બમનજીએ તથા પેન કપનીના ભાગયા શેઠ એનજીનીયરે અને એડવોકેટ જનરલે તેમજ બીજાઓએ આપેલી મદદ માટે ઉપકાર માનવામા આવે છે એ પછી દસતુરજી મીનોચેહરજીએ મકાન ખુલ્લુ મુકાયલુ જાહેર કીધુ હતુ અને એવણે ત્રસ્ટીઓએ લીધેલી મેહનત માટે ઉપકાર માની આતશની સીફત અને તેની તારીફમા કેટલુક વીવે-ચન કરયું હતુ આ દરેહમેહરના મોબેદ સાહેબો માટે ભોયતળીએ જુદા પાંચ ઓરડાઓ બાધયા છે અને પેહેલે માલે લગન, નવજોત-ભાષણ વગેરે સર અવસરે વાપરવા માટે એક મોટો પબલીક હોલ બાધયો છે

ઉદવાડામાં ખુલ્લી મુકાયલી મદરેસા—ઉદવાડા ખાતે શેઠ સોરાબજી માણેકજી દમણવાલા મદરેસા ખુલ્લી મુકવાની ક્રીયા મરહુમ શેઠ જાલભાઇ દોરાબજી ભરડાના મકાનમા દસતુ-રજી ફીરોઝીએ રોજ ૨૭ મો આશમાન યઝદ માહા ૮ મો આવા અરદુઇસુર સને ૧૨૯૪ તા૦ ૩ જી મે ૧૯૨૫ ને રવીવારે સાંજે ૩-૩૦ વાગે કરી હતી જશન કરવા પછી દસતુરજી ફીરોઝીએ કેટલુક વીવેચન કરતા જણાવ્યું કે આપણા ટોળાના છોકરાઓને મોબેદી કેળવણી આપવા માટે આ મદરેસા સ્થાપવામા આવી છે અને તે આજે ખુલ્લી મુકાયલી જાહેર કરૂ છુ. એ પછી મદરેસા કમીટીના ઓ૦ સેકરેટરી દસતુરજી કઇઓજી પેશોતનજી મીરઝાએ જણાવ્યુ કે આગળ થયલા ઠરાવ મુજબ આ મદરેસા સ્થાપવામા આવી છે આ મદરેસા માટે લાયક મકાન મળે તેટલા બાઈ કુવંરબાઇ જાલભાઇ દો ભરડાએ પોતાનુ મકાન વગર ભાડાએ વાપરવા આપ્યુ છે આ મદરેસામા શરૂઆતથી ૪૮ છોકરાઓએ દાખલ થઈ એનો લાભ લેવા માડયો છે

દરબનમાં ખુલ્લુ મુકાયલુ સ્કુલનું મકાન—આફ્રીકાના દરબન ખાતેના મે સ્ટ્રીટમા મરહુમ શેઠ રૂસતમજી જીવણજી ગોરખોડુએ પોતાના મરહુમ ધણીયાણી જરબાઇની યાદમા સ્થાપેલા બાઇ જરબાઇ રૂસતમજી ત્રસ્ટ ફંડમાંથી બાધવામા આવેલુ એમ કે ગાધી તામીલ સ્કુલ માટેનું મકાન મી૦ એસ. બી પથરના હાથથી ખુલ્લુ મુકવાની ક્રીયા ઇસ્વી સને ૧૯૨૫ ના મે માસમા કરવામાં આવી હતી આ સ્કુલ દરબનની તામીલ કોમ તરફથી નાણા તથા સ્થળની તગીમાં લાબો વખત થયા મુશકેલીથી ચલાવવામા આવતી હતી તેથી આ નવા મકાનથી એ

રહુનને ઘણો લાભ થશે. શરૂઆતમાં છોકરાઓએ ગીતો ગાયા બાદ મી. પથર તરફથી મેળાવડો ખુલ્લુ મેલાયલું જાહેર થવા પછી એવણે પ્રસંગને અનુસરતું વીવેચન કરી સખાવત માટે ઉપકાર માન્યા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

મુંબઈમાં સુવાવડખાનાના મકાનનો નખાયલો પાયો—મુંબઈમાં પરેલના રસ્તા ઉપર જુના સરકારી મહેલના કમ્પાઉંડમા આવેલી બોમ્બે બેકટેરીઓલોજીકલ લેબોરેટરી નજદીક ૨૦૦૦૦ ચોરસવાર જમીન ઉપર મેસરસ નવરોજી વાહાડયા એનડ સન્સની પહેડીવાલા શેઠ નસરવાનજી નવરોજી વાહાડયા સી આઇ. ઇ તરફથી પોતાના મરહુમ પીતાજી ઓનરેબલ શેઠ નવરોજી નસરવાનજી વાહાડયાની યાદમા કામદાર વરગની સ્ત્રીઓ માટે સુવાવડખાના સારૂ બાંધવામા આવનારા મકાનનો પાયો નાખવાની કીયા મુંબઇના નામદાર ગવરનર સર લેસલી વીલસને એક મોટા મેલાવડા સનમુખ રોજ ૪ થો શહેરેવર અમસારપદ માહા ૧૦ મો દેદાદાર ૫. સને ૧૨૯૪, તા૦ ૯ મી જુન ૧૯૨૫ને મંગલવારે સાંજે ૬ કલાકે કરી હતી. શેઠ નસરવાનજી વાહાડયાએ પાયો નાખવાની અરજ નામદાર ગવરનરને કરતા જણાવ્યુ કે ગરીબ વરગની સ્ત્રીઓ માટે સુવાવડખાનાની જરૂર જણાવાથી સોપારીબાગ ખાતે ૭ બીછાણાઓ સાથે નવરોજી વાહાડયા મેટરનીટી હાસપાટલ (સુવાવડખાનુ) સ્થાપ્યા પછી ઘણા બીછાનાની જરૂર માલમ પડવાથી અને આ નાની હોસપીટલને ફતેહ મલવાથી આ મોટી હોસપીટલ ઉભી કરવાની જરૂર જણાઇ છે ૬૦ બીછાનાની સગવડવાલી હોસપીટલ, ફરનીચર, મકાન સાથે બાર લાખ રૂપીયાનો ખરચ થવા જશે જયારે ૧૨૦ બીછાના માટે સોળ લાખનો થશે એ પછી નામદાર ગવરનરે પાયો નાખેલો જાહેર કરી જણાવ્યુ કે આ હોસપીટલથી શેઠ વાહાડયાના પીતાજીની યાદગારી હમેશા જલવાઇ રહેશે અને એવણ શેઠની સોલ લાખ રૂપીયાની સખાવત માટે સ્તુતી કર્યા પછી મેલાવડો વીસરજન થયો હતો આ ખાતા પાછળ તા૦ ૧ લી સપટેમબર ૧૯૨૨ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૩ સુધીમા થયલો સઘળો ખરચ ૩૬૧૦૦૦ અને તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૪ સુધીના વરસનો ખરચ ૩૪૫૫૫૫ શેઠ નસરવાનજી વાહાડયા તરફથી આપવામા આવ્યો હતો.

કલકતા ખાતે ધરમની ચહેલીનો નખાયલો પાયો—મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદન સી બી ઇ તરફથી તેમજ એવણના ધણીયાણી અને કુટુંબે મલી મરહુમ બાઇ ખોરશેદબાનુ તે મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદનની બેટીની યાદગારી કાયમ રાખવા માટે કલકતા ખાતે ગરીબ તથા મધ્યમ વરગના જરથોસતીઓ માટે સસતા ભાડાની ચહેલી બાંધવાનુ ફંડ અગાઉ ઉભુ કીધુ હતુ એ ચહેલી હમણા બાંધવામા આવે છે, તેનો પાયો રોજ ૨૨ મો ગોવાદ યઝદ માહા ૧૦ મો દેદાદાર ૫ સને ૧૨૯૪, તા૦ ૨૭ મી જુન ૧૯૨૫ ને શનીવારે નાખવામા આવ્યો હતો. કલકતાની જરથોસતી અનજુમન ફંડના એક ટ્રસટી સાહેબે કેટલુંક વીવેચન કરતા જણાવ્યુ કે એ ચહેલી બાંધવા માટે મરહુમ બાઇ ખોરશેદબાનુના ઉઠમણામા મરહુમના માત પીતાજી તથા બીજાઓ તરફથી મોટી રકમ ધરમ ખાતે આપવામા આવી હતી એ પછી મરહુમ શેઠ જમશેદજી ફ માદનના થયલા ઉઠમણા વખતે સારી રકમ એ ફંડમા ઉમેરવામા આવી હતી. વલી મરહુમ શેઠ જમશેદજી માદને મોટી રોકડ રકમ ભરવા ઉપરાંત કલકતાના ધરમતલ્લા સ્ટ્રીટનુ મકાન રૂપીયા પચીઆસી હજારે ખરીદી કલકતાની જરથોસતી અનજુમનના ટ્રસટીઓને ભેટ આપ્યુ હતુ એ પછી શેઠ બરજોરજી જમશેદજી માદને પાયો નાખવાની કીયા કરી હતી

થાણામાં ખુલ્લુ મુકાયલુ સુવાવડખાનું—થાણા ખાતે દીવેચા મેટરનીટી હોમ (સુવાવડખાનુ) ખુલ્લુ મુકવાની કીયા રોજ ૬ ઠો ખોરદાદ અમસાસપદ માહા ૧૧ મો બહમન અમસાસપંદ ૫ સને ૧૨૯૪ તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૯૨૫ ને શનવારે સાંજે ૪ કલાકે થાણાની સીવીલ હોસપીટલની પાસે ઓનરેબલ મી૦ બી. સી. જાધવના હાથે કરવામા આવી

[illegible] આ હોસ્પીટલ બંધાવી આપનાર શેઠ [illegible] જણાવ્યું કે આ સુવાવડખાનાનો [illegible] સરસ રીતે ચાલે તેથી આબકારી સરકારે હસ્તક સોંપવામાં આવ્યું છે. આ હોસ્પીટલ ગરીબો માટે બાંધી છે પણ ચોક્કસ ફી આપવાથી મધ્યમ વરગના માણસોને પણ દાખલ કરવામાં આવશે. હાલ તરત ૬ બીછાનાની સગવડ રાખી છે. એ પછી ઓનરેબલ મી૦ જાધવે સુવાવડખાનું ખુલ્લું મુકાયલું જાહેર કરી આ સુવાવડખાનું બંધાવી આપનાર શેઠ હીવેચાની સખાવત માટે સ્તુતી કરી હતી. આ હોસ્પીટલ પાછળ લગભગ દસ હજાર રૂપીઆનો ખરચ થવા ગયો છે.

મુંબઈમાં ખુલ્લી મુકાયલી દરેહમહેર—મરહુમ આબકારી કન્ટ્રાકટર ખા૦ બા૦ હોરમજી માણેકજી ભીવડીવાલાએ પોતાના વીલમાં પોતાના મરહુમ ધણીઆણી બાઈ પુતલીબાઈની નમ્રતે એક પાક આદરીયાનની દરેહમહેર બંધાવી આપવા જણાવી તેના નીભાવ તથા બાંધકામ માટે રૂ૪૫૦૦૦ સપુરદ કરી ગયા હતા. એ રકમમાં આ બને કામ બરાબર નહી થઈ શકે તેમ હોવાથી મરહુમ શેઠ હોરમસજીના બેટા શેઠ ડોસાભાઈએ બીજા રૂ૪૫૦૦૦ નો ઉમેરો કરી ધોબીતલાવ પર આવેલા અનજુમનના આતશબહેરામને લગતુ આદરીયાનનું મકાન પોતાના ગોઠીઆ ત્રસટીઓ સાથે મલીને બંધાવી આપ્યુ છે. આ આદરીયાનના તુરી કેબલાને તખતનશીન કરવાની ક્રીયા રોજ ૧૨ મો મોહરયઝદ માહા ૧૧ મો બહમન અમસાસપંદ યઝદે જરદી સને ૧૨૯૪, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૯૨૫ ને શુક્રવારે સવારના દસ્તુરજી મીનોચહેરજી કેખશરૂ જામાસ્પઆસાનાએ કરી હતી. જશન કરવા પછી અનજુમનના આતશબહેરામના નીચલા હોલમાં શેઠ કાવસજી જાલભાઈ શેઠના પ્રમુખપણા હેઠલ એક મેલાવડો ભેગો મળ્યો હતો, એ વખતે શેઠ ડોસાભાઈ હોરમસજી ભીમડીવાલાએ મરહુમ ખા૦ બા૦ હોરમસજી માણેકજી ભીમડીવાલાના ત્રસટીઓ તરફથી અનજુમન પત્ર વાંચ્યો હતો, જેમાં જણાવ્યું હતુ કે અનજુમનના આતશબહેરામના મકાનમાં આદરીયાન તખતનશીન કીધેલા નહી હોવાથી ગુંબજમાં મરામત વગેરેની જરૂર પડે ત્યારે પાદશાહને ખસેડવાની જગા નહી હોવાથી મરહુમ શેઠ હોરમસજીને જણાવવાથી એવણે આદરીયાનનું મકાન બંધાવી આપવા કબુલ્યું હતુ જેથી મરહુમની ખાહેશ મુજબ આજે મકાન બંધાઈ ખુલ્લું મુકવામાં આવ્યુ છે. આ આદરીયાનના નીભાવ ખરચમાં વ્યાજ વાપરવા રૂ૩૧૦૦૦ ની પ્રોમીસરી લોનો આતશબહેરામના ત્રસટી સાહેબોના નામપર ચઢાવી આપવાની ગોઠવણ કીધી છે. એ પછી શેઠ કાવસજી જાલભાઈ શેઠે જણાવ્યું કે આ દરેમહેરનું મકાન અનજુમનના આતશબહેરામની કારોબાર મંડળીને સપુરદ કીધુ છે અને એ મકાનનો સઘળો વહીવટ આતશબહેરામના ત્રસ્ટડીડ મુજબ કરવામાં આવશે. છેવટે સખાવત કરનારા ગ્રહસ્થનો ઉપકાર માન્યા પછી શેઠ જાહાંગીર વીમાદલાલે આતશની બુલંદી ઉપર એક ટુંક વાએજ કરયા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

સુરત ખાતે ખુલ્લી મેલાયલી ધરમની ચહેલી—સુરતના મરહુમ ડા૦ ફરદુનજી એ. શેરડીવાલાના વીલના એકઝીકયુટરો શેઠો સોરાબજી જ શેરડીવાલા અને માણેકશાહ મ મોટાફરામે સુરત શાહપોરનું શેઠ પારખવાલુ મકાન અને તેને લગતી જમીન રૂ૧૯૯૯૯ મા ખરીદી મધ્યમ વરગના વપરાસ માટે સુરતની પારસી પંચાયતને ભેટ આપી એના રીપેરીંગ ખરચ માટે વધુ રૂ૫૦૦૦ આપ્યા હતા. પંચાયત તરફથી પોતાના બીજા ફંડોમાંથી રૂપીઆ ચોવીસ હજાર ઉમેરી ભાડુતોના બરના વપરાસ માટે રીપેર કરી ફેરફાર કરાવ્યો હતો. એ મકાન રોજ ૨૫ મો મીનો આસીસ ગ માહા ૧૧ મો બહમત અમશાસપંદ સને ૧૨૯૪, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૯૨૫ ને ગુરૂવારે શેઠ કાવસજી બરજોરજી વકીલના હાથે ખુલ્લુ મુકવામાં આવ્યુ છે.

સુરતમાં ખુલ્લા મુકાયલાં ધરમના મકાનો—સુરત ખાતે શાહપોરના મહોલ્લા તરફ આવેલી નામદાર સર જમશેદજી જીજીભાઈ બેરોનેટની શેહેર ખાતાની પારસી છોકરીઓની ગુજરાતી નીશાળ માટે તેમજ સુરત પારસી સેવા મંડળના પારસી બાનુઓના વરક કલાસના ઉપયોગ માટે મલી બે મકાનો મુંબઇના જાણીતા શેહેરી અને તબીબ ડાકટર એરચશા જમશેદજી હકીમે સુરતની પારસી પંચાયતને ભેટ આપ્યા છે. આ મકાનો ખુલ્લા મુકવાની ક્રીયા રોજ ૨૮ મો જમીયાદ યઝદ માહા ૧૧ મો બહમન અમસાસપંદ ય. સને ૧૨૯૪, તા૦ ૨ જી આગસ્ટ સને ૧૯૨૫ ને રવીવારે સવારના દશ વાગે કરવામા આવી હતી શરૂઆતમા સુરતની પારસી પંચાયતની બોરડના સરનશીન શેઠ કાવસજી બરજોરજી વકીલે જણાવ્યું કે મરહુમ શેઠ જમશેદજી હકીમ સુરતમા ઘણા જાણીતા તબીબ હતા અને ચાલીસ વરસ ઉપર મુંબઇના શેઠયાઓના આગ્રહથી તેઓ ગયા હતા એવણના સાહેબજાદા ડાકટર એરચશાહે પોતાની માલેકીના લગભગ સતર હજાર રૂપીઆની કીમતના આ બે મકાનો ભેટ આપી બીજા વધુ રૂપીઆ સાત હજાર રીપેર માટે આપ્યા હતા વલી ડાકટર એરચશાહે નીશાળવાના મકાનના બીજા માળની ઉપર ત્રીજો માળ વધારવા ૩૩૦૦૦ આપવા જણાવ્યુ છે એ ઉપરાંત સુરત પારસી બાનુઓના વરક કલાસને વ્યાજ વાપરવા ૨૮૦૦૦, સુરતની શેઠ કુકાવાલા ઓરફનેજમા આરફન નીભાવવા વ્યાજ વાપરવા સારૂ ૩૫૦૦૦ તથા વ્યાજમાથી બાજો કરવા ૨૬૦૦૦ અને બાઇ ગુલબાઇ મહેતા સુવાવડખાનાને તથા શેઠ તારાચંદ પારસી જનરલ હોસપીટલને ૨૬૦૦૦ આપ્યા છે, આથી એવો શેઠની લગભગ પચાસ હજાર રૂપીઆની સખાવત સુરત ખાતે થવા ગઇ છે આ મોટી સખાવત માટે ડા૦ એરચશાહનો તથા એવણના બેટા ડા૦ અરદેશરનો ઉપકાર માની ભલી દુવાઓ ચાહવામા આવી હતી

જબલપોર ખાતે ખુલ્લી મેલાયલી ધરમશાળા તથા હોલ—જબલપોર ખાતે શેઠ દોરાબજી ડોસાભાઇ બીમડીવાલાએ ધરમશાલાનુ મકાન બાંધવાનુ શરૂ કરયા પછી એ કામ પુરૂ થાય તે આગમજ એવણનુ મરણ નીપજવાથી મરહુમના બેટાઓ ડાકટર પેશોતન તથા શેઠ હોરમસજીએ મકાન બાંધવાનુ બાકી રહેલુ કામ પુરૂ કરી આપ્યુ હતુ એ ધરમશાળામા ત્યાના રહીશ શેઠ રૂસતમજી હીરજીભાઇ મહેતાએ પોતાના મરહુમ ધણીયાણીના પુણ્ય માટે ફરનીચર મુકાવી આપ્યું છે વલી મરહુમ ખાનબહાદુર હોરમસજી માણેકજી બીમડીવાલાના બેટા તથા ત્રસ્ટી શેઠ ડોસાભાઇએ પોતાના પીતાજી નઇવિતે સર અવસરે વાપરવા એક હોલ બંધાવી આપ્યો છે એ હોલમા મુંબઇવાલા શેઠ શાપુરજી પાલનજી મીસતરીએ ફરનીચર મુકાવ્યુ છે ઉપના બંને મકાનો રોજ ૧૯ મો મોહર યઝદ માહા ૧૨ મો અસપંદદા૦ અમસાસપંદ શેહેનશાહી સને ૧૨૯૪ યઝદેજરદી, તા૦ ૧૬ મી આગસ્ટ સને ૧૯૨૫ ને રવીવારે જશન કરી ખુલ્લા મુકવામાં આવ્યા હતા. એ બંને મકાનો જબલપોરની જરથોસ્તી અનજુમનને સ્વાધીન કરવામા આવ્યા છે આ મકાનો બંધાવી આપનાર બેઉ શેઠોને અનજુમન તરફથી ચાંદીના કાસકેટમા માનપત્રો આપી શીયાલો એનાયત કરવામા આવી હતી

મુંબઇમાં પબલીક હોલનો નખાયલો પાયો—મુંબઇના જાણીતા લેખક અને હોટી આફ્રીકના માલેક બાઇ બાઇઆય લી૦ પાનમકોટ તરફથી દાદર મહુંગા મધેના પારસી કોલોનીમા બેન્ડસ્ટેન્ડ અને પારકને મુખડેના પલોટ ઉપર ભાશણ, લગન, નવજોત વગેરે કરવા સારૂ એક મકાન બાંધવામાં આવે છે, જેનો પબલીક હોલ તરીકે ઉપયોગ કરવામા આવશે. એ મકાન બાંધવાનુ કામ રવીવાર તા૦ ૩૦ મી આગસ્ટ સને ૧૯૨૫ ને દીનથી શરૂ કરવામા આવ્યુ છે.

સ્કુલ માટે ભેટ આપેલુ મકાન—પારડીના રહીશ શેઠ હોરમસજી જમશેદજી ચીનાવાળાએ પોતાના બહેસતનશીન પીતાજી જમશેદજી ફરામજીના પુણ્ય માટે પારડી કસબામા એક મકાન પારડીની એજ્યુકેશન સોસાયટીને ભેટ આપ્યુ છે, તેમા સ્કુલને રાખવામા આવી છે.

જરથોસ્તીઓને મલેલા ખેતાબો તથા ચાંદા.

મુબઇના જાણીતા શેહેરી અને પારસી પંચાયતના ધરમ ફંડના સેકરેટરી શમસુલ ઉલમા એરવડ ડાકટર જીવણજી જમશેદજી મોદી, પી એચ ડી. યુરોપની સફરે આ વરસે ગયા છે. આ ગુઝરોગ ભણેલા વીદવાન સ્કોલર એરવદ જીવણજીની વીદયતાની સેવાઓની કદરશનાસી તરીકે અને એવણના ઉંચા વીદયા અભ્યાસની પીછાનમા ફ્રેંચ સરકારે "લીજીઓ દ હોનેર" યાને લીજીયન ઓફ ઓનરના ઉંચા એલકાબની નવાજેસ કરી છે. એજ મુજબ હંગેરીયન સરકારે પણ ધી ક્રોસ ઓફ મેરીટનો મોટો ખેતાબ એનાયત કરી તેનો મેડલ સપટેમ્બર ૧૯૨૫ મા એવણને આપ્યો છે વળી એવણને બુદાપેસ્ટ શહેરની મેમાનગીરીનું માન આપી એ શેહરના મોટા હોટલમા ઉતારો આપ્યો હતો અને એવણની ઘણી સરસ પરોણાગત કરવામા આવી હતી એરવદ મોદીએ પુરાણા હંગેરીયન લોકો વીશે શોધખોળ કરી ભાશણો આપી લખાણો કીધા હતા અને આપણી અવસ્તા પેહલવી કેતાબોમાથી તેમની તવારીખ તથા તેમના ધરમ ઉપર અજવાળુ નાખ્યુ હતું તેથી એવ-ણની એ શેહરની પધરામણીની વખતે એવણને સારૂ માન આપવામા આવ્યુ છે એવણને બેઉ રાજ્યો તરફથી મલેલા મોટા માન માટે મુબારકબાદી આપ્યે છીયે અને આ મોટાં માનથી પારસી કોમને ઘણો હરખાવનારો બનાવ લેખાશે એરવદ જીવણજી મોદીના યુરોપના લાંબા પ્રવાસ દરમ્યાન એવણને સઘળે ઠેકાણેથી સારૂ માનપાન આપવામા આવ્યુ હતુ એવણના માનમા તા૦ ૨૦ મી જુન ૧૯૨૫ ને દીને યુરોપની પારસી એસોસીએશને લંડનના સાઉથ કેનસીંગટન ખાતેના ઇમપરીયલ ઇનસ્ટીટયુટના મકાનમા એક આફટરનુન રીસેપશનનો મેળાવડો કીધો હતો એ વખતે એ એસોસીએશનના પ્રમુખ સર મંચેરજી મેરવાનજી ભાવનગરીએ જણાવ્યું કે એરવદ જીવણજી મોદીને તેઓની આ મુલાકાત ટાંકણે દીલોજાન આવકાર આપવા આપણે ભેગા મળ્યા છીએ એવણ ઘણા બાહોશ સ્કોલર છે અને પોતાની આખી જીંદગી દરમ્યાન પોતાની કોમની ઉમદા સેવા બજાવી છે એવણને માટે સરવે જણાઓને મોટું માન છે જે આજના મોટા મેળાવડાથી માલમ પડશે એવણ જેવા બાહોશ અને ચાલાક ગ્રહસ્થ કે જેઓની વીદવતાભરેલી મહેનતથી અને જાહેર સેવાઓથી કોમ ઉપર ઝળકાટ થયો છે એરવદ જીવણજી મોદીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા બાદ "આપણે પારસીઓ આપણા બાપદાદાઓને શાના આભારી છીએ" એ બાબદ ઉપર ટુંક વાયજ કરી હતી.

આપણી રાજ કરતી બ્રીટીશ કોમના ઇસ્વી સને ૧૯૨૫ ના નવા વરસની ખુશાલીમા અપાયલા ખેતાબો તથા માન અકરામમા નીચના જરથોસ્તીઓને ખેતાબો એનાયત કરવામાં આવ્યા હતા —

નાગપોરના જાણીતા શેહેરી ઓનરેબલ સર માણેકજી બેરામજી દાદાભાઇ બેરીસ્ટર, સી આઇ ઇ કાઉનસીલ ઓફ સ્ટેટના સભાસદને કે. ટી. આઇ ઇ યાને નાઇટ કમાનડર ઓફ ધી ઇંડીઅન એમપાયરનો માનવંત ખેતાબ એનાયત કરવામા આવ્યો હતો

મુંબઇની મ્યુનીસીપાલીટીના મદદનીશ હેલ્થ ઓફીસર ડા૦ નોરાબજી કાવસજી હોરમસજીને કૈસરે હીંદનો સોનાનો ચાંદ એનાયત થયો હતો

કલીકતના જાણીતા શેહેરી ડા૦ કેકોબાદ ધનજીભાઇ મુગાસેઠને કૈસરે હીંદનો રૂપાનો ચાંદ એનાયત થયો હતો.

કલીકટના વેપારી શેઠ કુંવરજી અરદેસરને, બોમ્બે પોર્ટ ટ્રસ્ટના ઓનરરી એક્ઝીક્યુટીવ એનજીનીઅર શેઠ ફરામજી રતનજીને, મધ્ય પ્રાંતના ઘોરાન જંગલ ખાતાના મદદનીશ કનઝરવેટર ખાનસાહેબ ધનજીશાહ નસરવાનજી ચવાસીયાને મુંબઇની કસ્ટમ ખાતાના ખજાનચી શેઠ સોરાબજી નસરવાનજી મહેતાને અને ગવરનર જનરલની એકઝીકયુટીવ કાઉનસીલના એક મેમબરના અંગત મદદનીશ ખાનસાહેબ દાદાભાઇ નાદીરશાહને ખાનબહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

સીંધના લોઇડ બેરેજ અને કેનાલ કનસ્ટ્રકશનની વડી હાઇરના એનજીનીઅર સુપ્રીનટેનડનટ

શેઠ બરજોરજી પેસતનશાહ મમાને, મધ્ય પ્રાંતવાળા શેઠ ફરેદુન રૂસ્તમજી વાસીઆર બેરીસ્ટરને અને અજમેરની બરોડા રેલ્વેના કનટ્રોલર ઓફ સ્ટોરસ્ હાઈશરના વડા કલારક શેઠ મહેરજી બેરામજીને ખાનસાહેબનો ખેતાબ એનાયત થયો હતો.

નામદાર માનવત શેહેનશાહ જયોરજ પાંચમાંની ૬૧મી સાલગ્રેહ તા૦ ૩ જી જુન સને ૧૯૨૫ ને દીને પડવાથી એ મુબારક દીવસની ખુશાલીમા બહાર પડેલા માન અકરામ તથા ખેતાબોના લીસ્ટમા નીચલા જરથે સ્તીઓને ખેતાબો એનાયત થયા હતા :—

શેઠ કે. રૂસતમજી તે બીકાનેરના ફીનાનસ અને હોમ મેમબરને, તથા અમદાવાદવાલા ડાકટર બેહરામજી હોરમસજી નાણાવટીને સી આઈ ઇ. યાને કમ્પનીયન ઓફ ધી ઈંડીયન એમપાયરનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

ખાન બહાદુર ફરદુનજી એમ દસ્તુર, તે મુબઇની યુનીવરસીટીના રેજીસ્ટારને કમપેનીયન ઓફ ઇમપીરીયલ સરવીસ ઓરડરનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ જાહાગીર દાદાભાઇ ગાધી તે મુબઇના સમ વીભાગના એકસાઇઝના સુપ્રીનટેનડનટને ખાનબહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ ફરામજી રતનજી દલાલ, તે પચમાહાલ જીલ્લાના વેપારીને ખાનસાહેબનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ ડી એન મોદી તે ગવરનર જનરલના રજપુતાનાના એજનટના માજી મદદનીસને કયસરે હીન્દનો બીજા વરગનો ચાદ એનાયત થયો હતો.

કનતાનના વેપારી શેઠ હોરમસજી સોરાબજી કાવારાણાએ ફરેંચ મ્યુનીસીપલ કાઉનસીલના જુના મેમબર તરીકે તથા ઘણા વરસો વેર ફરેચ પોલીસનો વહીવટ સારી કુનેહથી બજાવ્યો હતો તેની કદરશનાસીમા એક સોનાનો ચાદ ઇડો ચાયનાના ગવરનર જનરલે એનાયત કરયો છે અને અત્રેના ફરેંચ કોનસલ જેનરલે ઘટતી તારીફ કરી એવણુને મળેના ચાદ માટે મરટીફીકેટ આપી છે

સતારાના રહીશ ખા૦ બા૦ ધનજીશાહ બમનજી કુપરે ખેતીવાડીને લગતા હથીયારો વગેરે ખેડુતોને સસ્તા પુરા પાડી પોતાની મદદ આપી હતી તે માટે તા૦ ૧૨ મી એપ્રીલ ૧૯૨૫ ને દીન સતારા નજદીક કોરેગામ મધે મલેની મરાઠા શીક્ષણ પરીષદની સતરમી બેઠક વખતે એવણુને એક સોનાનો ચાદ એનાયત કરવામા આવ્યો હતો એવણુને સતારાની ડીસ્ટ્રીકટ બોરડ હસ્તકની સ્કુલ બોરડના પ્રમુખ ચુટી કાઢયા હતા

ઓરડર ઓફ સેટ જોનના ગ્રાંડ પ્રાયર નામદાર ડયુક ઓફ કોનાટની બહાલીથી પારસી એમબ્યુલસ ડીવીઝનના સભાસદો, પ્રાઇવેટ કેખશરૂ બમનજી સંજાનાને, પ્રાઇવેટ જમશેદ ધનજીભાઇ બીલીમોરયાને, પ્રાઇવેટ જહાગીર જમશેદજી વજીફદારને અને પ્રાઇવેટ હોરમસજી જહાગીર બરડીને લોગ સરવીસ મેડલ એનાયત કરવામા આવ્યો હતો

સેટ જોન એમબયુનસ બ્રીગેડ, ઓવરસીઝના કોસમોપોલીટન ડીવીઝનના સુપ્રીનટેન્ડન્ટ અને સેકરેટરા શેઠ માણેક ફરદુનજી મુલાએ એમબયુલસના કામમા બજાવેલી ૧૮ વરસોની સેવાની પીછાનમા એવણુને સેટ જોન એમબયુનસ બ્રીગેડનો ૧૫ વરસનો લોગ સરવીસ મેડલબાર એનાયત કરવામા આવ્યો હતો વળી એ ડીવીઝનના સભાસદોના તા૦ ૨૨ મી મારચ ૧૯૨૫ ને દીને બેરામજી જીજીભાઈ ઇનસ્ટીટયુટમા શેઠ હોરમજી કારક માસ્તરના પ્રમુખપણા હેઠળ થયલા મેળાવડામા સોનાનુ ચેન સાથનુ રીસ્ટ વોચ શેઠ માણેકજીને એનાયત થયુ હતુ

શેઠ જમશેદ દી ઈ કોથાવાલા જેવણુ સેટ જોન એમબયુલસ બ્રીગેડના અમદાવાદ ડીવીઝનના સુપ્રીનટેનડટ છે તેવણે વરસો સુધી એમબયુલંસની બજાવેલી સેવાની પીછાનમા સેટ જોન એમબયુલસ એસોસીએશનની હીંદી શાખા તરફથી વોટ ઓફ થેંકસની સરટીફીકેટ એવણુને એનાયત કરવામા આવી હતી.

શેઠ નરીમાન મેરવાનજી કરકરયાએ ઇરાનમા કરેલી મુસાફરી વેળાએ તેહરાનમાં તલવાર બાજીના પ્રયોગો કરવાથી તેની કદરશનાશીમા ઇરાનના કેળવણી ખાતાના વજીર તરફથી રૂપાનો ચાદ તથા દરબારી મોહર સાથની સરટીફીકેટ એવણુને એનાયત કરવામા આવી હતી.

ઓધા—નેમણુંક—વગેરે.

શેઠ એન. જે વાહાડયા આઇ સી એસ ને લીગલ રીમેમબ્રનસ અને મુબઈના નામદાર ગવરનરની ધારાસભાના સેક્રેટરી નેમ્યા હતા એવણે ફેબ્રરવારી ૧૯૨૫ મા મુબઇની લેજીસ્લેટીવ કાઉનસીલના સભાસદ તરીકેનુ પોતાનુ રાજીનામુ આપ્યું હતુ.

ડૉ૦ કાવસજી એદલજી દાદાચાનજીને મુંબઇના નામદાર ગવરનરની ધારાસભાના ૧૯૨૫ ના ચેરમેન નેમ્યા હતા.

શેઠ નશરવાનજી નવરોજી વાહાડયા સી આઈ ઇ ને મુબઇના મીલ માલેકોની મડળી તરફથી મુબઇના નામદાર ગવરનરની ધારાસભાના મેમબર તરીકે શેઠ સી. એન વાહાડીઆની ખાલી પડેલી જગાએ જુન ૧૯૨૫ મા નેમ્યા હતા અને એવણની ચાલુ સેશનસ માટે ચેરમેન તરીકે નેમણુક કરવામા આવી હતી

શેઠ શાપુરજી દોરાબજી સકલાતવાલાને લડન ખાતેની પારલામેનટના બેટરસી પ્રગણા તરફના કમ્યુનીસ્ટ મેમબર તરીકે સને ૧૯૨૫ મા ચુટી કાઢયા હતા

મુબઈની પોલીસના લોકપ્રીય બાહાદુર અમલદાર ખા૦ બા૦ કાવસજી જમશેદજી પેટીગરાને મુબઈ શહેરના ડેપયુટી પોલીસ કમીશનર નેમ્યા હતા એવણને મળેલા આ મોટા ઓધ્ધા માટે તેની ખુશાલીમા એવણના માનમા મુબઇની મેજેસ્ટીક કલબના એવણના મીત્રો અને વખણનારાઓએ તા૦ ૧૪ મી ડીસેમબર સને ૧૯૨૪ ની રાતે પરેલના શેઠ વાહાડયાજીના જાહાગીર બાગના બગલામા એક મેલાવડો કરી શેઠ માણેકજી પેસતનજી ભરૂચાના પ્રમુખપણા હેઠળ ખાણુ આપ્યુ હતું પ્રમુખ શેઠ માણેકજીએ ખા૦ બા૦ પેટીગરાની સનામતી લેતાડતા એવણની બાહાદુરી, ખત અને વફાદારીથી આગલ વધી મોટા ઓધા ઉપર આવ્યા તે માટે મુબારકબાદી આપી હતી. ખા૦ બા૦ પેટીગરાએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો

શેઠ માણેકશાહ ફીરોજશાહ કાપડયાને મુબઇ ઇલાકાના દક્ષીણ વીભાગના આસીસટટ ઇનકમટેક્ષ કમીશનર નેમ્યા હતા

ખા૦ બા૦ પી બી મહેતાને એડનના કામચલાઉ ઇનકમટેક્ષ ઓફીસર નેમ્યા હતા.

શેઠ ફરામરોજ ધનજીશાહ લાનકાકાને કરાચીના કસટમ કલેકટર અને શેઠ જે. એ. આર કામાને અમદાવાદના હજુર ડેપ્યુટી કલેકટર નેમ્યા હતા.

શેઠ વીકાજી ફરદુનજી તારાપોરવાલા અને શેઠ હોરમઝદયાર કુવરજી કોનાજીને મુબઇની હાઇ કોરટના જડજ નેમ્યા હતા

શેઠ ધનજીશાહ ડોશાભાઈ કુપરને અમદાવાદના મદદનીશ જડજ, શેઠ બેહરામ નવરોજી સજાણાને બેલગામના ડીસ્ટ્રીકટ અને સેશનસ જડજ અને શેઠ નાદીરશાહ નશરવાનજી માસતરને થાણાના એસીસટટ જડજ નેમ્યા હતા

શેઠ હોરમઝદીયાર ફીરોજ દસતુરને મુબઈના ત્રીજા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ, શેઠ દોરાબ એન ડી ખડાલાવાલા બેરીસ્ટરને ચોથા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ અને શેઠ એન. ટી જગાનવાલાને કામચલાઉ પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ નેમ્યા હતા

શેઠ એદલજી જાહાગીર દાવરને મુબઇની હાઇ કોરટના એકટીંગ એસીસટંટ પ્રોથેનોટરી નેમ્યા હતા

એ૦ સર દીનશાહ એદલજી વાચ્છાને અને એ૦ સર માણેકજી બેરામજી દાદાભાઇને ઇમપીરીયલ બેંક ઓફ ઇંડીયાના બીનશરકારી સભાસદ નેમ્યા હતા

કેપટન એસ. એ પેમાસ્તરને મુબઇની મરીન લાઇનસવાળી ઈંડીયન સ્ટેશન હાસપીટલનાં કમાનડીંગ ઓફીસર અને મુબઈના હીંદી લશકરના વડા તબીબી અમલદાર નેમ્યા હતા.

મુબઇની ગ્રાંટ મેડીકલ કાલેજના થેરેપયુટીક્શના પ્રોફેસર મેજર એસ એસ. વઝીફદારને પ્રેસીડનસી સરજયન નેમ્યા હતા

શેઠ જે આર. કોલાભેવાલાને લોઇડ બેરાજ અને કનાલ કનસ્ટ્રકશન સ્કીમના કામચલાઉ એકઝીકયુટીવ એનજીનીયર નેમ્યા હતા.

મુંબઇ સરકારના જાહેર બાંધકામ ખાતાના જોઇનટ સેકરેટરી શેઠ કેખશરૂ સોરાબજી ફરામજીને કામચલાઉ વડા એનજીનીયર નેમ્યા હતા

ખાં૦ બા૦ કે એમ કલબવાલાને સેનટ્રલ જેલના સુપ્રીનટેનડનટ નેમ્યા હતા

મુંબઇ શહેર અને ટાપુના ઓનરરી પ્રેસીડનસી મેજીસ્ટ્રેટો તરીકે નીચલા જરથોસ્તીઓને નેમવામા આવ્યા છે -ખાનસાહેબ હોરમજી શાપુરજી કાતરક, ઓનરેબલ શેઠ ફીરોઝ સી. શેઠના, ખા૦ બા૦ રૂસતમ બમનશાહ વકીલ, ડા૦ શાવકશા સોરાબજી બાટલીવાલા, ડા૦ ભીખાજી એદલજી ઘાસવાલા, ડા૦ નાનાભાઈ નવરોજી કાતરક, ડા૦ રૂસતમજી માણેકજી મીસતરી, ડા૦ અરદેશર દાદાભાઇ મોદી, ડા૦ રૂસતમજી નાનાભાઈ રાણીના, મેજર જમશેદજી નશરવાનજી ડમન, મેજર સોરાબ કે. એનજીનીયર, શેઠો જેહાગીર બહમનજી બહમન બહેરામ, એચ પી બહેરામજી, નવરોજી સોરાબજી બંગાલી, હોરમસજી જેહાગીર ભાભા, શાપુરજી બમનજી બીલીમોરીઆ હોરમસજી માણેકજી ચવના, નવરોજી હોરમસજી કોનટ્રેકટર, બરજોરજી સોરાબજી કુપર, જહાંગીર રતનજી દુબાશ, બેરામજી નવરોજી ગામડયા, એરચશાહ આર હીરજીબહેદીન, બેજનજી એમ હોડીવાલા, જેહાગીર ભીખાજી, પેસતનજી ફીરોશાહ કાપડયા, જેહાગીર હોરમસજી સોરાબજી, બેરામ નવરોજી કરનજયા, ખુરશેદજી લીમજી, મહેરજીભાઈ પાલનજી માદન, ફીરોઝશાહ જહાગીર મરજબાન, રૂસ્તમજી એદલજી મોદી, રૂસ્તમજી સોરાબજી પાઉંવાલા, જે મી વાચ્છા, દીનશાહ હોરમસજી વાણીયા, અને સોરાબજી એદલજી વોરડન, વધારાના મેજીસ્ટ્રેટો તરીકે નીચલા પારસી ઓને નેમ્યા હતા -સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો ફરદુનજી જ પારખ, ધનજીભાઈ બમનજી પીટીટ અને ડા૦ નાદીરશાહ એચ ઇ સુખ્યા, નીચલા ઓનરરી મેજીસ્ટ્રેટોને જ્યારે કોરમ નહી મળે ત્યારે એકલા બેસવાની સતા આપવામા આવી છે -ડા૦ શાવકશાહ સોરાબજી બાટલીવાલા, મેજર સોરાબ કે એનજીનીયર, ડા૦ ભીખાજી એદલજી ઘાસવાલા, ખા૦ બા૦ રૂસતમ બમનશા વકીલ, ડા૦ નાનાભાઇ નવરોજી કાત્રક, ડા૦ અરદેશર દાદાભાઈ મોદી, ડા૦ રૂસ્તમજી નાનાભાઇ રાણીના, ઓનરેબલ શેઠ ફીરોઝ સી શેઠના, શેઠો સોરાબજી એદલજી વોરડન, જાહાગીર બમનજી બમન બહેરામ, નવરોજી હોરમસજી કંત્રાકટર, એરચશાહ આર હીરજીબેહદીન, જાહાગીર ભીખાજી, બેરામ નવરોજી કરંજીયા, ખરશેદજી લીમજી, જાહાગીર હોરમજી સોરાબજી, દીનશાહ હોરમજી વાણીયા, નવરોજી સોરાબજી બંગાલી, હોરમસજી જેહાગીર ભાભા, શાપુરજી બમનજી બીલીમોરીયા, બરજોરજી સોરાબજી કુપર, જેહાગીર રતનજી દુબાશ, બેહરામજી નવરોજી ગામડયા, અને રૂસ્તમજી સોરાબજી પાઉંવાલા.

ખા૦ બા૦ અરદેશર નવરોજીને બેલગામ જીલ્લાના ઓ૦ મેજીસ્ટ્રેટ અને શેઠ ઈ જે. તાલ્યારખાનને સુરતના ઓનરરી મેજીસ્ટ્રેટ નેમયા હતા.

શેઠ બેરામજી મનચેરજી દેસાઇને નવસારી મ્યુનીસીપાલીટીના નાના દાવાઓ ચુકવવા ઓનરરી મેજીસ્ટ્રેટ, શેઠ જાહાગીરજી માણેકજી તરકાણીવાલાને મહુવા તાલુકાના અનાવલ ટપાના અગીયાર ગામો માટે ઓનરરી મેજીસ્ટ્રેટ અને જસટીસ ઓફ ધી પીસ તથા શેઠ નાનાભાઈ પેસતનજી મહેતા અને બીલીમોરાવાલા શેઠ રતનજી શાપુરજી દારૂવાલાને ઓ૦ મેજીસ્ટ્રેટ અને જસટીસ ઓફ ધી પીસ તરીકે નામદાર ગાયકવાડ સરકારે નેમ્યા છે.

મુંબઇના નવા સુબેહના અમલદારો યાને જે. પી તરીકે નીચલા પારસીઓને નેમવામાં આવ્યા હતા —બાઈ બીખાઈજી અરદેશર એનજીનીયર, ખા૦ બા૦ મેરવાનજી એદલજી મીસ્ત્રી, શેઠો રતનશાહ કેરસાસ્પજી દાદાચાનજી, કેખશરૂ સોરાબજી ફ્રામજી, દાદાભાઇ સોરાબજી જોશી પેસતનજી પીરોજશાહ કાપડયા, અરદેશર ફીરોઝશાહ મહેતા અને સોરાબજી એન પોહોચખાનાવાલા

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના નવા ડેલાગેટો તરીકે નીચલા પારસીઓને નેમ્યા હતા —શેઠો કાવશા એચ એલ બાટલીવાલા, મનચેરજી એદલજી જોશી, માણેક અરદેશર કરંજાવાલા, દીનશાહ શાપુરજી ફેંપીઅરવાલા, ખાનસાહેબ હોરમસજી શાપુરજી કાતરક, અને ખા૦ બા૦ રૂસતમ બમનશાહ વકીલ, સુરતની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ શાવકશાહ ફરદુનજી તારાપોરવાલા, કરાચીની મેત્રીમોનીયલ કોરટના ડેલાગેટો તરીકે શેઠો પેસતનજી જમશેદજી સોપારીવાલા અને હોરમસજી ફીરોઝશાહ બહેરામજી

શેઠો વીકાજી અરદેશર તારાપોરવાલા અને સોહરાબ એફ ભરૂચાને લંડનની સોસાયટી ઓફ આરકીટેકટસના ફેલોઝ અને શેઠ કેરસાસ્પ બી તારાપોરને મેમબર નેમવામા આવ્યા હતા

શેઠ મહેરવાનજી જમશેદજી આટીયાને મુબઇની સીડનહેમ કોલેજ ઓફ કોમરસ એન્ડ ઇકોનોમીકસના કામચલાઉ પ્રીનસીપલ નેમ્યા હતા

ડો૦ જાહાગીર સોરાબજી ખેરગામવાલાને મુબઇની ગવરનમેંટ લો કોલેજના પ્રીનસીપાલ અને જ્યુરીસ પરૂડનસના પેરી પ્રોફેસર, શેઠ બી જે વાહાડયા બેરીસ્ટરને કામચલાઉ પ્રીનસીપલ અને જ્યુરીસ પરૂડનસના પેરી પ્રોફેસર અને શેઠ પેસતનજી પીરોશાહ ડોકટર બેરીસ્ટરને પ્રોએેસન ઉપર લોના પ્રોફેસર નેમવામા આવ્યા હતા

હુનર ઉદયોગ ખાતાના વડા શેઠ ફકીરજી એદલજી ભરૂચાને સુપ્રીનટેનડંટ ઓફ ઇનડસ્ટરીઝ તરીકે નેમ્યા હતા અને તેમની મુબઇ ઇલાકાની ડીરેકટર ઓફ ઈંડસ્ટ્રીઝ તરીકે નેમણુક કરવામા આવી છે

શેઠ એરચશાહ.જાહાગીરશાહ તાલ્યારખાનને રેવાકાંઠા એજન્સીમા આવેલા લુણાવાડા સ્ટેટના દીવાન નેમ્યા હતા

ડા૦ જમશેદજી રૂસતમજી જાગોસને મીલોમા મજુરીએ જતા બાળકોને સરટીફીકેટો આપવા માટે મુબઈના સરટીફાઇંગ સરજયન તરીકે કામચલાઉ નેમવામા આવ્યા હતા.

શેઠ ડી એમ. દારૂવાલાને મુબઇની સ્મોલકોઝ કોરટના રેજીસ્ત્રાર નેમયા હતા

શેઠ એસ જે. તાલ્યારખાનને કેરાના સબ ડીવીઝનના એકસાઇજ ખાતાના સુપ્રીનટેનડનટ નેમયા હતા.

શેઠ કાવસજી રૂસતમજી ટરનરને મુબઈની કરનસી હાફીસના કામચલાઉ આસીસટંટ કરનસી હાફીશર અને શેઠ શાપુરજી બરજોરજી બલસારાને કરનસી હાફીશના આસીસટંટ સુપ્રીનટેનડંટ નેમ્યા હતા

શેઠ સોરાબ એન. એ. મુસને મુબઇ ઇલાકાના સાયનસને લગતા વીભાગના ઇનસપેકટર નેમ્યા હતા.

સર જમશેદજી જીજીભાઇ બેરોનેટને ઈંડીયન ટેરીટોરીયલ ફોરસના એડવાઇઝરી કમીટીના પ્રમુખ નેમ્યા હતા

શેઠ મહેરજીભાઇ પા. માદનને અમદાવાદ ખાતે તા૦ ૧ લી અને ૨ જી નવેમબર ૧૯૨૪ ને દીને મળેલી ગુજરાતી પત્રકારોની કોનફરનસના પ્રમુખ નેમ્યા હતા

ડા૦ જમશેદજી ફ્રામજી ચશકરીને સુરત મેડીકલ યુનીયનના વાઇસ પ્રેસીડનટ નેમ્યા હતા

શેઠ રતનશાહ કુવરજી મરચંટને ચેતમાલ મયુનીસીપાલીટીના વાઇસ પ્રેસીડંટ નેમયા હતા

શેઠ એમ બી સકલાતવાલાને મીલ માલેકોના મંડળ તરફથી અને ઓનરેબલ શેઠ ફીરોજ- સી શેઠનાને મુબઇની મયુનીસીપલ કોરપોરેશન તરફથી મુબઇના પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ચુટી કાઢવામા આવ્યા હતા

શેઠ ફ્રામરોજ હોરમજી કાવશજી દીનશાહને એડનના પોરટ ટ્રસ્ટના ટ્રસ્ટી અને શેઠ એફ. ડી. લાલકાકાને કરાચીના પોરટ ટ્રસ્ટના ટ્રસ્ટી નેમવામાં આવ્યા હતા.

શેઠ નવરોજી એમ. દુમસીયા, ઓ૦ શેઠ ફીરોજ સી શેઠના અને ડા૦ કાવસજી ઇ દાદાભાનજીને મુંબઈના સીટી ટ્રસ્ટની બોરડના ટ્રસ્ટીઓ તરીકે મુંબઇની મયુનીસીપાલીટી તરફથી નેમવામા આવ્યા હતા.

શેઠ ફીરોજ જાહાગીર મરઝબાનને મુંબઇની મયુનીસીપાલ કોરપોરેશનની સ્ટેનડીંગ કમીટીના મેમબર નેમયા હતા.

ખાનસાહેબ એચ એસ કાતરકને મુંબઇની મયુનીસીપાલીટીના ઓડીટર નેમ્યા હતા.

શેઠ એન. ડી આલબલેસ ઇંગલાડના હેમપટન ડીસ્ત્રીકટ કઉનસીલના મેમબર તરીકે ૨૬ વરસ થયા છે, તેવણુને મીડલસેક્ષ કાઉનટી કાઉંનસીલની ચુંટણીમા હેમપટનના પ્રતીનીધી તરીકે ચુંટી કહાડયા હતા.

બાઇ ધનબાઈ કાવશશાહ મીસતરીને કાનાનોરની મયુનીસીપલ કાઉનસીલના મેમબર તરીકે મદરાસની સરકારે નેમયા હતા

ડા૦ કે આર દલાલને રંગુનની મયુનીસીપાલીટીના હેલ્થ ઓફીસર અને શેઠ ફરામરોજ મેરવાનજી મહેતાને એડનના કામચલાઉ હેલ્થ ઓફીસર નેમયા હતા

શેઠ શાવકશા એચ. ખસુખાનને સુરત મયુનીસીપાલીટીની સ્કુલ બોરડના મેમબર નેમ્યા હતા.

પ્રોફેસર કોયાજી અને સર માણેકજી દાદાભાઇને કરનસી કમીશનના મેમબરો નેમયા હતા

શેઠ બમનશાહ જમશેદજી જખુસરવાલાને રૂઉ માટે ખેતીવાડીના બોરડમા મેમબર નેમ્યા હતા.

સ્કુલ લીવીંગ એકઝામીનેશન બોરડના પ્રમુખ તરીકે શેઠ કેકોબાદ બેહરામજી મરજબાનને અને મેમબરો તરીકે ડા૦ રૂસતમ નાનાભાઇ રાણીના, શેઠ આદરજી એમ મસાની અને મીસ એમ જે વાહાડયાને ચુંટી કહાડયા હતા

વરસોવા બીચ સેનેટરી કમીટીના ચેરમેન તરીકે શેઠ બેરામજી એન. કરંજીઆને તથા મેમબરો તરીકે શેઠો નશરવાનજી એદલજી બાટલીવાલા અને સોરાબજી દીનશાહ તલાટીને નેમયા હતા.

સાનટાક્રૂઝ ટાઉન પલાનીંગ સ્કીમના ટ્રીબ્યુનલ ઓફ આરબીટરેશનના પ્રમુખ તરીકે શેઠ દાદીબા સી મહેતાને અને મેમબર તરીકે શેઠ રૂસતમ પી મસાનીને નેમયા હતા

મુંબઇની મીલ ઓનરસ એસોસીએશનની કમીટીમા નીચલા પારસીઓને ચુંટી કાઢયા છે — સર દીનશાહ મા પીટીટ, ઓનરેબલ સર દીનશાહ એ વાચ્છા, શેઠો સી એન વહાડયા, એન બી સકલાતવાલા, જાહાગીર બ પીટીટ, એચ પી મોદી અને એસ ડી સકલાતવાલા

શેઠ નવરોજી દાદાભાઇ કાતરકને લંડનના સીવીલ એનજીનીયરોની ઇનસ્ટીટયુટના મેમબર નેમયા હતા.

શેઠ કેકોબાદ બેરામજી મરજબાનને બેહરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસ્ટીટયુટના ટ્રસટી નેમયા હતા

શેઠ કાવસજી નાનાભાઇ લાકડાવાલાને કોલબોની પારસી બેરીઅલ ગ્રાઉંડના ટ્રસટી નેમ્યા હતા.

શેઠો કાવસજી માણેકજી દલાલ વકીલ, ફેરસારૂપજી ગોલવાલા, ખા૦ સા૦ હોરમજી પેસતનજી તનાટી, શેઠો પાલનજી હીલ્લુવાલા અને બેજનજી દુમસ્યાને સુરતના રૂસતમપુરાના દખ્મા તથા જશન ફંડના ટ્રસ્ટીઓ નેમયા હતા

શેઠો પાલણજી હીલ્લુવાળા અને હોરમશાહ કાવસજી ધાલાને સુરતના રૂસતમપુરાના પારસી બઇરાઓના ધબાર ફંડના ટ્રસ્ટીઓ નેમયા હતા.

શેઠો દીનશાહ નવરોજી પાવરીને તથા રૂસતમજી રતનજી કોઠાવાલાને વડોદરાની જરથોસતી અનજુમનના ટ્રસ્ટીઓ તથા શેઠ જમશેદજી દાદાભાઇ મીસતરીને શહેર ખાતાના તથા શેઠ નવરોજી નશરવાનજી વેવાઇને કેમ્પ ખાતાના અનજુમનના ઓડીટરો નેમવામા આવ્યા હતા

અનાહમાદની અજુમનના પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે શેઠ અરદેશર શાપુરજી ગજદરને, ટ્રસ્ટી તરીકે શેઠ બમનશાહ તેહમુરસ્પ શાપુરજીને, ઉપ-પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે શેઠ શાપુરજી રૂસતમજી ગાંધીને અને સેક્રેટરી તરીકે શેઠ ખુશરૂ શાપુરજી ગાંધીને નેમયા હતા

શેઠ રૂસતમજી જામાસ્પજી આરડાજીને નવસારીની જરથોસતી અજુમન ફંડોના ટ્રસટી નેમયા હતા.

શેઠ પેસતનજી એદલજી તલાટી, મેરવાનજી હોરમસજી શેઠના, દીનશાહ કાવસજી તલાટી અને ખા૦ સા૦ હોરમજી પેસતનજી તલાટીને સુરતના રૂસ્તમપરાની પીટીટ અગીઆરીના ત્રસ્ટીઓ નેમ્યા હતા

શેઠ રૂસતમજી નાનાભાઇ ઓપ્ટ્સ અને માઇસોર સ્ટેટના એકઝીક્યુટીવ એનજીનીયર શેઠ હોરમજી ફ્રરદુનજી માસ્ટરને બેંગલોરની દરેહમહેરના ત્રસ્ટીઓ નેમ્યા હતા.

ડા૦ ધનજીશાહ બમનજી લવગીયાને બેંગાડીના જરથોસતીઓના ધરમ ખાતાઓના ફંડોના ત્રસ્ટી નેમ્યા હતા

મુંબઇના સઘળા મંડળોના પ્રતીનીધીઓએ એકઠા થઇ પારસી ફેડરલ કાઉનસીલ સ્થાપવાનો જે ઠરાવ પસાર કરયો હતો તેમાં નીચલા ગ્રહસ્થોની એક કમીટી નેમવામાં આવી છે—સર હોરમસજી કાવસજી એડનવાલા, ડા૦ જે કે દાજી, ડા૦ ડી બી માસતર, ડા૦ જહાંગીર ખરશેદજી લીલાઉવાલા, એરવદ કેખશરૂ માહીયાર કુતાર, ડા૦ ધનજીભાઇ એન પટેલ, ડા૦ એ ન મોદી, શેઠ કેકોબાદ કાવસજી એડનવાળા, આર પી મસાની, એસ ઇ વેરડન, જે જે વીમાદલાલ, પી જે મરઝબાન, સી ડી મહાલક્ષ્મીવાળા, એમ ઇ જોશી, એફ જી બીલ્યા, આર કે. દાદાચાનજી, એસ બી દાદીમરજોર, ફ્રરામરોજ રૂસતમજી જોશી, રૂસતમ બી પેમાસતર, ફ્રરેદુન કે દાદાચાનજી, એસ એન ગજદર, ઈ આર હીરજીભેદીન, કે સી લાવકાકા, એમ પી. માદન, સોરાબ કાપડયા, એમ કે પટેલ, વેસાવેવાળા, એન એચ બેલગામવાળા, રૂસતમ એન વાચ્છાગાંધી, કે જે દુમાશ, માણેક દાદાચાનજી, હોમાવઝીર, જે પી મહેતા અને ખોદાબક્ષ પુનેગર

ડા૦ દાદાભાઇ એન. સાહેરને શેઠ બમનજી દી પીટીટ પારસી જનરલ હોસપીટલના ઓનરરી સેક્રેટરી નેમ્યા હતા

શેઠ કેરસાસજી બરજોરજી દાવરને જાહાનસીની ઝોરાસ્ટ્રીયન બોયઝ એન્ડ ગરલ્સ સ્કુલની મેનેજીંગ કમીટીના ચેરમેન તથા શેઠ મેહરનોશજી ફ્રરામજી બતીવાલાને મેમબર નેમ્યા હતા

શેઠ દીનશાહ દાદાભાઇ દોરડીને નવસારીની બાઇ ડોશીબાઇ કોટવાલ ઓરફનેજના પ્રીનસીપલ નેમ્યા હતા,

બાઈ એમ જે વાહાડયાને અમદાવાદની વીમેનસ એન્ડ ગરલસ હાઇ સ્કુલ માટેની મહાલક્ષ્મી ટ્રેનીંગ કોલેજના લેડી સુપ્રીનટેનડનટ નેમ્યા હતા

ઈરાનના જરથોસતીઓની હાલત સુધારનારી મંડળી તરફથી એક એજંટ ઇરાન મધે નેમવામા આવે છે તે ઓધો શેઠ પેસતનજી કુવરજી મારકર ધરાવતા હતા તેઓ મુંબઇ આવવાથી ડા૦ જાલ ઇરાનીએ કામચલાઉ ઓધો બજાવ્યો હતો, જાથુકના ઓધા ઉપર એરવદ પેસતનજી નશરવાનજી દસતુર કેકોબાદજી મહેરજીરાણાની નેમણુંક કરવામા આવી છે જેઓ મારચ ૧૯૨૫ મા અત્રેથી ઇરાન ઉપડી ગયા હતા

શેઠ ફ્રરામરોઝ એસ માસતર ઇરાન મધેના બુશાયરની હાઇ સ્કુલના પ્રીનસીપલ નેમાવાથી એવણ બુશાયર ઉપડી ગયા હતા

ડાકટર તેહમીના જે એચ કામાને કારખાનાઓની તપાસ માટે લેડી ઇનસપેકટર નેમ્યા હતા.

શેઠ મનચેરજી કાવસજી વોચમેકરને બોમબે એનજીનીયરીંગ સરવીસમા નેમ્યા હતા.

શેઠ ભીખાજી દાદાભાઇ મુલ્લા વકીલને મુંબઇના ભાડાના ડેપ્યુટી રેન્ટ કંટ્રોલર નેમ્યા હતા

શેઠ મેરવાનજી રતનશાહ પારેખને બીજાપુરના પોલીસના ડેપયુટી સુપ્રીનટેનડનટ, ખા૦ બા૦ શાપુરજી દીનશાહ વરીયાવાને અમદાવાદની પોલીસના ડેપયુટી સુપ્રીનટેનડનટ અને શેઠ શાપુરજી દારાબશાહને પોલીસના ડેપ્યુટી સુપ્રીનટેનડનટ નેમ્યા હતા

સેંટ જોન એમ્બ્યુલન્સ બ્રીગેડના પારસી ડીવીઝનમા સુપ્રીનટેનડંટ શેઠ ડોસાભાઇ ફ્રરામજી પથકીને હીંદ માહેલી બ્રીગેડના ત્રીજા ડીસ્ત્રીકટના એકટીંગ ડીસ્ત્રીકટ સુપ્રીનટેનડંટ તરીકે, ડા૦ જમશેદજી ડોસાભાઇ દેસાઇને પારસી એમબ્યુલન્સ ડીવીઝનના વધારાના ડીવીઝનલ સરજ્યન તરીકે તથા શેઠ ગુસ્તાસ્પજી નશરવાનજી ગજદરને ફરસ્ટ એમબ્યુલન્સ આફીસર શેઠ ધનજીશાહ સોરાબજી ભરૂચાને સેકંડ એમબ્યુલન્સ ઓફીસર, શેઠ રૂસતમજી એદલજી શેઠનાને થરડ એમબ્યુલન્સ ઓફીસર, શેઠ રૂસતમ પેસતનજી થાણાવાલાને ફોરથ એમબ્યુલન્સ ઓફીસર અને શેઠ માણેકશાહ રૂસતમજી પટેલને ઇનવેલીડ ટ્રાન્સપોરટ ઓફીસર તરીકે નેમવામા આવ્યા હતા.

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

ડાકટર મીસ ખુરશેદ સોરાબજી કેપટને મુંબઇમા ૧૯૨૧ મા એમ બી બી એસ. ની વઇદક ડીગ્રી મેળવ્યા પછી વધુ અભ્યાસ માટે લંડન ગયા હતા અને ચાર વરસ સુધી ચઢતા તમીમી અભ્યાસ કરયા પછી લંડન યુનીવરસીટીની એમ ડી ની પરીક્ષા માન સાથે પસાર કરી વીલાયતની બીજી ઘણીક તબીબી ડીગ્રીઓ પણ મેંળવી છે

મી૦ ફીરોઝ હોરમજી કુતાર મુંબઇમા બી એ ની પરીક્ષામા પસાર થયા પછી વીલસન કોલેજના ફીઝીકલના ફેલો નેમાયા બાદ બી એસ સી ની પરીક્ષા પસાર કરી ૧૯૨૧ મા ડા૦ ગીમી અને પટેલ ફંડમાથી સ્કોલરશીપ મેળવી એમણુ અમેરીકા ગયા હતા પીટરસબરગની યુનીવરસીટીની એમ ઇ (મેટલરજીકલ એનજીનીયરીંગ)ની તથા એમ એસ (માસતર ઓફ સાયનસ)ની ચઢતી પરીક્ષાઓમા એમણુ પસાર થયા છે

બરમીંગહેમ ખાતેની યુનીવરસીટીમા શોધખોળનુ રીસરચ વરક કરતા મી૦ દીનશાહ રતનજી નાનજીને તેમની ઘણી કીમતી શોધખોળોને પરીણામે ડોકટર ઓફ સાયનસની ચઢીયાતી ડીગ્રી એનાયત કરવામા આવી છે

ડા૦ ટેમુરસ પીરોશાહ કાંડાવાલાએ મુંબઇમા એમ બી બી એસ ની વઇદક ડીગ્રી મેલવ્યા પછી વેલાયત જઇ ત્યાની હાસપીટલમા પોસ્ટ ગ્રેડયુએટ તાલીમ લઇ દંત વીદ્યાને લગતી દેનતલ સરજરીની ડીગ્રી લાઇસેનશીએટ ઓફ ડેનટલ સરજરી (રોયલ કોલેજ ઓફ સરજીયનસ)ની સંપાદન કરી છે એમણે એલ ડી એમ, આર સી એસ, અને એમ બી બી એસ ની ડીગ્રી મેળવી છે.

ડા૦ નાદરશાહ દીનશાહ દારૂવાલાએ મુંબઇમા એમ બી બી એસ ની વઇદક ડીગ્રી મેલવ્યા પછી પેરીસ જઇ યુનીવરસીટી ઓફ ફેકલ્ટી ઓફ મેડસીનનો વેનેરીયોલોજીનો ઓનરસ ડીપલોમા મેલવ્યો છે, એમણુને વેનેરીયોલોજીની ફ્રેનચ સોસાયટીના મેમ્બર નેમ્યા છે.

રોકફેલર ફાઉંડેશનની ફેલોશીપ માટે બે વરસ ઉપર જે પાચ મેડીકલ ગ્રેજયુએટોને હીંદી સરકારે જુદા જુદા છ તાલુકાઓમાથી પસંદ કરયા હતા, તેઓમાના નાગપુર સરકલમાથી મોકલવામા આવેલા ડા૦ કાવસશાહ રતનશાહ એડીબામ તા૦ ૧૩ મી ફેબરવારી ૧૯૨૫ ને દીને અમેરીકાથી પાછા ફરયા છે. તેમણે બાલ્ટીમોર ખાતેની જોહન્સ હોપકીનસ યુનીવરસીટીમા જાહેર તનદરોસતીનો અભ્યાસ કરીને ડી પી એચ ની ડીગ્રી મેળવી છે, તથા લંડનની સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડસીનમા પણ સરટીફીકેટ મેળવી છે

મી૦ કેખશરૂ કે. એન કામરાજીએ લંડન યુનીવરસીટીની એમ. એસ સી ની પરીક્ષા પસાર કરી છે

મીસ એપસી ખુરશેદજી પાવરીએ કોલમબીયા યુનીવરસીટીમા પુરવ તરફની ભાષાઓનો ચઢતો અભ્યાસ કરીને એમ એ ની ડીગ્રી મેળવી છે અને મ્યુઝીકનો ચઢતો અભ્યાસ કરવા ફ્રાનસ ગયા છે

કરાચીવાલા એરવદ નરીમાન માણેકજી ધાલાએ અમેરીકામાં ચાર વરસ અભ્યાસ કરી કોલંબીયા યુનીવરસીટીની માસતર ઓફ આરટસની ડીગ્રી મેળવી છે

ડા૦ બેરામ ડી સકલાટવાલા તાતા ટેકનીકલ સ્કોલરશીપ લઇને જરમની ગયા હતા અને ૧૯૦૮ મા રોયલ પોલીટેકનીકલ સાર્લોટેનબરગમાથી E. G. D. ની ડીગ્રી મેળવી હતી. એમણુ ૧૯૦૮–૧૯૦૯ ના સાલ દરમયાન બ્રીટીશ આયરન એનડ સ્ટીલ ઇનસ્ટીટયુટ ખાતે કારનેગી રીસરચ સ્કોલર હતા, ૧૯૧૦ મા તેમણુ અમેરીકા ખાતે ગયા હતા અને તેમણુને ઘણીક

સાયનટીફીક સોસાયટીઓના સભાસદ નેમ્યા છે. "અમેરીકન મેન ઓફ સાયનસ"ના જીવનવૃતાતમાં એજ હીદીવાનોના નામો માલમ પડે છે તેમા ડા૦ બેરામ એક છે એવણે પહલા અમેરીકાની વેનેડયમ કારપોરેશન ખાતે રીસરચ કેમીસ્ટ તરીકે કામ બજાવ્યુ હતુ જેના તેવણ પાછળથી જેનરલ સુપ્રીનટેનડનટ થયા હતા અને એ કપનીના વાઇસ-પ્રેસીડનટ તરીકે ચુટી કાઢયા છે. તા૦ ૫ મી ડીસેમબર ૧૯૨૪ ને દીન અમેરીકાની સોસાયટી ઓફ કેમીકલ ઇન્ડસ્ત્રીનો "ગાસેથી મેડલ" ન્યુયોરક ખાતે એવણને એનાયત કરવામા આવ્યો છે

મી૦ રૂસતમજી હોરમમજી તાગરીએ મુમઇમા ઈટ સાયનસની પરીક્ષા પસાર કરી ૧૯૨૦ મા ઈંગલૅંડ જઇ લડન એનડ નોરથ વ્રમ્ટરન રેલવેને લગતા સીવીલ એનજીનીયરસ ડીપારટ મેનટમા અભ્યાસ કરી જુન ૧૯૨૪ મા એની પરીક્ષ મા ફતેહમદ નીવડયા હતા, તે પછી એવણને એસોસીએટ મેમબર ઓફ ધી ઇનસ્ટીટયુશન ઓફ અકચરર એનજીનીયસ તરીકે ચુટી કાઢી ઈનસ્ટીટયુશન ઓફ સીવીલ એનજીનીયરસના સ્ટુડનટ મેમબર તરીકે એવણની નેમણુક કરવામા આવી છે.

પારસી એનજીનીયરસ એનડ આરકીટેકસ યુનીયનના સેક્રેટરી મી૦ જમશેદજી નવરોજી દુબાસે લડનની એનજીનીયરીંગને લગતી એ એમ આઇ સી ની પરીક્ષા પસાર કરી છે

મી૦ કેખશરૂ હીરજીભાઇ તારાપોર બેરીસ્ટરે લડનની સ્કુલ ઓફ જરનાલીઝમમા જોડાઇને જરનાલીઝમનો અભ્યાસ કરી એનો ડીપ્લોમા મેળવ્યો છે એ ડીપલોમા એવણ ઉપર મોકલી આપતા મજકુર સ્કુલના ડીરેકટર ઓફ સ્ટડીઝ મી૦ તારાપોરની કાબેલીયત તથા જરનાલીઝમના જ્ઞાનની ઘણી સ્તુતી કરી છે

બાઈ શીરીનબાઈએ સુમેદ રે લડનની એકેડમીમાથી ટેલરીંગ અને કટીંગના હુનરની તાલીમ મેળવી એ માટેની ફસ્ટ કલાસ સાથેનો ડીપ્લોમા મેળવ્યો છે

એમ ડી ની પરીક્ષામા મી૦ દીનશાહ હોરમસજી દુધા પસા થયા છે

એમ એસ ની પરીક્ષામા હાજર થયના ૭ ઉમેદવારોમાથી ૨ પસાર થયલા તેમા પારસી-ઓમા મી૦ મેરવાન અરદેશર સોગુ પસાર થયા છે

એમ બી બી એસ ની છેવટની પરીક્ષામા હાજર થયલા ૩૩૮ ઉમેદવારોમાથી ડીસેમબર ૧૯૨૪ મા ૧૩૦ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —બીજા વરગમા મેસરસ ધનજીશા દોરબજી બુખારીવાલા, એદલજી ખરશેદજી દેશાઇ, જેહાંગીર દીનશાજી દડામ, નાદીરશા હોરમસજી એન નીયર, જામાસપજી સોરાબજી કાપડીયા, મેહરજી બેરામજી માસ્તર, રૂસ્તમજી પેસ્તનજી મરચટ, જહાંગીર ધનજીશાહ મીર્ઝા, હોરમસજી જમશેદજી પરેલવાલા, પેસ્તનજી બેરામજી વોરડન અને જ[illegible] ડેસ[illegible] દેશાઇ, પ[illegible] વરગમા બાઇ શીરીન જીવણજી ઉનવાડયા તથા મેસરસ રૂસ્તમ અરદેશર [illegible] ડેનામી બીલીમોરીયા, કેખશાદ દીનશાહ બરજોરજી હકીમ, મોટાભાઇ ધનજીભાઇ [illegible] ડે મેહરા[illegible] મોદી, જમશેદ મેરવાનજી કોટવાલ, રૂસ્તમ બેરામજી બુકમાહન્ડર અને [illegible] ગાંધી, એજ પરીક્ષામા હાજર થયલા ૩૬૪ માથી જુનાઇ ૧૯૨૫ મા ૧૧૬ [illegible] તેમા નીચલા પારસીઓ છે.—બીજા વરગમા બાઇઓ પીરોજા નશરવાનજી [illegible] તાડીવાળા, તથા મેસરસ નરીમાન કાવસજી ચાવડા, સોરાબજી બરજોરજી [illegible] બશરૂ સોરાબજી હોમાવાળા, એરચ સોરાબજી કાસદ, બરજોર જહાંગીરજી [illegible] માણેકજી લકડાવાળા, હોમી બમનશા લાકડાવાળા, માણેકશા જમશેદજી મેહતા [illegible] નરીમાન દીનશા નરીમાન, નશરૂવાનજી હોરમસજી તાડીવાળા, ફરેદુન ફરામ[illegible], નકશાવાન દીનશાહ તાલીયારખાન, કુવરજી શાપુરજી વાકડીયા, નરીમાન જમશેદ [illegible] વાળા, પાસ વરગમાં મેસરસ ખરશેદજી નશરવાનજી આરદ, જાલ રતનજી એદી, પીરોશાહ પેસ્તનજી કાત્રક [illegible] ચેહર પીરોજશાહ

મીસ્ત્રી, ફીરોશાહ કાવસજી હોડીવાળા, પીરોજશાહ ખરશેદજી દારૂવાળા, એદલજી ખરશેદજી દેસાઈ અને નવરોજી માણેકજી કાલાપેસી આમા પસાર થયલા બાઈ મેહરા નશરવાનજી તાડીવાલાને કવીન એમપ્રેસ સીલવર મેડલ, મેડીકલ વુમન ફોર ઇંડીયા ફંડ સ્કોલરશીપ અને લેડી રે સીલવર મેડલ મલ્યા છે.

બેચેલર ઓફ હાઇજીનની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા છે —આખી પરીક્ષામાં મી૦ નશરવાનજી હોશંગશાહ નાણાવટી અને ભાગ પેહલામા મી૦ જમશેદ હોરમજી ડોક્ટર

મુંબઇની ફીઝીશીયન એન્ડ સરજીયન કોલેજ તરફથી લેવામા આવેલી સેરટની એલ સી પી. એસ ની પરીક્ષામા હાજર થયલા ૧૬૧ માથી નવેમબર ૧૯૨૪ માં ૫૦ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —બાઇ વીરબાઇ શાપુરજી મેહતા અને મી૦ હોરમજી માણેકજી લીંબુવાલા; એજ પરીક્ષામા હાજર થયલા ૨૧૨ માથી મે ૧૯૨૫ મા ૬૩ પસાર થયલા તેમા પારસીઓમાં મી૦ માણેકશાહ દીનશાજી શેઠના પસાર થયા છે

મુંબઇની હાઈ કોરટના એડવોકેટની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા છે —મેસરસ હોરમજી ડોશાભાઇ બનાજી, ફરામરોજ શાપુરજી સુખીઆ, માણેક મનચેરશાહ ઝવેરી, અને મનચેરજી સોરાબજી રતનાગર. મી૦ સોહરાબશાહ બી કાપડયા વકીલને મુંબઇની હાઈ કોરટના એડવોકેટ તરીકે દાખલ કરવામા આવયા છે

સોલીસીટરોની પરીક્ષામા અકટોબર ૧૯૨૪ મા નીચલા જરથોસ્તીઓ પસાર થયા છે — મેસરસ હોરમસજી ડોશાભાઇ બનાજી, નાદીર દીનશાહ ડાલાસ, કેકોબાદ બી ડોકટર, મીનોચેહર એદલ ઉસતાદ, ફરામજી એસ સુખીયા, અને અરદેશર એચ ઉદવાડયા, એજ પરીક્ષામા એપ્રીલ ૧૯૨૫ મા નીચલા જરથોસ્તીઓ પસાર થયા છે —મેસરસ કેખશરૂ ખરશેદજી હકીમ, બરજોરજી ખરશેદજી મગડાવાલા, અને મનચેરજી બાપુજી નારીએલવાલા

એલ એલ બી ની સેરટની પરીક્ષામા હાજર થયલા ૩૨૭ માથી નવેમબર ૧૯૨૪ મા ૧૪૭પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —બીજા વરગમા મેસરસ એરચશાહ માણેકજી ભરૂચા, કેખશરૂ જીજીભાઈ ખબાતા અને નશરવાનજી ફરામજી માદન પાસ વરગમા મેસરસ રૂસ્તમ સોરાબજી બલસારા અને શાવકશા જહાગીરજી ગાંધી એજ પરીક્ષામા હાજર થયલા ૩૯૦ માથી જુન ૧૯૨૫ મા ૧૭૫ પસાર થયલા તેમા નીચના પારસીઓ છે —બીજા વરગમા મેસરસ નઉસીર ભરૂચા, જહાગીર ડોશાભાઇ ચોકસી, ફરામરોજ દોરાબજી દેલવાડાવાલા, રૂસ્તમજી જહાગીરજી કોલાહ, કેરશાસ્પ મેહરજીભાઇ કુકા, મીનોચેહર માણેકજી લાહેવાળા, કેખુશરો રૂસ્તમજી મેહતા, પાસ વરગમા મેસરસ ગુશતાસ્પ પીરોઝશા આટીના, જલ ફીરોઝ બલસારા, બેરીંમ ડી માણેકજી મીસ્ત્રી કાવસજી મંચેરજી મુન્શી ફીરોઝ અને પીતવાન દાદીશેઠ પારખ, આમા પસાર થયલા મી૦ મીનોચેહર માણેકજી લાહેવાલાને શેઠ મનચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી છે.

મી૦ કાવશજી નવરોજી દાદ્રાવાલાએ મુંબઇની હાઇ કોરટના વકીલો માટેની પરીક્ષા પસાર કરી છે

બી એસ. સી યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામા હાજર થયલા ૫૮ ઉમેદવારોમાંથી નવેમબર ૧૯૨૪ મા ૩૧ પાસ થયા તેમા નીચલા પારસીઓ છે —સઘળા વીશયોમા મી૦ ઝરીર દીનશાહ મણીયા અને સાયન્ટીફીક સમજેકટમા મેસરસ રૂસ્તમ દારબશાહ આરીયા, અને જહાગીર કુવરજી તારાપોરવાલા, એજ પરીક્ષામા હાજર થયલા ૩૧૮ માથી મે ૧૯૨૫ મા ૧૭૮ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —સઘળા વીશયોમા પેહલા વરગમા મી૦ દારાયસ જમશેદજી બાહાદુરજી, બીજા વરગમા મી૦ અરદેશર સોરાબજી તાતા, પાસ વરગમા બાઇ બીખાઇજી નાનાભાઇ ડાભર તથા મેસરસ નવરોજી અરદેશરજી મોકડાવાલા, નરીમાન બમનશાહ કામા, જમશેદ અરદેશર કાજી, મેહરજી રૂસ્તમદારજી દલાલ, મેહરવાનજી ફરામરોજ દેસાઇ, શાવકશા

આદરજી દોટીવાલા, ફીરોઝશાહ શાપુરજી ગઝદર, જી આર જમુસરવાલા, બમનજી હોરમજી બી. ડી. ખાન, માણેક સોરાબજી માણેકજી મેહતા, જાહાગીર કુવરજી તારાપોર, એદલજી ખરશેદજી કોટવાલ અને દારાબ મેરવાનજી મુનસી, સબસીડીયરી સબજેકટમાં મેસરસ જાલ રૂશતમજી કુપર, હોમી નશરવાનજી મારશલ, તેહમુરસ્પ રૂશતમજી શરાફ, જીવણજી ફરામજી ખજુરીના, હોરમજી હીરજીભાઇ દુબાશ, ગુસ્તાદજી અરદેશર કાપડયા, ફીરોઝ ફરામરોઝ લાલી, અરદેશર ખુરશેદજી સંતોક અને બહમનશાહ અરદેશર પ્રીનટર.

બેચેલર ઓફ કોમરસની પરીક્ષામાં હાજર થયલા ૨૯ માથી અકટોબર ૧૯૨૪ મા ૧૩ પસાર થયલા તેમાં પારસીઓમાં પાસ વરગમાં મી૦ ફીરોઝ રૂશતમજી મુલ્લા ફીરોઝ અને વધારાની ખાસ બાબતમા મી૦ નવરોજી રૂશતમજી કલીયાણીવાળા પસાર થયા હતા. એજ પરીક્ષામાં હાજર થયલા ૬૩ માંથી એપ્રીલ ૧૯૨૫ માં ૩૪ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે — બીજા વરગમા મી૦ રૂશતમજી એદલજી કુમાના, પાસ વરગમા બાઈ યાશમીન ખરશેદજી સરવેયર તથા મી૦ સોરાબજી બરજોરજી બજાં, ખાસ વધારાની બાબદોમા મી૦ રૂશતમજી દીનશાહ મેહતા

બી ઇ (સીવીલ) એનજીનીયરીંગની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા છે — બીજા વરગમા મેસરસ ખુરશેદજી હોરમજી બાના, કેખશરૂ રૂશતમ ઇરાની અને જમશેદજી કાવશજી કકલીયા.

એસ ઇ (સીવીલ) એનજીનીયરીંગની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા છે — બીજા વરગમા મેસરસ કેખશરૂ બેરામશાહ કરનાક, દારાબશાહ કાવશજી ફરાસમેન અને જાહાંગીર બેરામજી સંજાના, પાસ વરગમા મેસરસ હોમી શાપુરજી બાટલીવાલા, હોમી કેરસાસ્પ દસ્તુર, ફરોખ સોરાબજી ડાકટર, નરીમાન રતનશાહ એદીબામ અને જાલ નવરોજી નગરવાલા આમા પસાર થયલા મી૦ દારાબશાહ કાવસજી ફરાસમેનને શેઠ નશરવાનજી જહાગીર વાડીયા સ્કોલરશીપ મલી છે.

એસ. ઇ (મીકેનીકલ) એનજીનીયરીંગની પરીક્ષામા બીજા વરગમા મી૦ રૂશતમ જાહાગીર પટેલ પસાર થયા છે.

ઇન્ટર મીડીયટ આરટસની પરીક્ષામા પસાર થયલા મી૦ બમનજી જાલભાઈ ગઝદરને શેઠ ફરામજી સોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મલી છે

એમ. એ યાને માસ્તર ઓફ આરટસની પરીક્ષામા હાજર થયલા ૧૧૧ માથી ૬૨ પસાર થયલા તેમા નીચના પારસીઓ છે —પેહલા વરગમા બાઇ મીઠા જમશેદજી બનાજી, બીજા વરગમા મેસરસ નરીમાન બમનજી ઇચ્છાપોરીયા, ટેહમતન રૂશતમ કાપડયા, બમનજી પીરોશા શેઠના, મહેરજી જમશેદજી વકીલ નોશીર ખરશેદજી ભરૂચા, અને ફીરોજ જમશેદજી શરાફ, પાસ વરગમાં મેસરસ ફરામ અરદેશર ખરાસ, સોરાબ પાલનજી તારાપોરવાલા, કેખશરૂ જમશેદજી દસ્તુર અને મરઝબાન દીનશાહ બીલીમોરયા આમા પસાર થયલા બાઇ મીઠા જ બનાજીને મીસ સોકરીબાઈ એસ માનકર સ્કોલરશીપ મલી છે.

બી. એ ની પરીક્ષામા હાજર થયલા ૯૯૭ માથી ૫૨૯ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —પેહલા વરગમા મી૦ પરવીઝ દારાબશાહ આટીયા, બીજા વરગમા બાઇઓ ફ્રેની ડોસાભાઇ રૂસ્તમજી મોબેદજી તથા દીના નવરોજી બનશા અને મેસરસ કેખશરૂ જામાસ્પજી માદન, સોરાબ દીનશા વીમાદલાલ, ફરામરોઝ અરદેશર બોદ હોમી ફરામગેજ ચાચા, સોરાબ શ્યાવક્ષ બાટલીવાળા, શ્યાવક્ષ પીરોજશાહ, બીલીમોરીયા, કેખશરૂ બેરામજી ઇરાની, મીનોચેર રૂસ્તમ મસાની, મરઝબાન જહાગીર મીસ્ત્રી, નોશીરવાન કાવસજી પેટીગરા, દીનશા હોરમસજી પીટીટ, દારાબશા પેસ્તનજી તાતા, કેકી જમશેદજી વાચ્છા અને શયાવક્ષ પેસ્તનજી શેઠના, પાસ વરગમા મેસરસ કેખશરૂ પેસ્તનજી વકીલ, નાનાભાઇ હીરજીભાઇ વોચમેકર, જમશેદજી જહાગીરજી દુબાશ,

ફીરોઝ રૂસ્તમજી મેહતા, અરદેશર માણેકજી મુલ્લાં, દારબશા હોરમસજી નરીમાન, ફ્રામજી દોસા ભાઇ વાડીયા બેજન બરજોરજી ચીનાઇ, લીમજી કુંવરજી બીલીમોરીયા, એરચશા અરદેશર દસ્તુર, કેકાઉસ ફ્રામરોજ કાબરાજી, અરદેશર પેસ્તનજી શેઠના, મેરવાનજી જીજીભાઇ દલાલ, સોરાબજી નશરવાનજી દલાલ, અરદેશર મ ચેરજી હવાલદાર, બરજોર ગુસ્તાદજી મેડીવાળા, લીમજી બરજોરજી બીલીમોરીયા, અસ્પંદીયાર કાવસશાહ અંકલેસરીયા, જહાંગીર બેરામજી સુખડીયા, ડોસાભાઇ હીરાજી કાબરાજી, જાલ શયાવક્ષ દાવર, બેહરામ પેશોતન આદરીયાનવાળા, હોરમસજી પીરોજશાહ મીણવાળા અને જહાગીર સોરાબજી દીનશા આમા પસાર થયલા મી૦ શયાવક્ષ પેસ્તનજી શેઠનાને નારાયણ વાસુદેવ સ્કોલરશીપ અને મી૦ હોમી ફરામરોજ ચાચાને શેઠ ફીરોજશાહ મેરવાનજી જીજીભાઇ અવસતા અને પહેલવી સ્કોલરશીપ મળી છે

બી એ, (પાસ)ની પરીક્ષામા હાજર થયલા ૭૧૨ માંથી ૭૭ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —મેસરસ કેખશરૂ અરદેશર દાવર, પીરોશાહ ફ્રામરોજ પાવરી અને રૂસ્તમજી બેરામજી આટીયા.

સ્કુલ લીવીંગ (મેટ્રીકયુલેશનની) પરીક્ષામાં હાજર થયલા ૮૯૨૪ માથી ૩૫૧૨ પસાર થયાં હતા, તેમા ૩૨૧ પારસીઓ હતા જેમા ૫૩ પારસી બાનુઓ હતી. આમા પસાર થયલા મી૦ માણેકશા ફરદુનજી કાગાને સર દીનશાહ મા. પીટીટ પેહલા બેરોનેટ સ્કોલરશીપ અને બાઇ નરગેઝ દારાબશા પદમજી તથા બીજી એક બાઇ વચ્ચે દા. દાદાભાઇ નવરોજી સ્કોલરશીપ આપવામા આવી છે

લંડન રોયલ સેનીટરી ઇન્સ્ટીટયુટની બહાલી મળે એ શરતે નીચલા પારસીઓએ સુખાકારી ખાતાના ઇન્સપેકટરની પરીક્ષા પસાર કરી છે —ડો૦ એમ. સી. લંગરાના અને ડો૦ બી ડી કોહાવાલા.

મયુનીસીપાલીટીના હેલ્થ ઓફીસર તરફથી ચલાવવામાં આવતા સેનીટરી સરવેયરોના કલાસના નીચલા પારસીઓએ લંડનના રોયલ સેનીટરી ઇનસ્ટીટયુટની અનુસરીને સેનીટરી સરવેયરની પરીક્ષા પસાર કરી છે —મેસરસ સોરાબ હોશંગશા નાણાંવટી, બમન આર. માસ્તર અને કેકોબાદ આર. માદન

ઇલેકટ્રીક વાયરમેનોની પરીક્ષા જે નામદાર સરકારે ઘડી કહાડેલા નવા કાયદાની રૂએ તા૦ ૧૧ માથી તા૦ ૧૪ મી મે ૧૯૨૫ સુધી લેવામા આવી હતી, તેમાં મુંબઇમા પહેલા વરગમાં હાજર થયલા ૨૬ માથી ૯ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે.—મેસરસ એરચ બમનજી શહીયાર, જાહાંગીર સોરાબજી પથકી, અને નરીમાન બમનજી વાછા; બીજા વરગમાં હાજર થયલા ૧૩૦ માથી ૫૨ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —મેસરસ ફરદુનજી કેખશરૂ મોદી અને ફીરોઝ ફરામ દ્રાઇવર

પરચુરણ જાણવાજોગ બનાવો.

મુંબઈના જાણીતા તબીબ ડાક્ટર સર તેમુલજી ભીખાજી નરીમાનના માનમાં મુંબઈના તબીબો તરફથી તા૦ ૬ ઠી જુલાઈ ૧૯૨૫ ને દીવસે ગ્રાન્ટ મેડીકલ કાલેજવાળા થીએટરમાં એટ હોમનો મેળાવડો કરી મોટું માન આપવામા આવયુ હતુ એ વખતે કરનલ આર. એ. નીડહેમ તરફથી તબીબી કેળવણી અને હીંદ માટે જનરલ મેડીકલ કાઉનસીલ સ્થાપવાની બાબત ઉપર સારી ચરચા ચલાવવામા આવી હતી. વળી સર ટેમુલજીએ આ શેહરની બજાવેલી અનેક તબીબી સેવાઓની પીછાનમા એવણુની એક છબી મુંબઇની ગ્રાંટ મેડીકલ કાલેજમાં નામદાર ગવરનર સર લેસલી વીલસને તા૦ ૧૬ મી મારચ ૧૯૨૫ ને સોમવારે સવારના ૮-૩૦ કલાકે એક મેળાવડા સનમુખ ખુલ્લી મુકી જણાવ્યું કે સર ટેમુલજીએ સારી પ્રતીષ્ઠા તથા મોભા મેલવ્યા છે તે એવણે ઘણી સારી રીતે જાળવી રાખ્યા છે બોમબે મેડીકલ કાઉનસીલ, કોલેજ ઓફ ફીઝીશીઅનસ એન્ડ સરજીયનસ, બોમબે પ્રેસીડનસી નરસીંગ એસોસીએશન, મયુનીસીપલ કારપોરેશન, લેજીસ્લેટીવ કાઉનસીલ અને બીજા કેળવણી ખાતાઓ તેમજ ધારમીક મંડલો સાથે ચાલુ સબંધ રાખી એવણે ઘણી કીમતી મદદો આપી છે એમની લગભગ પચાસ વરસની તબીબી સેવાઓનો લાયક બદલો એવણુને નાઇટ હુડનો ખેતાબ બક્ષીને આપવામા આવયો છે. સર ટેમુલજીએ આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો

મુંબઇની જાણીતી સેંત્રલ બેંકના મેનેજીંગ ડીરેકટર શેઠ સોરાબ એન પોચખાનાવાલા જુદા જુદા દેશાવરો ખાતે ફરવા ગયા હતા તે તકનો લાભ લઇ ત્યાના રહીશો તથા વેપારીઓ તરફથી એવણુના માનમા મેલાવડાઓ કરી સારૂ માનપાન આપવામાં આવયું હતુ મદરાસ ખાતે એવણુના માનમા એક મેલાવડો તા૦ ૧૦ મી સપટેમબર ૧૯૨૪ ને દીને દીવાન બહાદુર ગોવીંદદાસના પ્રમુખપણા હેઠળ કરી હીંદી વેપારીઓએ એક માનપત્ર એનાયત કીધુ હતુ વળી તા૦ ૩૦ મી અકટોબરે અમદાવાદ ખાતે શેઠ અરદેશર ડોશાભાઈ વાહાડયાએ એક એટ હોમનો મેલાવડો પોતાના બંગલામા કરી એવણુને માન આપ્યુ હતું તા૦ ૪ થી નવેમબરે કરાંચી ખાતેના ઝુલોજીકલ ગારડનમા તયાની હીંદી વેપારી કોમ તરફથી એક માનપત્ર આપવાનો મેલાવડો કરવામાં આવયો હતો તેમજ કાનપુર ખાતે તા૦ ૬ ઠી મે ૧૯૨૫ ને દીને ગારડન પારટીનો મેલાવડો કરી તયાંની વેપારી આલમે એવણુને એક માનપત્ર એનાયત કીધુ હતુ

શેઠ ફરામરોજ પેસતનજી શરાફ હાંગકાંગથી હમેશ માટે મુંબઈ રહેવા સારૂ આવવાથી એવણુના માનમાં સપટેમબર ૧૯૨૪ મા એક મેલાવડો તયાંના કાઉલુન ક્રીકેટ કલબના હોલમા કરી એક ચાંદીની ત્રે, રૂપાનો ટીસેટ અને ટાઇપ રાઇટર ભેટ આપવામા આવયો હતો અને બાઇ હીરાંબાઇ શરાફને સોનાનું રીસ્ટ વોચ ભેટ આપયું હતું

„ ચમારબાગ તરફ ૧૯૧૪ મા સ્થાપાયલી આખની હાસપીટાલ માટે મેરવાનજી દાદાભાઇ ચમારબાગવાલાએ પોતાનું મકાન ચોકસ સરતોએ વાપરવા આપવાથી એ મકાન રોજ ૧૧–૫–૧૨૯૨, તા. ૧૮–૧–૧૯૨૩ ને દીને ખુલ્લુ મુકી એ હાસપીટલનુ નામ "આઇમાય મેરવાનજી ચમારબાગવાલા ફ્રી આખની હાસપીટલ" રાખ્યુ છે

„ કીંગ જ્યોરજ ધી ફીફ્થ એનટીકયુબર કયુલોસીસ લીંગ–૧૯૧૨–એને લગતુ દવાખાનુ ૧૯૧૨ મા સર રતન તાતા અને બીજાઓની મદદથી પ્રીનસેસ સ્ટ્રીટમા ખુલ્લુ મુકાયલુ

ભાયખલા–ડા૦ હોરમજી માણેકજી માસીનાની હાસપીટાલ–કલેર રોડપર ૧૯૦૨ મા સથાપવામા આવેલી–તે પછી ભાયખલે સા સુસીવાલી ઇમારત વેચાતી લઈ તેમા હાસપીટલ ખુલ્લી મુકી તા૦ ૨૭–૪–૧૯૧૪

„ ઉપલી હાસપીટાલમા–સેપટીક વોરડ—ઉડના રોગના દરદીઓ માટે–૧૯૧૮

„ „ લેડી પીરોજબાઇ શાપુરજી ભરૂચા નરસીસ ત્રેનીંગ સ્કુલ અને હોમ–સર શાપુરજી બરજોરજી ભરૂચાએ સ્થાપી બંધાવેલુ—૧૨–૪–૧૯૨૧

„ ડા૦ જે એન બાહદુરજીવાલી પુવર મેન્સ આઇ કલીનીંગ યાને આંખની હારપીટલ–૧૯૦૮

ભીંડીબજાર—સર જમશેદજી જીજીભાઇ હાસપીટાલ—૧૮૪૫

„ ઉપલી હાસપીટાલમા–સર કાવસજી જાહાગીરવાલી આખની હાસપીટાલ–૧૮૬૬

„ „ ઉપલી આખની હાસપીટાલ સર કાવસજી જા બારોનેટે ફરીથી બધાવી–૧૯૧૧

„ „ રૂશતમજી જમશેદજી જીજીભાઇવાલી ફેફ઼ાડા દરદની હાસપીટાલ

„ „ સુવાવડની મોટલાબાઇ હાસપીટાલ—૧૮૯૨

„ „ સર દી મા પીટીટની બચાઓ અને ઓરતો માટેની હાસપીટાલ—૧૮૯૨

„ „ ફરામજી દીનશાહ પીટીટ લેબોરેટરી—૧૮૯૧

„ „ આવાબાઇ ભાવનગરી નરસીસ હોમ—૧૮૯૧

માટુંગા–રગતપીતીંઆઓ માટે જમશેદજી નસરવાનજી પીટીટ હાસપીટાલ વારડ—૧૮૯૪

માડવી–બમનજી આવમલેશ ઓબસનેત્રીક હાસપીટાલ સુવાવડખાનુ—૧૮૯૦

મેહેમ–મોટલાબાઇ જાહાગીર વાડીયાનુ દવાખાનુ

વાલકેસ્વર–બમનજી દીનશા પીટીટ પારસી જનરલ હાસપીટાલ—૧૯૧૨

„ ઉપલી હાસપીટાલમાં—ફરામજી હોરમજી વોરડનવાલો ઓપરેશન બ્લોક—૧૯૧૨

„ „ મોટલાંબાઇ જાહાગીર વાહડયાવાલો સ્ત્રીઓ માટેનો મુખ્ય બયોક—૧૯૧૨

„ „ પીરોજબાઇ નશરવાનજી જે વાહડયાવાલો સ્ત્રીઓ માટેનો મુખ્ય બ્લોક—૧૯૧૨

„ „ આવાબાઇ ફરામજી દીનશાહ પીટીટવાલુ સુવાવડખાનુ—૧૯૧૨

„ „ અરદેશર હોરમજી વાડયાવાલી આંખની હાસપીટાલ—૧૯૧૨

„ „ નવાજબાઈ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇની યાદમા બધાવેલો બાહેરના દરદીઓ માટેનો બ્લોક—૧૯૧૨

વેસાવા ખાતે-ઉપલી હાસપીટાલ માટે કોનવેલેશંટ હોમ તરીકે કાવસજી સોરાબજી બાટલીવાલાએ ભેટ આપેલા બે બંગલા. [બંધાવેલી-૧૯૧૪

વાંદરા-ખરશેદજી બેરામજી ભાભા હાસપીટાલ-જાલજી ખ ભાભાએ પોતાના ધણીના પુણ્ય માટે

- „ સર કાવસજી જાહાંગીરજી રેડીમનીનું દવાખાનુ -૧૮૭૬ (આ દવાખાનુ વાંદરામાં બીજે ઠેકાણે હતુ તે ૧૯૧૪ મા ભાભા હાસપીટાલ બંધાયા પછી ત્યા લઇ જવામા આવ્યુ છે.)
- „ કોનવેલેશંટ હોમ-શીરીનબાઇ મનચેરજી કામાએ સ્થાપેલું-૧૯૦૩
- „ એનુ બીજુ નવુ મકાન ઉગરાનાથી બંધાઈ ખુલ્લુ મુકાયુ તા૦૩-૧૦-૧૯૨૪ રોજ ૨૫-૧-૧૨૯૪.

દેશાવરો ખાતેના ધરમના દવાખાના.

અમદાવાદ-નવરોજી ડીસપેનસરી-સર નવરોજી પેશતનજી વકીલ—૧૯૦૦

- „ નવરોજી મેટરનીટી હાસપીટલ એંડ જનરલ હાસપીટાલ ફોર પારસીસ એંડ યુરોપીયન (સીવીલ હાસપીટાલમા) સર નવરોજી પેસતનજી વકીલે બંધાવેલી—૧૯૧૨
- „ આંખની હાસપીટાલ—સર નવરોજી પેશતનજી વકીલ—૧૯૦૦

અંદેરી-નશરવાનજી જાહાંગીરજી વાહાડયાવાલુ ધરમનુ દવાખાનુ—૧૮૯૯

આકોલા-ખા૦ સા૦ દાદાભાઇ રતનજી બલસારા ડીસપેનસરી-દાદાભાઇ રતનજી બલસારાએ બંધાવેલી—૧૯૧૪

ઉદવાડા-પારસી જરથોસ્તી અંજુમન ડીસપેનસરી-ઇ. સને ૧૮૬૪ મા ભાડેના મકાનમા સથાપેલી-પાછળથી ઇસવી સને ૧૯૨૦ મા નામ ફેરવીને માણેકજી કાવસજી દમણવાલા ધરમદા ડીસપેનસરી રાખ્યુ

- „ ઉપલી ડીસપેનસરીનુ મકાન-સર રતન તાતાના ટ્રસ્ટીઓએ રૂ૫૫૦૦૦ ના ખરચે બાંધી ખુલ્લુ મુકયુ તા૦ ૭-૫-૧૯૨૪ રોજ ૧-૯-૧૨૯૩

ઉમરગામ-નારગોલ-સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટનુ ધરમનુ દવાખાનુ

એડન-કાવશજી દીનશાજી ની " જરબાઇ ચેરીટેબલ ડીસપેનસરી "—૧૮૯૫

એરાવ-અરદેશર હોરમજી વાહડયાજીનું દવાખાનુ

એરૂગામ-(જલાલપુર તાલુકા નવસારી નજદીક)-હીરાબાઇ જાનવરોની હાસપીટલ-મોબેદ રૂશતમજી ખરશેદજી રસોઇયા તથા વલસાડાએ માતાજી હીરાબાઇના પુણ્ય માટે મુગા જાનવરો માટેનુ દવાખાનાનુ (વેટીનરી ડીસપેનસરીનુ) મકાન રૂ૫૦૦૦ ને ખરચે બંધાવી ખુલ્લુ મુકી સુરત લોકલ બોરડને સ્વાધીન કીધુ છે તા૦ ૨૦-૩-૧૯૨૪ રોજ ૧૩-૭ ૧૨૯૩.

કરજ-મોટલાબાઇ જાહાંગીર વાહાડયાવાલુ ધરમનુ દવાખાનુ—૧૯૦૦

કરાચી-લેડી ડફરીન હાસપીટલ એદલજી દીનશાહે બંધાવેલી—૧૮૯૮

- „ લેડી ડફરીન હાસપીટલમા-કાવસજી હોરમજી કાતરકવાલા સુવાવડખાનાનુ નામ ' વીરબાઇજી કાતરક મેટરનીટી વીંગ ' રાખ્યુ છે, એમા પારસીઓ માટે રાખેલા જુદા વારડને " વીરબાઇજી કાતરક પારસી વારડ " નામ આપયુ છે-૧૯૧૬
- „ કાંપ-એદલજી દીનશા શરાફવાલી એદલજી દી. ચેરીટેબલ ડીસપેનસરી—૧૮૮૨
- „ કેમારી-બચુબાઈ એદલજી દીનશાહ હાસપીટાલ—૧૮૮૭
- „ ડા૦ કેખશરૂ ડી૦ કટરાકટવાલું પારસી મેટરનીટી હોમ-સુવાવડખાનુ-૧૯૧૦ પાછળથી ગુલબાઇ નશરવાનજી મેહેતા પારસી મેટરનીટી હોમ થયુ-એનુ મકાન નશરવાનજી રૂસતમજી મેહતાએ ધણીઆણી ગુલબાઇની યાદમા બંધાવેલુ-૧૯૧૯

કરાંચી—બચુબાઇ નાદરશાહ એદલજી દીનશાહ નરસીસ ક્વાટર-ગુલબાઈ મેહેતા મેટરનીટી હોમને લગતુ-નાદરશાહ એદલજી દીનશાહે બેટી બચુબાઇ ફીરોઝ ભરૂચાના પુણ્ માટે બાધેલુ-૧૯૨૧

કવેટા—બરજોરજી દોરાબજી પટેલની ઓરતો માટેની હાસપીટાલ—૧૮૮૮

" મારકર વોડ-લેડી ડફરીન સેનડીમેન હાસપીટાલમા-અરદેશર હોશાભાઇ મારકરે માત પીતાની નઇયને બાધેલો—૧૯૧૭

કસાવલી-સુનાબાઇ ક્વાટર-પામમ્પુર ઇનસટીટયુટમા પારસીઓ માટે ડોશાભાઇ હોરમજી ફ્રટરાકટરે માતાજી સુનાબાઇની યાદમા બધાવેલો વોરડ—૧૯૨૦

કુડયાણા-મનચેરજી જમશેદજી પટેલવાલી "કુડયાણા ચેરીટેબલ ડીસપેનસરી"—૧૯૧૪

કાનપોર-જમશેદજી લાલાએ પોતના ધણીયાણીની યાદમા પ્રીન્સ ઓફ વેલ્સ હાસપીટલમા બધાવેલો મીસીસ નવાજબાઇ જમશેદજી લાલા આઉટ પેશટ વોરડ—૧૯૧૫

કુરલા-અમનજી હોરમજી વાહડીઆએ ય સ ૧૨૨૫ મા સ્થાપેલુ દવાખાનુ

કોલબો-જમશેદજી રૂસતમજી બીલીમોરીયાના ધણીઆણીએ લેડી રીજવે મેમોરીયલ હાસપીટાલમા બધાવેલો ' મીસીસ રૂશતમજી વોરડ '—૧૯૦૯

ખદાલા-નવરોજી નશરવાનજી વાહાડીઆનુ ધરમનુ દવાખાનુ—૧૮૯૬

ખેરગામ-નશરવાનજી માણેકજી પીટીટનુ દવાખાનુ

ગનદેવી-સર કાવશજી જાહાગીર નાઇટવાલુ દવાખાનુ

ચીખલી-સર દીનશાજી માણેકજી પીટીટનુ દવાખાનુ

જમશેદપોર-(નવસારી નજદીક) જાહેર ઉગરાનાથી સ્થાપેલી હડસન ડીસપેનસરી અને સોરાબજી બરજોરજી ગારડા હાસપીટલ-હાસપીટલનાપુરૂશોના વોરડને "એદલજી બરજોરજી મુલ્લા વોરડ" અને બઇરાઓના વોરડને "બેરામજી નશરવાનજી સીરવાઇ વોડ" નામ આપ્યુ

તવડી-નમા વાહાડીયાની ઇસ્ટેટના તરસીઓએ સ્થાપેલુ ધરમનુ દવાખાનુ—૧૯૧૧[૧૯૧૮

તારાપોર-સર દીનશાહજી માણેકજી પીટીટની સાકરબાઇ ડીસપેનસરી

થાણા-ખ શેદજી રૂશતમજી વાહાડીયાને નામનુ દવાખાનુ—૧૮૬૫

" દીવેચા મેટરનીટી હોમ-સુવાવડખાનુ-દીવેચાએ મકાન બધાવી સરકાર હસ્તક સોપી ખુલ્લુ મુકયુ તા૦ ૧૧ ૭-૧૯૨૪ રોજ ૬-૧૧-૧૨૯૪

દીલ્હી-સોનામજી પેસતનજી શગફે ભાડેના મકાનમા ઉઘાડેલી આખની હાસપીટલ—૧૯૧૪

દેવલાલી-નવરોજી એન વાહડીના ડીસપેનસરી બહાદુરજી સેનેટરીયમમા-જરબાઇ નવરોજી નશરવાનજી વાહાડયાએ પોતાના ધણીના પુણ્ માટે—૧૯૧૦

" ઓપરેશન થીએટર-દેવનાની કેનટોનમેટ હાસપીટલમા નશરવાનજી શાપુરજી મોગરેલીયાએ ધણીયાણી આવાંબાઇની યાદમા-૨૭ ૫-૧૯૨૨

નવસારી-સર જમશેદજી જીજીભાઈ પહેલા બારોનેટની વીકટોરીઆ ડીસપેનસરી

" મેરવાનજી નાનાભાઇ મેહેતાનુ દોરાબજી નાનાભાઇ મેહેતા પારસી સુવાવડખાનુ—૧૯૧૨

" એનુ મકાન-મેરવાનજી નાનાભાઇ મહેતાએ બાધેલુ—૧૯૧૫

" રતનજી પૂરામજી દાબુ નવસારી પારસી જનરલ હાસપીટલ—૧૯૧૩

" એનુ મકાન-રતનબાઇ બરજોરજી પાલનજી મુલ્લા બીલ્ડીંગ—૧૯૧૩

" એનુ બીજુ મકાન-શીરવાઇ બીલ્ડીંગ-હોશીબાઇ આ કોટવાને બધાવેલું ૧૧-૧ ૧૯૨૧

" પીરોજબાઇ કાવશજી ખરશેદજી મોદીનુ ધરમનુ દવાખાનુ-રૂશતમજી કાવશજી મોદીએ માતાજી પીરોજબાઇની યાદમા સ્થાપી ખુલ્લુ મુકયું તા૦ ૨૬-૪-૧૯૨૫ રોજ ૨૦-૮-૧૨૯૪.

નવસારી-બમનજી અસપંદયારજી દસ્તુરની કુંપનીએ મરકીના દરદીઓને માટે સ્થાપેલુ ધરમતું દવાખાનું—૧૯૦૦

નાગપોર-સર બેજનજી દાદાભાઇ મેહેતાએ ધણીઆણી પીરોજબાઇની યાદમાં મ્યુર મેમોરીયલ હાસપીટલમા બંધાવેલુ મેટર્નીટી વોરડ-સુવાવડખાનુ—૧૯૧૨

„ નાગપોરની મ્યુર હાસપીટલ સારૂ બહારના દરદીઓ માટેનુ મકાન-સર રતન તાતા ચેરીટીઝના ટ્રસટીઓએ રૂ૩૦૦૦૦ ને ખરચે બંધાવી ખુલ્લુ મુકયું-તા૦ ૨૪-૭-૧૯૨૪ રોજ ૧૯-૧૧-૧૨૯૩.

નારગોલ-નશરવાનજી રતનજી તાતા નારગોલ ચેરીટેબલ ડીસપેનસરી-રતનજી જમશેદજી તાતાએ બપાવાની યાદમા સ્થાપેલી—૧૯૧૩ એનુ મકાન ઉગરાનાથી બંધાયુ—૧૮૧૮

નાશક-સર દીનશાહ માણેકજી પીટીટ જાનવરોની હાસપીટાલ—૧૮૯૫

નીમચ-કાવસજી જીવણજી કંટ્રાકટરનુ દવાખાનું—૧૮૮૮

પંચગની-બેલ-એર-સેનેટરીયમ-પુણામા ૧૯૧૨ મા પડેલા ડા૦ રૂસતમજી બમનજી બીલીમોરીયાએ સ્થાપેલુ-તે પછી ૧૯૧૪ ના નવેમબરમા સર દોરાબ જમશેદજી તાતાએ પંચગની ખાતે ભેટ આપેલી મોટી જમીન અને બે બંગલાઓમા ઉગાડેલું—એ પછી બીજા બલાકો જુદા જુદા સખી ગ્રહસ્થો તથા બાનુઓ તરફથી બાધવામા આવ્યા છે

„ રેક્રીએશન હોલ-ઉપલી સેનેટરીયમમા-બાનુબાઇ કોમીસરીએટવાળાએ બાધેલો ૧૧-૫-૧૯૨૧

„ એડમીનીસ્ટ્રેટીવ બ્લોક-ઉપલી સેનેટરીયમમા-શાપુરજી તથા રૂશતમજી બમનજી બીલીમોરીયા અને કુટુંબે બમનજી જમશેદજી બીલીમોરીયાની યાદમા બાધેલો-૨૬-૨-૧૯૨૨

પુણા-મેરબાઇ સોરાબજી પદમજીવાળો પુણાની સાસુન હાસપીટાલમા સુવાવડનો વારડ—૧૯૦૨

„ ડોશીબાઇ શેરીયારજી ખેસવાળા પારસી વોરડ—સુવાવડખાનાનો બલોક-સાસુન હાસપીટલમા ટેમુલજી સોરાબજી અંકલેસરીયા કંટ્રાકટરે બેઠી ડોશીબાઇ શેરીયારજી ખેસવાલાના પુણ્ય માટે પારસીઓ સારૂ બંધાવેલો સુવાવડખાનાનો જુદો બ્લોક ખુલ્લો મુકાયો તા૦ ૩૧-૩-૧૯૨૪ રોજ ૨૪-૭-૧૨૯૩

„ સ્કોટલેંડ મીશનના યુનાઇટેડ ફ્રી ચરચ હસ્તકની એન એમ વાડીઆ હાસપીટાલ-૧૯૧૨

„ સર દીનશાજી માણેકજી પીટીટ પુણા કેનટોનમેન્ટ ચેરીટેબલ ડીસપેનસરીનુ મકાન—૧૮૯૪

„ રગતપીટયાઓના આશરમ-સ્થાનમા અરદેશર હોરમજી વાડયા લેપર એસાયલમનો [વારડ—૧૯૦૯

„ શુકરવાર પેટમા-પેસતનજી સોરાબજીનુ દવાખાનુ

બદનેરા-જાહાગીર હોરમજી મોદીનુ દવાખાનુ—૧૮૯૬

બેંગલોર-લેડી કરઝન હાસપીટાલને લગતુ મુબઇવાલા ડા૦ બેહેરામજી નવરોજી દારાબશેઠના ધણીઆણી આવાબાઇના નામનુ ઓરતો અને બાળકો માટેનુ દવાખાનુ—૧૯૦૫

ભરૂચ-સોરાબજી જમશેદજી જીજીભાઇવાલી સીવીલ હાસપીટાલ—૧૮૭૨ [વારડ—૧૯૧૩

„ મનચેરશાહ સોરાબજી વખારીયાએ બાવા સોરાબજીની નધયતે પારસીઓ માટે બંધાવેલો

„ સુનાબાઇ ખરશેદજી દલાલ પારસી મેટરની હોમ-સુવાવડખાનુ-ખરશેદજી અરદેશર દલાલે બેઠી સુનાબાઇની યાદમા ભાડેના મકાનમા સ્થાપેલુ-૨૪-૧૦-૧૯૧૭ એનુ નવુ મકાન અંજુમનના ખર્ચે ખુલ્લુ મુકાયુ રોજ ૧૫-૨-૧૨૯૨—તા ૨૪-૧૦-૧૯૨૨

„ લેડી પીરોજબાઇ શા. ભરૂચા મેટરનીટી હામીપીટલ અને દીનશાહ ફરદુનજી ઓપરેશન બલોક-ઝનાના મીસન હાસપીટલમા—૧૯૧૯

બીમરડી-ગુલબાઇ દીનશાજી માણેકજી પીટીટ ડીસપેનસરી

માથેરાન-બેરામજી જીજીભાઇ હાસપીટાલ-બેરામજી જીજીભાઈ ટરસ્ટ ફંડમાથી બાધી—૧૯૦૨

માથેરાન—કોનવેલેસંટ હોમ—લેડી રતન તાતાએ ભેટ આપેલો હોમસતેડનો બંગલો અને સર રતન તાતા ચેરીટીઝના ટરસ્ટીઓએ નીભાવ માટે રૂ૨૫૦૦૦૦ ની ૫) ટકાની લોન આપી ખુલ્લુ મુકાયું તા૦ ૨૧-૫-૧૯૨૧ રોજ ૨૮-૮-૧૨૯૦

મુરબાડ-જીલ્લા થાણા—સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટનુ ધરમનુ દવાખાનું

મઉ-દોરાબજી પેસતનજી પુણેવાલાનુ દવાખાનું—૧૮૭૦

મીરજ—જાહાગીર દી મુગાશેઠ બલોક-મીશન ખાતાની પ્રેસબીટેરીયન હાસપીટલને લગતો સરવે કોમ માટે-કલીકતવાલા જાહાગીર દી મુગાશેઠની યાદમા એવણના ધણીયાણી તથા કુટુંબે બાધેલો—૧૯૧૬

મેહબુદાબાદ-બેરામજી જીજીભાઈવાલી માણેકબાઇ ડીસપેનસરી

યઝદ-ઈરાન-સર રતન તાતા મેડીકલ એંડ સરજીકલ હોલ-સર રતન તાતા ચેરીટીઝના ટરસ્ટીઓ—રોજ ૯-૩-૧૨૯૨ તા૦ ૧૭-૧૧-૧૯૨૨—એને લગતું ધરમદા દવાખાનુ દીનાબાય ફ્રાનસજી એરચજી દેશાઇ ગોડબલાળાના પુણ માટે બેશીઓએ સ્થાપેલુ તા૦ ૪-૫-૧૯૨૩

યરોડા-દીવાનશાળામા દીનબાઇ નશરવાનજી પીટીટવાલો પારસી દીવાનાઓ માટેનો વારડ-૧૯૧૩

રતનાગીરી-સર દીનશાજી માણેકજી પીટીટવાલી રગતપીતની હાસપીટાલ—૧૮૭૫

રૂસ્તમપુરા-પંચમહાલ જીલ્લા-અરદેશર રૂશતમજી દલાલનુ ધરમદા દવાખાનુ—સરદાર બમનજી અરદેશર દલાલે પોતાના પીતાના પુણ માટે—૧૯૧૨

વડોદરા—ડાકટર રૂશતમજી નાણાવટી ડીસપેનસરી—૧૮૮૫

વલસાડ-સર દીનશાજી માણેકજી પીટીટનુ દવાખાનુ —૧૮૭૨

,, મેટરનીટી ઇનસટીટયુટ-સુવાવડખાનુ ૧૯૦૭મા સ્થાપેલુ-એનુ મકાન કાવસજી ધનજી ભાઇ ધનભુરાએ બંધાવેલુ-૧૯૧૬—એ મકાનની ઉતર તરફની વીંગ કાવસજી ધ ધનભુરાએ બંધાવી—૧૯૨૦

,, માણેકજી ધ ધનભુરા વેટરીનરી હાસપીટાલ ૧૯૦૯મા સ્થાપી-એનુ મકાન મા ધ. ધનભુરાએ બંધાવેલુ —૧૯૧૫

,, આખની હાસપીટલ-દાદાભાઇ રતનજી બલસારાએ સ્થાપેલી—૧-૭-૧૯૨૦

વસાઈ-સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનુ—૧૮૮૬

વાડા-જીલ્લા થાણા-જમશેદજી નશરવાનજી પીટીટનુ ધરમનુ દવાખાનુ.

સરોડા-ધનબાઇ જીવણજી ભીલાડવાલાએ દીકરા મનચેરશાહની યાદમા સ્થાપેલી હાસપીટાલ—૧૯૧૯

સાદરા-જમશેદજી નશરવાનજી પીટીટવાલો સાદરા હાસપીટલનો ઓરતો માટેનો વોરડ

સાનટાક્રૂઝ-આવાબાઇ નાનાભાઇ જમુજીનુ ડીસપેનસરીનુ મકાન—૧૯૦૬

સીકંદરાબાદ-(દખન)-પીરોજબાઇ ચેરીટેબલ ડીશપેનસરી—૧૮૯૨

,, મીઠીબાઇ શાપુરજી ચીનાઇ ચેરીટેબલ ડીસપેનસરી [બે વારડો—૧૯૦૪.

,, દશતુર એદલજી બમનજી ડેપ્યુટી કલેકટરની યાદગીરીમા શીવીલ હાસપીટાલમા બાધેલા

,, બમનજી ચીનાઇ ચેરીટેબલ ડીસપેનસરી-બમનજી ન ચીનાઇની ઇસ્ટેટમાથી ડોશાભાઇ નશરવાનજી ચીનાઇએ બંધાવેલુ મકાન—૧૯૧૪

,, જાહાંગીર જમશેદજી ચીનાઈએ પોતાના માતાજીને નામે સરવે કોમ માટે બંધાવેલુ ધરમદા દવાખાનુ ખુલ્લુ કુક્યુ તા૦ ૯-૧૧-૧૯૨૩ રોજ ૧-૩-૧૨૯૩

સીગનપોર-સુરત જીલ્લા-ઉગરાતનુ ધરમાદા દવાખાનુ-એદલજી કુવરજી પટેલના ફુલવાડીના બગલામા ઉઘાડેલુ-૧-૨-૧૯૨૧

સુરત—વાકી બોરડી—ડાકટર બેરામજી પેસતનજી ચેરીટેબલ ડીસપેનસરી—૧૯૦૮

,, ખરશેદજી ફરદુનજી પારખવાળી પારખ ચેરીટેબલ ડીસપેનસરી—૧૮૬૫

સુરત-સર કાવસજી જાહાગીર નાઇટ સી એસ. આઇ. વાલી મોટી હાસપીટાલ*—૧૮૬૪
,, એજ ઠેકાણે-આલીબાઇ જાહાગીર પટેલવાલી પટેલ ઓપરેશન થીએટર—૧૯૦૮
, ડા૦ કેખશરૂ કુવરજી બાલીવાલાની આંખની ખાનગી હાસપીટાલ*—૧૯૧૪
,, રૂશતમજી ધનજીભાઇ તારાચંદ પારસી જનરલ હાસપીટાલ-કાવસજી અને પેસતનજી ધનજીભાઇ તારાચંદે તથા એઓના બેહન રતનબાઈ સોરાબજી કાટપીટીઆએ મલી હાસપીટલ સ્થાપી બંધાવેલું મકાન—૧૯૨૦
,, ગુલબાઇ નશરવાનજી મહેતા પારસી સુવાવડખાનું—નશરવાનજી રૂશતમજી મેહતાએ ધણીયાણી ગુલબાઇના પુણ્ય માટે બંધાવેલું—૧૯૨૦
,, લેડી ડાકટરોને રહેવાનું મકાન-ઉપલી તારાચંદ હાસપીટલ તથા ગુલબાઇ સુવાવડખાના માટે પેસતનજી રતનજી કંત્રાકટર (ઇલાવવાલા) એ ધણીયાણી આઇમાયની યાદમાં ભેટ આપેલું તા૦ ૯-૬-૧૯૨૧
,, નરસોને રહેવાનું મકાન-ઉપલી તારાચંદ હાસપીટલ તથા ગુલબાઇ સુવાવડખાના માટે ડા૦ બરજોરજી બેરામજીએ ધણીયાણી ગુલબાઈના પુણ્ય માટે તા૦ ૨૫-૧-૧૯૨૦
,, નરસોનું રહેવાનું મકાન-ઉપલી તારાચંદ હાસપીટલ તથા ગુલબાઇ સુવાવડખાના માટે નવરોજી બમનજી વકીલે મરહુમ તાજી મોતીબાઇના પુણ્ય માટે તા૦ ૨૫-૧-૧૯૨૦
સુનાલી-સુરત જીલ્લા-ધરમનું દવાખાનું-સર ધનજીભાઇ બમનજી—૧૯૨૦
શેહેંગાઇ- શાનતુંગ રોડની ચીનાઓની હાસપીટાલમાં ડા૦ કાવસ લાલકાકાની યાદગીરી માટે ઉઘાડેલા ફંડમાંથી બંધાયના વારડો—૧૯૧૧
હૈદરાબાદ-સીંધ- સર કાવસજી જાહાગીર લ્યુનાટીકસ એસાયલમ-૧૮૭૧

જરથોસ્તીઓએ સ્થાપેલા ધરમના દવાખાનાની વીગત.

---

(૧) કોટના પારસી સુવાવડખાનાની સઘળી જામીનગીરીઓ અને ઇમારત તા૦ ૨૫ મી જુન ૧૯૨૪ ને દીને મુંબઈની પારસી પંચાયતના ટ્રસ્ટીઓના નામપર કરી આપવામાં આવી છે ડા૦ સર તેમુલજી નરીમાને પોતાની મહેનતથી ચાર લાખ રૂપીઆનું ફંડ ભેગું કર્યું છે, અને એ ફંડ તથા સુવાવડખાનાની બીલ્ડીંગ જેના એવણે ટ્રસ્ટી તરીકે સારી સેવા વરસો સુધી બજાવી છે તે સઘળું ટ્રસ્ટ ડીડની શરત મુજબ ટ્રાનસફર કરવા સારૂ હાઈ કોરટ તરફનો બહાલી મેળવી હતી અને મજકુર બીલ્ડીંગની જગ્યાનું અસલ લખત સેક્રેટરી ઓફ સ્ટેટ સાથે થયલું હોવાથી તેની તરફથી નક્કી થવા પછી ટ્રાનસફર મુંબઈની પારસી પંચાયતના ટ્રસ્ટીઓને કરી આપ્યું છે, આથી સુવાવડખાનાની બીલ્ડીંગ તથા ફંડનો લાભ પારસી કોમને જાવેદાન સુધી મળતો રહેશે અને સુવાવડખાતનો વહીવટ જેમ ચાલે છે તેમજ ચાલતો રહી તેના તમીઝો જેમ છે તેમજ રહેશે સુવાવડખાનામાં લેવામાં આવતી ફી ઉપરાંત જો ખરચમાં ઘટ પડશે તો ટ્રસ્ટીઓ દર છ મહીને જામીનગીરીના વીઆજમાંથી પુરી પાડશે

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમના કેળવણીખાતાં.

મુબઇ મધેનાં કેળવણીખાતાં.

કાંદાવાલા મોહલ્લો—મેરવાનજી માણેકજી શેઠનાની જરથોશની છોકરીઓની નીશાળ—૧૮૭૧
કોટમા—અલેકઝાનદ્રા નેટીવ ગરલસ ઇગ્લીશ ઇનસ્ટીટયુશન—૧૮૬૩
,, સર કાવસજી જાહાગીર એલફીનસ્ટન કોલેજ બોર્ડીંગ—૧૮૭૯
,, સર કાવસજી જાહાગીર "એમબે યુનીવરસીટી હોલ"
,, સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુશન—૧૮૪૯
,, જરથોશતી છોકરીઓની નીશાળ—ભીખાઇજી સોરાબજી બંગાલીવાલી બીલડીંગમા—૧૮૮૫ એજ મંડલીની ચંદનવાડી પ્રીન્સેસ સ્ટ્રીટની બીજી નીશાળનુ મકાન—માણેકબાઇ નવરોજી ગામડયા ગરલસ સ્કુલ—નવરોજી જાહાગીર ગામડયાએ ધણીયાણી માણેકબાઇની યાદમા—૧૯૧૭
,, જીજીભાઈ દાદાભાઇવાલી જદ અવસ્તા મદરેશા
,, મુલ્લાફીરોજ મદરેસા—દાદીશેઠની દરેહમેહેરમા ૧૮૫૪ મા સ્થાપેલી તે કે આર. કામા ઓરીયનટલ ઇનસ્ટીટયુટ સાથે જોડાઇ છે—સુખડનાના બીલડીંગમા ૧૮-૧૨-૧૯૧૬
,, ફોરટ ઝોરાસ્ત્રીયન ગરલસ સ્કુલ અને બજારગેટ બોયઝ સ્કુલને સર શાપુરજી ભરૂચાની હેશાનની યાદમા જુન ૧૯૨૨ થી સર શાપુરજી બી ભરૂચા બોયઝ એન્ડ ગરલસ સ્કુલસ નામ આપ્યુ છે
કોલાબ—દાદી ફ્રામરોજ ગેલવાલા તરફથી બાધવામા આવેનુ સ્વીમાગ બાથનુ મકાન
ખેતવાડી—સર કાવસજી જાહાગીરની છોકરીઓની નીશાળ
,, જમશેદજી નશરવાનજી પીટીટ કશરતશાળા—૧૮૭૮
,, જીજીભાઇ દાદાભાઇવાલી અગરેજી તથા ગુજરાતી જદ શાળાઓ
,, ફ્રામજી નશરવાનજીવાલી અંગરેજી તથા ગુજરાતી સ્કુલ—૧૮૫૫
ચંદનવાડી—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બેરોનેટની યાદગારીને શારૂ ઉભી થયલી જદ પેહેલવી મદરેસા—૧૮૬૩
,, જરથોસતી કોમના નામ સાચવનારી મંડળી હસતકના ઇંડસટરીયલ ઇનસટીટયુટ કલાશો—૧૯૧૫
ચૈરનીરોડના સટેશન સામે—બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસ્ટીટયુશન—૧૮૯૧
દાદર—માટુંગા—પારસી હાઉસીંગ સોસાયટી વાલા પારસી કોલોનીમા પ્રથમીક શાળા—નશરવાનજી જાહાગીર વાડીઆના ધરમખાતામાથી સ્થાપેલી તા ૧૬-૬-૧૯૨૪ રોજ ૧૧-૧૦-૧૨૯૩
,, પારસી હાઉસીંગ સોસાયટીવાલા પારસી કોલોનીમા અથોરનાન બોરડીંગ મદરેસા—અથોરનાન મંડળ તરફથી પરેલ ગોલનજી હીલ ઉપર તા ૯ ૧૧-૧૯૧૯ મા ભાડેના મકાનમા સ્થાપેલી તે તા૦ ૨૧-૪-૧૯૨૪ ને દીને દાદરના પારસી કોલોનીમાં લઇ ગયા છે.
,, ઉપલી મદરેસાનું મકાન—ધુનાબાઇ પેસતનજી હકીમજી અથોરનાન મદરેસા બીલડીંગ—ધનબાઇ પેસતનજી હકીમજીએ માતાજી ધુનાબાઇના ગુણ માટે બાધી ખુલ્લુ મુકયુ તા ૨૧-૪-૧૯૨૨ રોજ ૧૫-૮-૧૨૯૩
તારદેવ—ગીલડર સ્ટ્રીટ—રતનબાઇ ફ્રામજી પાડે ગરલસ હાઇ સ્કુલ—ગરીબ જરથોસ્તીઓના રેહેઠાણો તરફ

તારદેવ–ગીલડર લેન–ચીકલવાડી–ફ્રેરટ ઇનફન્ટ સ્કુલ–નશરવાનજી મનચેરજી કામાએ કોટમાં ૧૮૫૦ મા સ્થાપેલી તે તા૦ ૧ લી જુન ૧૯૨૨ થી ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીની ચાલીઓના કંપાઉડમાં લઈ ગયા છે

પરેલ–જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ—૧૮૮૮

મરીનલાઇનસ સ્ટેશન સામે–પારસી જીમખાનુ

મરીનલાઈનસ સ્ટેશન સામે–કેનેડી સી ફેસ ઉપર–નશરવાનજી જાહાગીર વાડયા ગરાંટ મેડીકલ કાલેજ જીમખાના પેવેલીયન–ન જા. વાહાડયાના ચેરીટીના ટ્રસ્ટીઓએ બંધાવેલો ૧૭–૨–૧૯૨૧

મેદાન–સર જમસેદજી જીજીભાઇ સ્કુલ આફ આરટસ એંડ ઇનડસ્ત્રી—૧૮૫૭

,, સર દીનશાહ માણેકજી પીટીટનુ ધાતુકામને લગતી કેલવણી આપવાનુ ખાતુ

,, સર દીનશાહ માણેકજી પીટીટ જીમનેસટીક ઈનસટીટયુશન–કશરતશાળા—૧૮૯૧

વાદરા–આવાબાઇ ફરામજી પીટીટ પારસી ગરલસ ઓરફનેજ—૧૯૧૩

દેશાવરો ખાતેના ધરમનાં કેળવણીખાતાં.

અંદેરી–ગોરબંદર રોડ–મનચેરજી ફરામજી કામા અથોરનાન ઇનસ્ટીટયુટ (ભાડેના મકાનમા)—મેરવાનજી મનચેરજી ફરામજી કામાએ બાવા મનચેરજીની યાદમા પચીસ લાખનુ તરસ્ટ કરી સ્થાપેલુ—રોજ ૯–૧૧–૧૨૯૨, તા૦ ૧૫–૭–૧૯૨૩

,, અંદેરીની નીશાળનુ મકાન–દોરાબજી હોશંગજી અને તેમના ચીરજીવી

અમદાવાદ–પારસી જીમખાનાનુ મકાન—૧૯૦૬

,, બેરામજી જીજીભાઇ અમદાવાદ મેડીકલ સ્કુલ

ઇગતપુર–માણેકબાઇ ડોસાભાઇ ઉમરીગર પારસી બોયઝ એંડ ગરલસ સ્કુલ–ડોશાભાઇ રૂશતમજી ઉમરીગરે પોતાના ધણીયાણી માણેકબાઇના પુણ્ય માટે બંધાવેલુ સ્કુલનુ મકાન—૧૯૧૦

,, રતનબાઇ રૂશતમજી ઉમરીગર એંગલો વરનાકયુલર મરાઠી બોયઝ એનડ ગરલસ સ્કુલ–ડોસાભાઇ રૂશતમજી ઉમરીગરે પોતાના માતાજી રતનબાઇના પુણ્ય માટે સ્થાપેલી–૧૯૧૭

ઇંદોર–જમશેદજી નશરવાનજી પીટીટ ઝોરાસ્ત્રીયન એલીમેનટરી સ્કુલ—૧૮૯૪

ઉદવાડા–જીજીબાઈ દાદાભાઇના ધરમખાતામાથી સ્થાપેલી એંગલો વરનાકયુલર સ્કુલ–૧૯૦૬—પાછળથી એ ધરમખાતામાથી હાઇસ્કુલ બનાવી અને નવુ મકાન ૧૯૧૭ મા બાંધ્યું છે

,, સોરાબજી માણેકજી દમણવાલા મદરેસ–ભાડેના મકાનમા સ્થાપી ખુલ્લી મુકાઇ તા૦ ૩–૫–૧૯૨૫ રોજ ૨૭–૮–૧૨૯૪

,, ઉદવાડા અથોરનાન ઝંદ અવસ્તા સ્કુલ–અથોરનાન બાનકોને મોબેદી કેળવણી આપવા ભાડેના મકાનમા ઉગાડી છે તા૦ ૧૫–૪–૧૯૨૪ રોજ ૮–૪–૧૨૯૪

,, બેરામશાહ પેસતનજી જીણાભાઇ કુમાના નીશાળ–પેસતનજી જીણાભાઈ કુમાનાએ સરકારી સ્કુલનું બંધાવેલુ મકાન—૧૯૧૮

ઉમરા–જીલ્લા સુરત–રૂસ્તમજી જમશેદજી ઉમરીગર ગુજરાતી શાળા–ધનજીશાહ રૂશતમજી ઉમરીગરે પોતાના પીતા રૂશતમજીના નામથી ગુજરાતી નીશાળ માટે બંધાવેલુ મકાન—૧૯૧૨

એડન–એંગલો વરનેકયુલર સ્કુલ–સર હોરમજી કાવસજી દીનશા એડનવાલાએ સ્થાપેલી

એડીનબરો–શાપુરજી બરજોરજી ભરૂચાએ પારસી યુનીયન માટે બંધાવેલુ ભરૂચા હાઉસ—૧૯૦૫

કચ્છ–ભુજ–પેસતનજી સોરાબજી ભુજવાલાએ બંધાવેલુ કોરેનેશન સ્કુલનુ મકાન—૧૯૦૩

કટની–જબલપોર જીલ્લા–ટેમુરસ કાવસજી બજાએ અંજુમને ઇસલામ માટે બંધાવેલું મકાન—૧૯૨૦

કરાચી–કાવસજી હોરમજી કાતરક સ્વીમીંગ બાથ—૧૯૦૫

કરાંચી–પારસી વીરબાઇજી એંગલો વરનાક્યુલર સ્કુલ–શાપુરજી હોરમજી સોપારીવાલાએ ૧૮૫૯મા છોકરા તથા છોકરીઓ માટે સ્થાપીઅને ધણીયાણી વીરબાઇજીના પુણ્ય માટે પોતાનુ મકાન ૧૮૭૦ મા ભેટ આપયુ પાછળથી એનુ મોટુ મકાન ૧૯૦૫ મા શાપુરજી સોપારીવાલાના બેટાઓ તથા બીજાઓની સખાવતથી બધાયલુ—૧૯૧૮ મા પારસી વીરબાઇજી એંગલો વરનાક્યુલર બોયઝ સ્કુલ થઇ અને છોકરીઓની સ્કુલ એ મકાનમા જુદી પાડી તે પછી જુન ૧૯૧૯ મા છોકરીઓની સ્કુલ ભાડેના મકાનમાં લઇ ગયા ૧૯૨૨ મા સોપારીવાલા કુટુબે બે લાખ રૂપ્યા આપવાથી વીરબાઇજી સોપારીવાળા પારસી હાઇ સ્કુલ થઇ એ મકાનનો બીજો માલ જમશેદજી શાપુરજી સોપારીવાલાએ અને ખરશેદજી શા. સોપારીવાલાના બેટાઓએ બધાવી ખુલ્લો મુકયો તા૦ ૧૧–૧૧–૧૯૨૩ રોજ ૩–૩–૧૨૯૩.

„ મામા પારસી ગરલસ હાઇ સ્કુલ—અરદેશર હોરમજી મામાની સખાવતથી અને નવરોજી એન. પોચાજીની ડરેટમાથી તા૦ ૧–૪–૧૯૧૮ ને દીને સ્થાપેલી

„ મ્યુનીસીપાલીટીની સ્કુલની બજાવેલી સેવાની યાદમા તેનુ નામ "પેસતનજી બેરામજી કોટવાલ સ્કુલ" રાખ્યુ—૧૯૦૮

કવેટા–બરજોરજી દેરાબજી પટેલવાલી સાનડીમેન ગરલસ સ્કુલ.

„ અરદેશર ડોસાભાઇ મારકર પારસી સ્કુલ—૧૯૦૪

„ બરજોરજી દોરાબજી પટેલે યગમેનસ ઝોરાસ્ત્રીયન એસોશીએસનને લગતી બધાવેલી "ટેનીસ કોરટ"—૧૯૧૩

કારવાર–કુવરબાઇ દાદાભાઇ વલસાડવાલા કન્યાશાળા–દાદાભાઇ રતનજી વલસાડાએ પોતાના ધણીઆણીના નામની બધાવેલી મ્યુનીસીપાલીટીની શાળાનુ મકાન—૧૯૧૧

કોલબો–"ફરામજી ભીખાજી ખાન પેવીલીયન" મનચેરજી ફરામજી ખાને કોલબો કોલટ્ર ક્રીકેટ કલબ માટે બધાવેલો—૧૯૦૨

„ "ફરામજી ભીખાજી ખાન આશરમ સ્થાન" મનચેરજી ફરામજી ખાને જાનવરો માટે બધાવેલુ—૧૯૦૯

ખેરગામ–રતનબાઇ કન્યાશાળા–જાહાગીર શાપુરજી ગઝદરે પોતાના માતાજીના નામથી બધાવેલી સરકારી શાળાનુ મકાન—૧૯૧૦

ગણદેવી—સર કાવસજી રેડીમની ગણદેવી હાઇ સ્કુલ—૧૮૬૪

„ સર જમશેદજી જીજીભાઇ પારસી છોકરા છોકરીઓની ગુજરાતી નીંશાળો માટેનુ ભીખાઇજી કાવસજી છાપખાનાવાળાનું મકાન—૧૯૧૨

ગવીયર ગામ-સચીન સ્ટેટ–એદલજી કુવરજી પટેલે નીશાળ માટે બધાવેલુ મકાન–૧૯૨૩

ચીખલી–દાદાભાઇ એદલજી ધટાલીયા કન્યાશાળા–દીનશાહ દાદાભાઇ ધટાલીયાએ બાવા દાદાભાઇની યાદમાં બધાવેલુ કન્યાશાળાનુ મકાન ખુલ્લુ મુકાયુ–તા૦ ૨૫–૫–૧૯૨૪ રોજ ૧૯–૯–૧૨૯૩

જાહાબોરડી–૧૯૧૮ મા સ્થાપાયલી અત્યજ વરગના છોકરાઓની સ્કુલનુ મકાન-ગુસતાદજી ડોસાભાઇ બીલીમોરીયાએ બંધાવેલુ–૧–૧–૧૯૨૨

„ ગોખલે એજ્યુકેશન સોસાયટી હસ્તક બોરડીમાં ચાલતી સ્કુલનું મકાન–સુનાબાઇ પેસ્તનજી હકીમજી હાઇ સ્કુલ બીલડીગ–ધનબાઇ પી. હકીમજીએ માતાજીને નામે બધાવી ખુલ્લુ મુકયુ તા૦ ૧૬–૩–૧૯૨૪ રોજ ૯–૭–૧૨૯૩.

જહાંસી-જાહાસી ઝોરાસ્ત્રીયન બોયઝ એડ ગરલસ સ્કુલ—૨૧–૯–૧૯૧૭

તેહરાન–ઇરાનમાં કન્યાશાળાનુ મકાન–જરબાઈ સોરાબજી ખંબાતા અને સુનાબાઇ જાહાગીર કદેલીએ પોતાના ભાઈ એરચસા રતનજી દુબાશના પુણ્ય માટે બંધાવેલું—૧૯૧૪

થાણા-બેહરામજી જીજીભાઇ થાના હાઈ સ્કુલ—૧૮૮૦

દરબાન-આફ્રીકાના દરબાન ખાતે શેવર ઉમગેનીમા હીંદી બાળકો માટે ઉઘાડેલી પારસી રૂશતમજી આસ્પ્નેજ અને એજ ઠેકાણે એમ કે ગાંધી લાયબરેરી તથા એ લાયબરેરીના હોલનું નામ પારસી રૂશતમજી હોલ રાખ્યુ છે. રૂસતમજી જીવણજી ગોરખોડુએ ધણીયાણી જરબાઇની યાદમાં સ્થાપેલા જરબાઇ ટ્રસ્ટ ફંડમાથીચાલુ કીધી છે રોજ ૧-૧-૧૨૯૧ તા. ૧૦-૯-૧૯૨૧

„ તાલીમ કેમ માટેની એમ કે. ગાંધી તાલીમ સ્કુલનુ મકાન-મરહુમ રૂશતમજી જીવણજી ગોરખોડુએ ધણીયાણી જરબાઇની યાદમા સ્થાપેલા જરબાઇ રૂશતમજી ટ્રસ્ટ ફંડમાથી બંધાવી ખોલ્લું મુકયુ-મે ૧૯૨૫.

દેવલાલી-એદલજી હોરાબજી તલાટીવાલી દેવલાલી જરથોશતી બોર્ડીંગ સ્કુલ—૧૯૦૭-પાછલથી જરથોસ્તી બોરડીંગ સ્કુલ થઇ

નવસારી-સર કાવસજી જહાગીર નવસારી જરથોશતી મદરેસા—૧૮૫૬

„ એનુ મકાન-બેરામજી નશરવાનજી શીરવઇ બીલડીંગ—૧૮૯૭

„ ઉપલી મદરેસાને લગતુ રતનજી ફરામજી દાણુ સ્ટુડંટસ કવાટરસ—રતનજી ફ દાણુના સાહેબજાદાઓએ બંધાવેલું—૧૯૧૧

„ જમશેદજી નશરવાનજી તાતા ઇંડસ્ટ્રીયલ સ્કુલ—હુનરશાળા—૧૯૦૮

„ એનુ મકાન-કેખશરૂ એદલજી બામજી ખુશરૂ બીલડીંગ—૧૯૦૮

„ એજ ઠેકાણે એનજીનીયરીંગ વરક શોપ-સર દોરાબજી અને રતનજી જમશેદજી તાતા-૧૯૧૦

„ „ ખોરમસતા હોરમજી શીરવઇ કેબીનેટ કલાસ-હોરમજી શાપુરજી શીરવઇએ પોતાના બેટા ખોરમસ્તાની યાદમા બંધાવેલા—૧૯૧૦

„ ડોશીભાઇ આદરજી કોટવાલ પારસી આસ્પ્નેજ-રોજ ૨૪-૪-૧૨૯૨ તા ૧-૧-૧૯૨૩

„ દાદાભાઇ કાવસજી તાતા એંગલો વરનાકયુલર સ્કુલ—૧૮૫૬ મા સ્થાપાયલી નવસારી જરથોસ્તી મદરેસાના અખંડ ભાગ તરીકે ચાલુ થઇ હતી ૧૮૭૮ મા ગાયકવાડ સરકારે મદરેસાને ગ્રાંટ અપવાથી એ સ્કુલના વરગો છુટા પાડી બે ગ્રહસ્થોએ નવસારી એ. વ. સ્કુલ તરીકે ચલાવીયા પછી ૧૮૮૦ ની આખરીએ સોરાબજી કાવસજી તાતાએ પોતાના ભાઇ દાદાભાઇની મીલકતમાથી રૂપીઆ દશ હજાર આપવાથી સ્કુલનું નામ દા. કા. તાતા એ વ. સ્કુલ રાખ્યુ. એનુ નવુ મકાન તા૰ ૨ જી જાનેવારી ૧૮૯૬ ને દીને ખુલ્લુ મુકાયુ. વધારાનુ બીજુ નવુ મકાન તા૰ ૩૧ મી અકટોબર ૧૯૨૧ ને દીને ખુલ્લુ મુકાયુ.

„ એજ ઠેકાણે-ફરદુનજી માણેકજી કાંગા કશરતશાળા-ફરદુનજી મા૰ કાંગાની યાદગારીમા રતનજી દાદાભાઇ તાતાએ બંધાવેલુ મકાન—૯—૬—૧૯૨૨

„ નવાજબાઇ તાતાવાલી જરથોશતી છોકરીઓની નીશાળ—૧૮૮૩

„ નસરવાનજી રતનજી તાતાવાની જદ પેહેલવી અને પારસી મદરેસા

„ રૂસતમજી જમશેદજી જીજીભાઇ એંગલો વરનાકયુલર સ્કુલ

„ એનુ મકાન-મેરવાનજી નાનાભાઇ મહેતા બીલ્ડીંગ—૧૯૦૫

„ મલેસર ગરલસ ઇંગલીસ સ્કુલ—૧૯૧૪

નાંદોદ-ધનજીશાહ એદલજી એંગલો વરનાકયુલર સ્કુલ—રાજપીપલા સ્ટેટના દીવાન ધનજીશાહ એદલજીની યાદમા સ્થાપેલી—૧૯૧૪

નારગોલ-નારગોલ પારસી સ્કુલ ૧૯૦૮-પાછલથી નવરોજી માણેકજી વાડીઆ નારગોલ પારસી સ્કુલ—૧૯૧૨ એ સ્કુલને લગતી હુનર ઉદ્યોગશાળા સર શા, જ. ભરૂચાએ સ્થાપેલી

નારગોલ—હીરાંબાઇ જમશેદજી નશરવાનજી તાતા નારગોલ ઈંગલીશ ગરલસ સ્કુલ-રતનજી જમશેદજી તાતાએ માતાજીની યાદમા સ્થાપેલી ૧૯૧૩ એનું મકાન સર રતન તાતાએ બંધાવ્યું ૧૯૧૮

નીમચ—કુવરજી કાવસજી કેનટોનમેન્ટ સ્કુલ—૧૯૦૮

પંચગની—બહાદુરજી બોરડીંગ સ્કુલ-એ. એમ. બહાદુરજીએ જુન ૧૯૦૮ મા ભાડેના મકાનમાં સ્થાપેલી—૧૯૧૨ થી નવરોજી ફરામજી બીલીમોરીયાની માલેકી હસ્તક પારસી હાઇ સ્કુલ થઇ-એનું મકાન-દોરાબજી પાનનજી બીલડીંગ ફોર પારસી હાઇ સ્કુલ પંચગની—પાલનજી એદલજી પલમબરની મદદના હેશાનમા એવણના દીકરાનુ નામ તા૦ ૧૨-૧૧ ૧૯૨૨ થી આપ્યું છે.

પારડી—કન્યાશાળાનુ મકાન—ફરામજી સોરાબજી પચરાઇવાલા—૧૯૧૩

„ ધનજીભાઈ કાવસજી ઉમરીગર પારડી સારવજનીક હાઇસ્કુલ બીલડીંગ-પારડી એડજ્યુકેશન સોસાયટી હસ્તકની હાઇ સ્કુલ સારૂ સોરાબજી તથા કાવશજી ઉકરજી ઉમરીગરે ધનજીભાઇ કા ઉમરીગરના પુણ્ય માટે બાંધેલું મકાન ખુલ્લુ મુકયુ-તા૦ ૨૫-૪-૧૯૨૪ રોજ ૨૫-૮-૧૨૯૩

પુણા—સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટનુ પારસી જીમખાનાનુ મકાન—૧૮૯૪

„ સર કાવસજી જાહાંગીરવાલી પુણા સીવીલ એનજીનીઅરીંગ કાલેજ બીલડીંગ જે હવડા કાલેજ ઓફ સાયન્સને નામે ઓળખાય છે

„ સર જમશેદજી જીજીભાઇ પુણા કાલેજ બીલડીંગ

„ સરદાર દસ્તુર નોસરવાનની યાદગીરીવાલી જરથોશતી છોકરીઓની નીશાળ—૧૮૯૩

„ એનુ મકાન—બહમનબાઇ બીલડીંગ—સરદાર દસ્તુર નોશીરવાનના બહેન બહમનબાઇની યાદગારી માટે બંધાવેલુ —૧૯૧૧

„ સરદાર દસ્તુર હોશંગ બોયઝ હાઇ સ્કુલ

„ એનુ મકાન-લેડી ધનજીભાઇ બીલડીંગ-સર ધનજીભાઈ બમનજીએ આપેલા રૂ૫૦૦૦૦ માથી બંધાવેલુ મકાન ખુલ્લું મુકાયુ-તા૦ ૧૭ મી ડીસેમબર ૧૯૨૩-રોજ ૯-૪-૧૨૯૩

„ સરદાર દસતુર હોશંગ બોયઝ મીડલ સકુલ.

„ એનુ મકાન-અરદેશર હોરમજી વાહાડયા બીલડીંગ-અરદેશર હોરમજી વાહાડયા ચેરીટીના ટરસ્ટીઓએ આપેલા રૂ૨૫૦૦૦ માથી બંધાયલુ મકાન ખુલ્લુ મુકાયું તા૦ ૧૭ મી ડીસેમબર ૧૯૨૩ રોજ ૯-૪-૧૨૯૩.

„ બેરામજી જીજીભાઇ મેડીકલ સ્કુલ—૧૮૭૮

„ ફરગ્યુસન કોલેજને લગતુ એન એમ. વાહાડયા એમફીથીએટર—૧૯૧૨

બાલાગાટ—નાગપોર નજદીક-ડીવોર સ્કુલનુ મકાન-બેરામજી પેશતનજી કંટરાકટર—૧૯૧૩

બીલીમોરા—રૂ. પે. બીલીમોરા એ. વ. સ્કુલ-૧૮૭૩-પાછળથી મનચેરજી અને રતનજી તાતા હાઇ-સ્કુલ થઇ અને એનું મકાન મનચેરજી અને રતનજી શા તાતાએ બંધાવ્યુ—૧૯૧૬

„ મનચેરજી શાપુરજી તાતા ગરલસ ઈંગલીસ સ્કુલ-રતનજી શા. તાતા અને મનચેરજી શા. તાતાના છોકરાઓએ સ્થાપેલી—૧૯૧૮

બેંગલોર—જમશેદજી નશરવાનજી તાતાવાલુ ઇંડીયન ઇનસટીટયુટ ઓફ સાયનસ—તાતા રીસરચ ઇનસટીટયુટ—૧૯૦૯

ભરૂચ—જરથોશતી છોકરીઓની નીશાળ-૧૮૬૩-પાછળથી જમશેદજી નશરવાનજી પીટીટ જરથોશતી કન્યાશાળા—૧૮૮૫

„ એ સ્કુલના નીચલા ધોરણો માટેનું મકાન-રતનબાઇ ધનજીશાહ ગાંડરે બંધાવેલું—૧૮૮૫

ભરૂચ—એ સ્કુલના ઉપલા ધોરણનું મકાન—દીનબાઈ નસરવાનજી પીટીટ અને દીકરી આવાબાઇ પ પીટીટે બાંધેલુ—૧૯૦૩
,, ઉપલી કન્યાશાળાને લગતી—પારસી એંગ્લો વરનાકયુલર ગરલસ સ્કુલ—પાછળથી મોટલાબાઈ વાડયા ચગ લેડીઝ સ્કુલ—૧૯૧૨
,, રૂસતમજી સોરાબજી દલાલ હાઈ સ્કુલ—૧૮૮૬
,, મ્યુનીસીપાલીટી સ્કુલ માટે બાંધેલુ મકાન—"જીવીબાઇ પેશતનજી અસલાજી ડુગાજી મ્યુનીસીપાલ કન્યાશાળા"—૧૯૧૭
,, જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાની વરનાકયુલર સ્કુલ સ્થાપી—૧૮૫૧
બીમડી—નસરવાનજી માણેકજી પીટીટનું બીમડી સ્કુલનુ મકાન
ભીવંડી—બેરામજી જીજીભાઇ ભીવંડી સ્કુલ—૧૮૯૦
મહું—જરથોશતી છોકરીઓનુ સ્કુલનુ મકાન—ભીખાઇજી નવરોજી માણેકજી ખોરીના પુણ્ માટે
,, એદલજી પેશતનજી ઝોરાસ્ત્રીયન હાઇ સ્કૂલ—૧૮૬૩
,, એદલજી પેશતનજી એ ગલો વરનાકયુલર સ્કુલ.
મહાબલેસ્વર—પારસી જીમખાનુ.
માથેરાન—જાલભાઇ અરદેશર શેઠ માથેરાન પારસી જીમખાના—૧૯૧૨
યઝદ—(ઇરાન) પારસી આરફ્નેજ—મુબઇવાળા પેશતનજી ડોસાભાઇ મારકરે સ્થાપેલી-રોજ ૩-૮-૧૨૯૨ તા૦ ૨૦-૪-૧૯૨૩
,, ,, અરબાબ રૂશતમ શાહજાને પોતાનુ મકાન તથા સ્કુલ યઝદની અંજુમનને ભેટ આપ્યુ ઇસ્વી સને ૧૯૨૩
રૂસતમપુરા—પંચમહાલ જીલ્લા—બ્રાઉન વરનાકયુલર સ્કુલ—સરદાર બમનજી અરદેશર દલાલે પોતાના માતાજી ગુલબાઇના પુણ્ માટે બાંધેલુ મકાન—૧૯૦૭
વટારગામ—ઉદવાદા પાસે—શાવકશાહ સોરાબજી ઉમરીગર સ્કુલ—એનુ મકાન ઉકરજી કાવસજી ઉમરીગરે બંધાવેલુ—૧૯૧૪
વડોદરા—સોરાબજી જમશેદજી જીજીભાઇ વરનાકયુલર સ્કુલ
વેસુ—સુરત જીલ્લા-પેશતનજી ડોસાભાઇ મારકરવાલુ સરકારી શાળાનુ મકાન—૧૯૧૦
વલસાડ—વલસાડ હાઇ સ્કુલ—૧૮૯૨, પાછળથી ૧૮૯૬ મા આવાબાઇ હાઇ સ્કુલ થઇ જે બમનજી શાપુરજી ચોઠયાએ દીકરી આવાબાઇને નામે સ્થાપેલી અને ૧૯૦૪ મા એનુ મકાન બંધાવી આપ્યુ સ્કુલને લગતુ વધારાનુ મકાન અને સાયનસ હોલ—બ શેઠ ચોઠયાન ધણીયાણી જીવણબાઇએ ૧૯૧૬ મા બંધાવ્યો
,, મ્યુનીસીપાલીટી સ્કુલનુ "કાવસજી ધનભુરા કન્યાશાળાનુ મકાન"—કાવસજી ધનજીભાઇ વનભુરાએ બાંધેલુ-૧૯૧૦-એની જોડે કા ધ ધનભુરાએ માતાજીને નામે બંધાવેલુ બીજુ મકાન "હીરાબાઇ ધનભુરા કન્યાશાળા—૧૯૧૭
,, દીનબાઇ રતનજી બીલડીંગ-દાદાભાઇ ૨ બલસારાએ માતાજી દીનબાઇના પુણ્ માટે સર જમશેદજીવાળી છોકરા તથા છોકરીઓની ૧૮૪૯ મા સ્થાપેલી સ્કુલનું બંધાવેલું મકાન-૧૯૧૯
સકર-સીંધ-સકર પારસી સ્કુલ સ્થાપી તા ૧૬-૯-૧૯૨૦, એ સ્કુલનું નામ સર શાપુરજી ભરૂચા સ્કુલ રાખ્યુ--૧૯૨૩
,, એનુ મકાન અરદેસર મેરવાનજી ભરૂચાએ સર શાપુરજી બ ભરૂચાની યાદમાં બંધાવ્યુ તા. ૧૩-૧૦-૧૯૨૩.
સીકંદરાબાદ—મીઠીબાઇ શાપુરજી એદલજી ચીનાઇ સ્કુલ—૧૮૯૫

સીકંદરાબાદ—રતનબાઇ જેહાંગીર ચીનાઇ એંગલો વરનાક્યુલર સ્કુલ-જહાંગીર જમશેદજી ચીનાઇએ ધણીયાણી રતનબાઇના પુણ્ય માટે સ્થાપેલી—૧૯૧૯

સુરત—પારસી આરફનેજ—રૂશતમજી મનચેરજી કુકાએ સ્થાપેલી—૧૯૧૨—એ આરફનેજને લગતુ ડોરમીટરી, ડાઇનીંગ રૂમ વગેરેનુ વધારાનુ મકાન રૂશતમજી મનચેરજી કુકાએ બંધાવેલુ ખુલ્લુ મુકાયુ તા૦ ૨૧-૩-૧૯૨૪ રોજ ૧૪ ૭ ૧૨૯૩

,, એજ ઠેકાણે—સર જમશેદજી જીજીભાઇ ઈંગલીશ સ્કુલ જે ભાડેના મકાનમા ૧૮૫૨ થી સ્થાપેલી હતી, અને ૧૯૧૨ મા કુકાવાલી આરફનેજના કમપાઉન્ડમા સુરતની પારસી પંચાયતની બોરડે નવુ મકાન બાંધી તેમા એ સ્કુલ લઇ ગયા છે. એ સ્કુલ સુરતની પારસી પંચાયત હસ્તક ચલાવવામાં આવે છે.

,, એજ ઠેકાણે બરજોરજી નશરવાનજી વકીલ સુરત પારસી જીમનેશીયમ—બરજોરજી ન. વકીલની યાદમા પારસી ગ્રહસથે બંધાવેલું મકાન—૨૩-૪-૧૯૨૨

,, ચોકબજારમા-સોરાબજી જમશેદજી જીજીભાઇ હાઇ સકુલ—૧૮૯૫

,, શાહપોર-સર જમશેદજી જીજીભાઇ બેરોનેટવાલી શેહરખાતાની પારસી છોકરીઓની ગુજરાતી નીશાળ

,, એનુ મકાન—ડા૦ એરચશાહ જમશેદજી હકીમે પોતાના ધણીયાણી શીરીનબાઇની યાદમા સુરતની પંચાયતને ભેટ આપેલુ તે ખુલ્લુ મુકાયુ તા૦ ૨-૮-૧૯૨૫ રોજ ૨૮ ૧૧ ૧૨૯૪.

,, પીરોજબાઇ માણેકજી પટેલવાલી છોકરીઓની અંગરેજી સ્કુલ—૧૯૧૨

,, એનુ મકાન-સીગનપોરવાલા એદલજી કુવરજી પટેલે ભેટ આપેલુ—૧૯૧૨

,, રૂસતમપુરા—સર જમશેદજી જીજીભાઇવાલી છોકરા છોકરીઓની ગુજરાતી નીશાળો

,, એનું મકાન—એદલજી ભીખાજી નકરાએ બંધાવેલુ—૫-૬-૧૯૨૨

,, ફરદુનજી સોરાબજી પારખ ટેકનીકલ ઇનસટીટયુટ.

,, એજ ઠેકાણે—નવરોજી માણેકજી વાહાડયાનુ મોટલાબાઇ વરકશોપનુ મકાન—૧૯૦૧

હાંગકાંગ—યુનીવરસીટીનુ મકાન—સર હોરમજી નવરોજી મોદી—૧૯૧૨

,, મી મેનસ ઇનસટીટયુટ—સર હોરમજી નવરોજી મોદીએ સેલરો માટે બંધાવી આપેલુ રહેવાનુ મકાન—૧૯૧૦

હેદરાબાદ—દખન—થીઓસોફીક સોસાયટીનું મકાન—૧૯૦૬

જરથોસ્તીઓએ સ્થાપેલાં પુસ્તકખાંના.

મુંબઇ મધેના પુસ્તકખાંના.

કોટમાં—સર દીનશાહ પીટીટ મેડીકલ યુનીયન લાઈબ્રેરી—૧૮૮૩
„ સર દીનશાહ પીટીટ ફ્રેંચ કલબનુ પુસ્તકખાનું—૧૮૮૭
„ જમશેદજી નશરવાનજી પીટીટ (ફોરટ રીડીંગ રૂમ એંડ લાઇબ્રેરીવાલુ) ઇનસ્ટીટયુટ
„ મા ખ. મેમોરીયલ લાઇબ્રેરી-એલેકઝાનડ્રા નેટીવ ગરલ્સ ઈંગ્લીસ ઇનસટીટયુટમા.
„ મુલ્લાફીરોજ કેતાબખાનુ—દાદીશેઠના આતસબેહેરામમા ૧૮૫૩ મા સ્થાપેલુ તે કે આર. કામા ઓરીયન્ટલ ઇનસટીટયુટ સાથે જોડાયું છે સુખડવાલા બીલ્ડીંગમા-૧૮-૧૨-૧૯૧૬
ખેતવાડી—ધનજીભાઈ ફરામજી રીડીંગ રૂમ એંડ લાઇબ્રેરી—૧૮૬૦
ગીરગામ—જમશેદજી નસરવાનજી પીટીટ લાઇબ્રેરી—૧૮૬૩
„ રતનજી જમશેદજી તાતાવાલો સ્ટુડન્ટસ બ્રધરહુડનો રીડીંગ રૂમ અને લાઈબ્રેરી-૧૯૧૧
ધોબીતલાવ—નેટીવ જનરલ લાયબ્રેરી-ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમા ઇસ્વી સને મા સથાપેલી-પાછળથી "એન એમ વાહાડયા જનરલ લાયબ્રેરી" એમ નામ તા૦ ૧૩-૧-૧૯૨૫ રોજ ૭-૫-૧૨૯૨ ને દીને ઇનસટીટયુટનુ મકાન ખુલ્લુ મુકાયુ ત્યારે રાખ્યુ હતુ
„ માણેકજી લીમજીભાઇ હાતરીખાનુ પુસ્તકખાનુ—અંજુમનના આતશબેહરામમા.
„ બમનજી દીનશાહ પીટીટ સેંટ ઝેવીયર લાઇબ્રેરી—સેંટ ઝેવીયર કોલેજમા—૧૯૧૫
„ જમશેદજી નસરવાનજી પીટીટ બહારકોટ ઇમપરમેંટ લાઈબ્રેરી—૧૮૬૯ (આ લાઇબ્રેરી જુલાઇ ૧૯૧૩ મા જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તક સોપવામાં આવી છે)
બહારકોટ—સર દીનશાહ પીટીટ કાદા મોહલ્લા તથા ભરૂચા મોહલ્લા લાઇબ્રેરી—૧૮૭૦
ભાયખલા—જમશેદજી નશરવાનજી પીટીટ રીડીંગ રૂમ એંડ લાઇબ્રેરી—કોલાબે ૧૮૮૬ મા સ્થાપેલી તે પાછળથી ૧૯૧૬ મા ભાયખલા વીકટોરીયા ગારડન આગલ લઇ ગયા છે

દેશાવરો ખાતેના પુસ્તકખાનાં.

અંકલેશ્વર—જમશેદજી નશરવાનજી પીટીટ અંકલેશ્વર લાઇબ્રેરી—૧૮૮૬
અમદાવાદ—નશરવાનજી માણેકજી પીટીટ ગુજરાતી કાલેજ લાઇબ્રેરી—૧૮૯૦
એડન—એડન પારસી લાઇબ્રેરી—૧૮૭૦
કરાચી—જમશેદજી અરદેશર હીરજીભાઇ બહેરાના લાઇબ્રેરી તથા રીડીંગ રૂમ—બહેરાની દરેહમહેરમા જમશેદજી અ બહેરાની યાદમા માતાજી ડોશીબાઇ તથા ભાઇઓએ બંધાવેલો રૂમ—૧૯૧૮
„ સોરાબ કાતરક લાઇબ્રેરી-કાવસજી હો કાતરકે પીતા હોરમજીની યાદમા યંગ મેનસ ઝોરાસ્ટ્રીયન એસોસીએશન માટે ઝોરાસ્ટ્રીયન કલબના કંપાઉંડમા બાંધેલા "હોરમજી કાતરક હોલ" ના માલપર સ્થાપેલી લાયબ્રેરીને કાવસજીના બેટા સોરાબજીનુ નામ આપીયુ છે ૨૦—૧૧—૧૯૨૦
કલકત્તા—ઓનરેબલ સર દીનશાજી મ પીટીટ નાઇટ ઝોરાસ્ટ્રીઅન લાઈબ્રેરી—૧૮૮૯
કાનાનોર—હીરજીભાઇ મનચેરજી માલેગામવાલાને નામનુ લાઇબ્રેરીનું મકાન—૧૮૯૫

કોતાહી—કોલંબો નજદીક—મેનચેરજી રૂસ્તમજી ખાનનું લાઇબ્રેરીનું મકાન—૧૯૦૭
ગણદેવી—રીડીંગ રૂમ એંડ લાઈબ્રેરી-૧૮૬૪ પાછળથી કાવસજી ધનજીભાઈ ગઝદર ગણદેવી
રીડીંગ રૂમ એંડ લાઇબ્રેરી થઇ અને એનુ મકાન માણેકબાઇ પેસતનજી ગજદરે દીકરા
કાવસજીની યાદમાં બંધાવ્યુ —૧૯૧૫
તારાપોર—તારાપોર ઝોરાસ્ત્રીયન લાયબ્રેરી—૧૯૨૦
તેહરાન—ઇરાન-ફીરદોસી રીડીંગ રૂમ અને લાયબ્રેરી-જરથોસ્તી અંજુમને સ્થાપેલી ૫-૧-૧૯૨૩
ડરબન-(દક્ષિણ આફ્રીકા) એમ કે ગાંધી લાયબ્રેરી તથા એના હોલનું નામ પારસી
રૂસ્તમજી હોલ રાખ્યું છે રૂસ્તમજી જીવણજીએ ધણીયાણી જરબાઈની યાદમા
સ્થાપેલા "જરબાઇ તરસ્ત ફંડમાથી ઉગાડેલી તા ૧૦-૯-૧૯૨૧ રોજ ૧-૧-૧૨૯૧
દેવલાલી—લાઇબ્રેરી—બહાદુરજી સેનેટરીયમમા—બરજોરજી બેરામજીએ દીકરા નોશીરવાનની
યાદમા બંધાવેલુ મકાન—૧૯૧૦
નવસારી—પેહલા દસ્તુર મેહરજી રાણા કેતાબખાનુ —૧૮૭૨
„ એનુ મકાન—માણેકબાઇ માણેકજી દસ્તુર બીલડીંગ—૧૯૦૬
પુણા—મુંબઈમા શરૂઆતમા સ્થાપેલી કાવસજી દીનશાહ લાઇબ્રેરી-પુણાની એલબરત એડવરડ
ઇનસટીટયુટ સાથે સને ૧૯૦૧ મા જોડી નાખવામા આવી છે.
„ ઉપલી લાઇબ્રેરી માટે કાવશજી દીનશાહ હોલ- કાવસજી દીનશાહના સાહેબજાદાઓએ
બંધાવેલો—૧૯૦૬
બીલીમોરા—બીલીમોરા રીડીંગ રૂમ અને લાઇબ્રેરી ૧૮૮૨ પછવી જાહાગીર બમનજી પીટીટ
નેટીવ જનરલ લાઇબ્રેરી એંડ પબલીક હોલ—૧૯૦૫—પાછલથી જા. બ. પીટીટ ફ્રી
લાઇબ્રેરી એંડ પબલીક હોલ ૧૯૧૬—એનુ મકાન જાહાગીર બ પીટીટે બંધાવ્યુ-૧૯૦૮
મહાબલેશ્વર—ઓનરેબલ બમનજી પીટીટ નેટીવ જનરલ લાઇબ્રેરી—૧૯૦૨
મઉ—પીરોજબાઇ એ. દાદાભાઈ લાઇબ્રેરી—અરદેશર આદરજી દાદાભાઇએ માતાજી પીરોજ-
બાઈની યાદમા સ્થાપી બંધાવેલુ મકાન—૧૯૧૮
રાયપુર—બેરામજી પેસતનજી કંત્રાકટરવાલુ બેરામજી આનંદ સમાજ લાયબ્રેરીનું મકાન—૧૯૦૯
વલસાડ—આવાબાઈ લાઇબ્રેરી—બમનજી શાપુરજી ચોકઆએ સ્થાપેલી—૧૮૯૬
વડોદરા—નશરવાનજી માણેકજી પીટીટ વડોદરા કેંપ રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી—૧૮૯૦
સક્કર—સીંધ—સર શાપુરજી ભરૂચા સ્કુલમા ઉગાડેલી લાઇબ્રેરી—તા. ૧૧-૫-૧૯૨૪
રોજ ૯-૯-૧૨૯૩.
શીગણપોર—સુરત જીલ્લા—ફ્રી લાઈબ્રેરી ને રીડીંગ રૂમ—માણેક બાગના—એદલજી કુંવરજી
પટેલે સ્થાપેલી—૧૯૨૦
સુરત—રૂસતમપુરા રીડીંગ રૂમ અને દસ્તુર ખોરશેદ લાઇબ્રેરી—૧૮૬૮
„ નાનપુરા નેટીવ રીડીંગ રૂમ—૧૮૫૮
„ ગોપીપુરા—દીનશાહ દોરાબજી મીસતરી લાઇબ્રેરી અને રીડીંગ રૂમ—૧૯૦૦

જરથોસ્તીઓએ સ્થાપેલા ધરમનાં ફંડો.

ઇરાનના ગરીમ જરથોસ્તીઓની હાલત સુધાર નારૂ ફંડ
ઇરાન લીગ તરફથી મુબઇમા ઉગાડેલાં શેઠ પેસતનજી ડો૦ મારકરનુ ઇરાની સાહીત્ય મારફતે ધરમ કેળવણી આપવાનુ ફંડ-૧૯૨૩
ખેતવાડીના જરથોસ્તીઓનુ ફંડ
જરથોસ્તી ધરમ અને કીરીઆ ઉપર એતેકાદ વધરાવનારી મડળીનુ ફંડ
દીનબાઇ ન. મા પીટીટે મરહુમ બેટા જમશેદજીના પુણ્ય માટે સ્થાપેલુ ધબારનુ ફંડ
બહારકોટ દરેહમેહરનુ બાજ જશનનુ ફંડ
બહારકોટનુ બચાવ ફંડ
મેરબાઇ તે પ. મા કોહલાની વીધવાનુ ધરમ ખાતુ
ખરશેદજી નશરવાનજી કામાની યાદગીરીનુ જરથોસ્તી વીધાર્થીઓને ઉત્તેજન આપવાનુ ફંડ
જીજીભાઇ દાદાભાઇનુ ધરમખાતુ
મુબઇમા નાવારેસ ઇરાની જરથોસ્તીઓનું ફંડ
મુબઇના કદમી જરથોસ્તીઓનુ ધબારનુ ફંડ
રાહાનુમાએ માજદીઅશનાન સભાનો મારફતે ઉભુ થયલુ જ ધરમનો ફેલાવો કરવાનુ ફંડ
રાહાનુમાએ માજદીઅસનાન સભાનું ફંડ
મુબઇના જ. દવાનોના સુકતાડનું ફંડ
ખરશેદજી અને મ મ પથકીએ પોતાના બાવા બ. મા પથકીન પુનને સારૂ ગરીબ જરથોસ્તીઓને આસરે આપવા ઉભુ કીધેલુ ફંડ
જેહાગીર બ પીટીટ હસતકનુ બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટલ ફંડ
નશરવાનજી મનચેરજી કામ ચેરીટી ફંડ, મનચેરજી ફરામજી કામાએ બાવાની યાદમા સ્થાપેલું ફરામજી મનચેરજી કામાનુ ચેરીટી ફંડ. ફરામજી મનચેરજી કામાએ ઉભા કાધેના દરેહમેહરોને લગતા ફંડ
નશરવાનજી માણેકજી પીટીટ ચેરીતી ફંડ-જેમા ન. મા પીટીટનુ ગરીબ દીવાના જરથોસ્તીઓને મદદ આપવાનું ફંડ, જ. ન. પીટીટ પારસી ઓરફનેજ, ન મા પીટીટ વીધવા આશરમ, ન મા પીટીટ બીમપોર સેનેટરીયમ, હમાબાઈ મા પીટીટ વીધવા આસરમ, જ ન. પીટીટ જાહબોરડી સેનેટરીયમ, દીનબાઇ ન પીટીટ ગરીબ પારસીઓ માટેની ચેહલીઓ, આવાબાઈ ફ પીટીટ ગરીબ પારસીઓ માટેની ચેહલીઓ, ન મા. પીટીટ પુના હોલ તથા દરેહમેહર વગેરે,
પારસીઓનું સકટ નીવારણ ફંડ.
પેશતનજી બમનજી વાડીઆજીનુ ધરમખાતુ
પેસતનજી અરદેશર હોરમારજી વાહાડયાએ સ્થાપેલુ ટરસ્ટ-૧૯૨૪.
બેરામજી હોરમજી કામાનુ ધરમખાતુ
મેરવાનજી ફ પાડેનુ નબલી હાલતમા આવેલા પારસી કુટુબને આશરો આપવાનુ ફંડ
રૂસતમજી ધનજીશાહ કપટાનનુ ધરમખાતુ
બેરામજી જીજીભાઇએ સ્થાપેલુ તરસ્ટ
નવરોજી માણેકજી વાહાડયા સી. આઇ ઇ. એ સ્થાપેલુ ત્રસ્ત
પેસ્તનજી નશરવાનજી કેરાવાલાએ સ્થાપેલુ-પેસ્તનજી નશરવાનજી કેરાવાલા ચેરીટી ત્રસ્ત ૧-૯-૧૯૨૧
ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોનું ફંડ
પારસીપશતાગીઆઅજુમન સકટ નીવારણફંડ
અથોરનાન મડલ હસતકનુ બોરડીગ સ્કુલ ફંડ,
અથોરનાન મડળ ફંડ અને મરહુમ જશતીસ સર દાવરની બાજનુ ફંડ
પીરોજબાઈ ધનજીભાઇ મામાનુ ધરમખાતુ-જેમા પીરોજબાઈ ધ. મામાના વસીયટનામાની રૂએ સ્થાપેલા ૩ ત્રસ્ટ ફંડો તેમા ધનજીભાઇ ડોસાભાઇ મામા ત્રસ્ત ફંડ, પીરોજબાઇ દારાશાહ કોટાન તરસ્ત ફંડ અને પીરોજબાઈ ધનજીભાઇ મમા તથા કેળવણુના ધણી ધનજીભાઇ ડોસાભાઇ મામા ત્રસ્ત ફંડ
નવસારીના ગોરવદ એદલજી બરજોરજી સુક્ષાંએ થાપેલુ જરથોસ્તી અનજુમન બહેતરી ફંડ—૧૯૧૫

નવસારીના મોબેદોનું સુખંબારનું ફંડ

નવસારીની અનજુમનનું જનરલ ફંડ

નવસારીના ભગર સાથની અનજુમનનું મુકતાદ બાજ તથા જશનનું ફંડ

નવસારીના મલેશર ફલીઆના બેહદીનોએ સત્ત ભના કામો સારૂ ઉભુ કીધેલું ફંડ

સર જ. જી નુ સુરત તથા નવસારીનુ ધરમનુ ફંડ

સીકંદરાબાદનુ જાહાગીરજી જમશેદજી ચીનાઇ ચેરીટેબલ ફંડ

સુરતનુ ફરદુનજી સોરાબજી પારખ ટેકનીકલ ઇનસ્ટીટયુટ ફંડ

લંડનમા પારસી યુનીયન ઓફ ગ્રેટ બ્રીટન

પુણાની જરથોસ્તી અનજુમને જ રૂવાનોને અવલમ જલ પોહોચાડવા માટે સ્થાપેલુ ફંડ

લંડનમાં ધી પારસી એસોસીએશન આફ યુરોપ

આફ્રીકાના ડરબન ખાતે રૂસ્તમજી જીવણજી ગોરખોડુએ ધણીયાણી જરબાઇની યાદમાં આરફનેજો, ઉદ્યોગશાળાઓ, નીશાળો, લાયબરેરીઓ વગેરે સ્થાપી નીભાવવા માટે સ્થાપેલુ જરબાઈ ટ્રસ્ટ-૧૯૨૧

કરાચી ખાતે એદલજી દીનશાહ સી. આઇ. ઇ. એ સ્થાપેના ૪ ફંડો (૧) રૂવાનોને અવલ મજલ પોહચાડવાનુ ફંડ, (૨) બચુબાઈ એદલજી દીનશાહ નીરાશીત ફંડ, (૩) બચુબાઇ એ દીનશાહ ધરમખાર ફંડ અને (૪) સુનાબાઈ એ દીનશાહ ચેરીટેબલ ફંડ તથા નાદરશાહ એદલજી દીનશાહે સ્થાપેલુ ખરશેદબાઇ નાદરશાહ ચેરીટેબલ ફંડ

નસીબની નવાઇ

અને

પૈસાની વધાઇ

 **એ શું ?—** 



જહાગીરજી મારો વીચાર લગન કરવાનો છે, પણુ શું કરૂ મારી રાસ કોઇની સાથે મલતી નથી હુ મારો તપકો બતાવી બતાવી હેરાન થઇ પણુ શુ કરૂ કોઇએ પણુ મને સાચી હકીકત કહિ સ ભળાવી નથી. તમે પણુ ભોળા ભટાક જેવાજ રહી ગયાની ? કાય તમે જાણી બુજી ખાડામા પડો છો ? વળી તમે પણુ શું કરે એતો નસીબની નવાઈ છે નસીબ જાગવાનું હોય તોજ સારી વસ્તુ મળી શકે છે તમે કયા જાણુતા નથી કે

મુંબઇના પ્રખ્યાત જ્યોતીશ કૃષ્ણુલાલ શરમા

ત્રીજે માળે, શાતી બીલડીંગ—કાદાવાડી—મુંબઈ.

તેવણુ નસીમની હકીકત તો શું પણુ રૂ, અળસી, સુતર, કપુર, સોનું, ચાંદી, શેરો વગેરેના ભાવના આકડા આના પાઈ સીકે કહાડી આપવાથી સીલવર પલેટ પર સરટીફીકેટો પણુ મલેલી છે, અને જન્મોત્રી, ટપકા, વરસફળ જોવામાં અને બનાવવામા હદ કીધી છે એમ લોકો કહે છે અને રાસ બહુ અજાયબીથી મેળવી આપે છે અને જન્મોત્રી નહી હોય તો હસ્તરેખ ને મસ્તકરેખા સીવાયથી આખી જીંદગીના હેવાલ આબેહુબ એક પ્રશ્નથી કહી આપે છે

સાચી હકીકત જાણવી હોય તોજ મળવાને તસદી લેવી

"સર નાઈટ, બારોનેટ"નો માનવંત ખેતાબ મેલવનાર જમશેદજીની [illegible]

શેઠ જમશેદજી જીજીભાઈને તેમની મોટી સખાવતને માટે પહેલ વેહેલા ઇસવી સને ૧૮૪૨ની તા૦ ૨ જી મારચે એટલે પારસીઓનો રોજ ૫ મો માહ ૬ ઠો સને ૧૨૧૧ યઝદેજરદીને વાર બુધને દીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ મલ્યો હતો એ ખેતાબની પાદશાહી મોહર સાથની શનદ ઈંગલંડથી તે વેળના મુંબઈના ગવરનર ઓનરેબલ જોરજ વીલીયમ એનડરશન ઉપર આવી હતી, તે સર જમશેદજીને આપવા માટે રોજ ૨૯ મો માહ ૮ મો સને ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૨૫ મી મે ૧૮૪૨ ને દીને મુંબઈના પરેલના સરકારી મેહેલમા રાતે એક મેલાવડો કરવામા આવ્યો હતો. નામદાર અંગરેજ સરકારથી જેવોને "સર નાઇટ" નો ખેતાબ બક્ષવામા આવે છે, તે મહરૂમની હયાતી સુધીજ હોય છે, પણ તે પછી જનાબેઆલી માહારાણી વીકટોરીયાએ સર જમશેદજીની મોટી લાખો રૂપયાની સખાવત વીગેરેની બીજી માહાભારત ખુબીની યાદગારી વંશપરંપરા ચાલુ રાખવાના શુભ હેતુથી તેમને રોજ ૨ જો માહ ૯ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે ૧૮૫૦ની નામદાર મહારાણી વીકટોરીઆની શાલગરેહને દીને "બારોનેટ" નો માનવંત ખેતાબ બક્ષયો હતો તેની શનદ એજ વરસના રોજ ૧૬ મો માહ ૧૧ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૬ ઠી આગસ્ટ સને ૧૮૫૭ને વાર ગરેરૂને દીને વેલાતની વેસત મીનીસટરમાથી બહાર પડી હતી, તેમાં જણાવ્યું હતું કે એ ખેતાબ વંશપરંપરા ચાલુ રહેશે, એટલે કે દરેક બારોનેટના વડા બેટાને "સર જમશેદજી જીજીભાઇ બારોનેટ" ના નામથી એ ખેતાબ વાપરવામા આવશે એ મુબારક ખેતાબના મોભાની જાલવણી કીજે મરહુમ સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટે રૂ ૨૨૫૪૪૦૦ની હીંદી સરકારની પ્રોમીસરી નોટો સરકારમા અનામત મુકી હતી કે જેનુ દર સાલનુ વ્યાજ સદરહુ ખેતાબ ધરાવનારને લેમ છે એવો સાહેબને "ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડનનુ" માન રોજ ૨૧ મો માહ ૭ મો સને ૧૨૨૪ યઝદેજરદી તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૫ ઇસવીને દીને મલ્યુ હતુ સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ જેમનો જન્મ નવસારીમા રોજ ૬ ઠો માહ ૧૦ મો સને ૧૧૫૨ યઝદેજરદી તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૭૮૩ ઇસવીને વાર મંગલને દીને થયો હતો, તેઓ સાહેબ ૭૬ વરસની ઉમરે, રોજ ૨૨ મો માહ ૭ મો સને ૧૨૨૮ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૯ ઇસવીને વાર ગુરૂને દીને હક થવાથી એ ખેતાબ તેઓના પેહેલા પુત્ર શેઠ ખોરશેદજી જમશેદજીને મલ્યો હતો, જેઓ "સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ" તરીકે ઓલખાતા હતા એવો સાહેબને ઇસવી સને ૧૮૭૧ મા યાને ૧૨૪૦ યઝદેજરદીના સાલમા "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઈંડીયા" નો ખેતાબ નામદાર માહારાણીએ આપ્યો હતો સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ સી એસ આઇ નો જન્મ રોજ ૩ જો માહ ૧ લો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૯મી અકટોબર ૧૮૧૧ ઇસવીને દીને થયો હતો, તેઓ ૬૬ વરસની ઉમરે રોજ ૨૫ મો માહ ૧૦ મો સને ૧૨૪૬ યઝદેજરદી, તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૭૭ ને દીને પુણા ખાતે ગુજરવાથી તેઓના વડા પુત્ર શેઠ માણેકજી ખરશેદજી, "સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ" તરીકે ગણાયા હતા. એવણને નામદાર માહારાણીની સાલગરેહની ખુશાલીમાં સી એસ આઇ યાને "કમપેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઈંડીયા" નો ખેતાબ રોજ ૧૯ મો માહ ૮ મો સને ૧૨૫૩ યઝદેજરદી તા૦ ૪ થી મે સને ૧૮૮૪ ને દીને મલ્યો હતો. એવણનો જન્મ રોજ ૮ મો માહ ૬ ઠો સને ૧૨૨૦ યઝદેજરદી, તા૦ ૩ જી મારચ સને ૧૮૫૧ ઇસવીને દીને થયો હતો તેઓ ૪૭ા વરસની ઉમરે રોજ ૬ ઠો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૬૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૯૮ ને દીને ગુજરવાથી અને તેવણના એક પુરા [illegible] શેઠ ખરશેદજી ૧૫ વરસની ભર જવાન વયે સને [illegible] ના જુલાઇ માસની ૨૮ મી તારીખે ગુજરી ગયેલા હોવાથી અને ત્રીજા બારોનેટ સર જમશેદજીને પેહેલીએ કોઇ [illegible] ન હોવાથી, તેવણના ભાઇ શેઠ [illegible] [illegible]

જમશેદજી જેઓનો જન્મ રોજ ૪ થે માહ ... શેહેનશાહી સને ૧૨૬૯ યઝદેજરદી, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૫૯ ઇસ્વીને વાર સોમને દીને થયો હતો તેવણ "સર જમશેદજી જીજીભાઈ બોથા બારોનેટ" તરીકે ઓળખાતા હતા. એવણને નામદાર સરકાર તરફથી સને ૧૯૦૦ના સાલમાં મુંબઇના શેરીફ નેમવામા આવ્યા હતા. એવણ ૨૦ વરસ સુધી બારોનેટશીપ ભોગવી ૫૫॥ વરસની વયે મુંબઇમા રોજ ૮ મો માહ ૧૦ મો શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન સને ૧૯૦૮ ઈસ્વીને વાર બુધને દીને બેહેશતનશીન થયાથી, એવણના એક પુરા વડા બેટા શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ જેવણનો જનમ રોજ ૧૮ મો માહ ૬ ઠો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૬ ઠી મારચ સને ૧૮૭૮ ઇસવીને વાર બુધને દીને થયો હતો તેવણ પોતાની ત્રીસ વરસની ઉમરથી "સર જમશેદજી જીજીભાઇ બાયમા બેરોનેટ" તરીકે હમણાં ઓળખાય છે. એવણને નામદાર સરકારે સને ૧૯૧૫ મા મુંબઈના શેરીફ નેમી સને ૧૯૨૨ મા કે. સી. એસ આઇ નો નામીચો ખેતાબ એનાયત કીધો હતો

શેઠ દીનશાહજી માણેકજી પીટીટને તેમની મોટી લખો રૂપીઆની સખાવત તથા બીજા ખુબીવતા કામોને લીધે રોજ ૨ જો માહ ૬ ઠો સને ૧૨૫૬ યઝદેજરદી, તા૦ ૧૬ મી ફેબરવારી સને ૧૮૮૭ ને દીને "સર નાઇટનો" નામીચો ખેતાબ આપણી અંગરેજ સરકાર તરફથી મલ્યો હતો નામદાર શેહેનશાહાબાનુ વીકટોરીઆએ પોતાના તખતપર બીરાજવાને પચાસ વરસ પુરા કીધા તેની ખુશાલીમા જુબીલીને નામનો એક તેહવાર આખા હીંદુસ્તાનમાં ઉપલી તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭ ને દીને મોટી ધામધુમથી પાલવામા આવ્યો હતો તે દીને નામદાર શેહેનશાહબાનુએ આપેલા ખેતાબોનુ લીસ્ટ જે કલકત્તાની વડી સરકારના ગેઝેટમા છાપી પ્રગટ કરવામા આવ્યુ હતું, તેમા શેઠ દીનશાહજી માણેકજી પીટીટને આ સર નાઇટનો નામીચો ખેતાબ બક્ષવાનુ જાહેરનામુ પ્રગટ થયુ હતુ આ બનાવથી આખી પારસી કોમમા અને મુંબઈની તમામ વસ્તીમા મોટી ખુશાલી પથરાઇ અને ચોમેરથી સર દીનશાજીને માન પાન ખાના પીના અને એડરેસો આપવામા આવ્યા હતા એ પછી સને ૧૮૯૦ના સાલમા નામદાર કયસરે હીંદની તરફથી એવણ સાહેબને "બારોનેટનો" માનવન ખેતાબ બક્ષવામા આવ્યો હતો જે ની પહેલવેહેલી ખબર મુંબઇના નામદાર ગવરનર લોરડ રેએ શાકરબાઇવાલી જનાવરોની હાસ્પીટલમા જાનવરોના વઇદાને લગતી શોધખોલ કરવાને માટેની લેબોરેટરી ખુલી મેલતી વેળાએ તા૦ ૧૮ મી મારચ સને ૧૮૯૦ ઇસવીને દીને પોતાના ભાશણમા જાહેર કરી હતી તે પછી ઇંગલંડથી આવેલા આ ખેતાબના "લેટ શ પેટંટ" મુંબઈ સરકારના જુડીસીયલ તથા ધારાખાતાના માજી મદદનીસ સેક્રેટરી મરહુમ શેઠ મેરવાનજી નશરવાનજી વાહાડયા રોજ ૨૮ મો માહ ૨ જો સને ૧૨૬૦ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમબર સને૧૮૯૦ ઇસવીને દીને સર દીનશાહજીના વાલકેશ્વર ખાતેના પીટીટ હાલમાં જઇને એવો સાહેબને પહોચાડી આપ્યા હતા એ ખેતાબની જાલવણીને માટે એવો સાહેબે રૂપીઆ પચીસ લાખની મોટી રકમના પાચ ટકાના મ્યુનીસીપલ બોન્ડો સરકારમાં અનામત મેલ્યા છે કે જેનુ વ્યાજ દર બેરોનેટ વારસને મલ્યુ જશે નામદાર સર દીનશાહજી જેમનો જનમ રોજ ૩૦ મો માહા ૯ મો શને ૧૧૯૨ યઝદેજરદી, તા૦ ૩૦ મી જુન શને ૧૮૨૩ ઇસવીને દીને થયો હતો એવો સાહેબ ૭૭ વરસને ૧૧ માસની ઉમર ભોગવીને રોજ ૨૩ મો દેપદીન માહ ૮ મો આવા સને ૧૨૭૦ યઝદેજરદી તા૦ ૫ મી મે ૧૯૦૧ ને રવીવારે બેહેશતનસીન થયા હતા એવણની જગોપર એવણની પાછળ બેરોનેટશીપ પર આપવાનું એવોના માગનાથી નામદાર સરકારે (એમના પહેલા વડા બેટા શેઠ કાવસજી આગળથી ગુજરી ગયલા હોવાથી) એમના બીજા બેટા શેઠ ફરામજી દીનશાજી પીટીટને અને તેમના મદદ વારશોને માટે કાયદામા નકકી કરી આપ્યું હતુ, પણ શેઠ ફરામજી નામદાર સર દીનશાહજીની હયાતીજમા ગુજરી જવાથી તેમના એક પુરા બેટા શેઠ જીજીભાઈ ફરામજી પીટીટ

જેમનો જન્મ રોજ ૨૦ મે માહ ૬ મો શેહેનશાહી સને ૧૨૪૨ યઝદેજરદી તા૦ ૯ મી જુન સને ૧૮૭૩ બરજીને દીને થયો હતો, એવો હાલમા "સર દીનશાજી માણેકજી [illegible] બીજા બારોનેટ" તરીકે ગાદીએ આવ્યા છે.

શેઠ જાહાગીરજી કાવસજી જાહાગીરજી રેડીમની તે આપણી કાઉમના એક મોટા મશહુર સખી શેઠયા સર કાવસજી જાહાંગીરના દત પુતરે લંડન ખાતે ઈંગલંડના ઈમપીરીયલ ઈનસ્ટીટયુટમા ઈંડયન કોનફરંસ હોલ બંધાવી આપ્યો તે માટે બે લાખ રૂપીઆની મોટી મદદ કરી હતી તથા બીજી કેટલીક સખાવતો કરી હતી. એવા સાહેબને સને ૧૮૯૫ ની તા૦ ૩૦ મી જુન યાને રોજ ૧૮ મો માહા ૧૦ મો સને ૧૨૬૪ યઝદેજરદી ને વાર રવીને દીને વેલાતની નામદાર સરકારે તરફથી સર નાઇટના નામીચા ખેતાબની એનાયત થઇ હતી. એ ખેતાબ ઇગલાંડમા ખુદ મરહુમ મહારાણી વિકટોરીઆના બખતાવર હાથેજ એવા સાહેબને અરપન કરવામા આવ્યો હતો એ પછી એવા શેઠની ચાલુ રહેલી મોટી બોહલી સખાવતો માટે નામદાર બખતાવર શેહેનશાહ એડવર્ડ સાતમાની ૬૮ મા વરસની સાલગ્રેહના શુભ દીને યાને તા૦ ૨૬ મી જુન સને ૧૯૦૮ ઇસવી, રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૭૭ યઝદેજરદીને, વાર શુકરને દીને સાલગ્રેહની ખુશાલીમા વેલાત ખાતે ઉમરાવો અને બીજાઓના ખેતાબોનુ લીસ્ટ જે વેલાતના ગવરમેન્ટ ગેઝટમા છાપી પ્રગટ કરવામા આવે છે (જેનો ટેલીગ્રામ અતરે તેજ દીવસે આવ્યો હતો) તેમા સર જાગીર કાવસજીને બેરોનેટનો માનવંત ખેતાબ એનાયત કરવાનુ જાહેર કરવામા આવ્યુ હતુ એ ની સનદ મુંબઇના નામદાર ગવરનર સર જોરજ સીડન હેમ કલારકે મુંબઈ સેક્રેટરીયટની કાઉનસીલ હોલમા રોજ ૩૦ મો માહા ૫ મો સને ૧૨૭૮, તા૦ ૯ મી ફેબરવારી સને ૧૯૦૯ ને દીને ભરેલી લેવીમા સર જાહાગીર કાવશજીને એનાયત કીધી હતી આ બારોનેટના બખતાવર ખેતાબની જાલવની સારૂ એવા શેઠે રૂપીઆ ૨૫,૦૦,૦૦૦ ની નાદાર રકમ સરકારમાં અનામત મેલી છે કે જેનુ વ્યાજ દર બારોનેટ વારસને હમેશા મલતુ જશે તે એવી રીતે કે રૂપીઆ ૫ દર લાખની મીલકતો જે નામદાર સરકારને આપેલી છે કે જેની ઉપજ રૂપીઆ ૫૦૦૦૦ થશે, તે રકમ નામદાર હીન્દી વજીર તરફથી કાયમને માટે સાલયાણા દાખલ દર વરશે મલતી રહે એવી ગોઠવણ કરવામા આવી છે, એ ઉપરાત રૂપ્યા દસ લાખના હીન્દી સરકારની પ્રોમીસરી લોનો, મુંબઈની મ્યુનીસીપાલ કારપોરેશનના તથા મુબઇના પોરટ ટ્રસ્ટના અને મુબઇના સીટી ટ્રસ્ટના બોનડો આપવામા આવ્યા છે, જેની રૂપ્યા ૪૦૦૦૦ ની વધુ વારસીક ઉપજ થશે, વલી મુબઇમા આવેલા રેડીમની હાઉસના બે બંગલા ૨૦૦૦૦ વાર જગા સાથે આપ્યા છે જેમાનુ ફોરટ મેનશન હાઉસ જે ચરચગેટ સ્ટ્રીટમા આવેલુ છે, જે આજે એક સદી ઉપર પેહેલુ ચર્ચગેટ સ્ટ્રીટમા બંધાયુ હતું અને તેનુ ભાડુ ઉપજે છે અને તે રેડીમની ખાનદાનમા આજે આઠ નવ પેહેડીથી ઉતરી આવેલુ છે, એનુ બધુ મળીને રૂપીઆ એક લાખની આવકનુ જાકીનુ ટ્રસ્ટ છે. હવે પછી જે સર કાવસજી જાહાગીરનુ નામ ધારણ કરે તેનેજ આ આવક મળી શકે એવો બંદોબસ્ત કીધો છે. હાલ તરત રૂપીઆ પચીસ લાખ ટ્રસ્ટમા મુક્યા છે પણ કોઇબી વારસ હવે પછી રૂપીઆ પચાસ લાખ વેરનો ટ્રસ્ટમા વધારો કરી શકશે. સર જાહાગીર કાવસજી જાહાગીરે પોતાને બારોનેટનો ખેતાબ મળ્યા પછી પોતાનું નામ ફેરવી "કાવસજી જાહાગીર" રાખ્યુ છે એવા સાહેબનો જન્મ રોજ ૧૯ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૮ મી જુન સને ૧૮૫૩ ઇસવીને વાર બુધને દીને થયો હતો.

સર નાઇટનો નામીચો ખેતાબ મેળવેલા જરથોસ્તીઓ.

મુંબઇના સખાવતી શેઠ કાવસજી જહાંગીરજી રેડીમની, જેવોનો જન્મ રોજ ૨૧ મો માહ ૮ મો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે સને ૧૮૧૨ ઇસ્વી ને દીને થયો હતો, તેઓ સાહેબ ૬૬ વરસની ઉમરે રોજ ૩ જો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૧૯ મી જુલાઇ સને ૧૮૭૮ ઇસ્વીને દીને હક થયા હતા તેવોએ પોતાનો ધરમી દસ્ત ચોમેર લંબાવી સઘલી કોમમા વીખીઆતી મેલવી હતી. તેવણને ઇસ્વી સને ૧૮૬૯ ના જુન માસમા સી. એસ. આઇ. યાને "કમ્પેનીયન ઓફ ધી સ્તાર ઓફ ઇંડીઆ" નો ખેતાબ બક્ષવામા આવ્યો હતો. એ પછી એવો શેઠની એવી કોશેસો વધારે જારી રેહેવાથી શેઠ કાવસજીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ સને ૧૮૭૨ ના સાલમા નામદાર સરકાર તરફથી આપવામા આવ્યો હતો

શેઠ મનચેરજી મેરવાનજી ભાવનગરી સી આઇ ઇ ને નામદાર શેહેનશાહમાતુ માહારાણી વીકટોરીયાની ડાયમંડ જુબીલીને ટાકણે યાને તા૦ ૨૨ મી જુન ૧૮૯૭ ને દીને "નાઇટ કમાંડર ઓફ ધી ઇંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બક્ષવમા આવ્યો હતો

મુંબઈના જાણીતા શેહરી શેઠ ફીરોજશાહ મેરવાનજી મેહેતા બારીસ્ટર, એમ એ, સી આઇ ઇ જેવો મુંબઇમા પ્રજાના એક અગ્રેસ આગેવાનનો હરહમેશા ભાગ બજાવતા હતા, તેઓને નામદાર બ્રીટીશ સરકારે તા૦ ૨૪ મી જુન ૧૯૦૪ ને દીને નામદાર શેહેનશાહ એડવર્ડ સાતમાની સાલગ્રેહને દીને અપાયલા ખેતાબોમા કે સી આઇ ઈ યાને "નાઈટ કમાનડર ઓફ ધી ઈંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બક્ષયો હતો, એની શનદ તા૦ ૭ મી ડીસેમબર ૧૯૦૪ ને દીને આપવામા આવી હતી એવણનો જનમ મુંબઇમા રોજ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૧૪ ય૦, તા૦ ૪થી આગસ્ટ ૧૮૪૫ ને સોમને દીવસે થયો હતો એવો સાહેબ ૭૦ વરસની ઉમરે રોજ ૨૫ મો માહ ૨ જો શેહેનશાહી સને ૧૨૮૫ ય૦ તા૦ ૫ મી નવેમબર ૧૯૧૫ ને સુકરવારે બેહેસ્તનશીન થયા હતા.

મુંબઇના જાણીતા શેહેરી અને સખાવતે મશહુર નામીચા શેઠીઆ શેઠ દોરાબજી જમશેદજી તાતાને તા૦ ૧ લી જાનેવારી સને ૧૯૧૦ ઇસ્વી યાને આપણી રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમા સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામા આવ્યો હતો.

હોંગકોંગના જાણીતા શેહેરી અને વેપારી શેઠ હોરમસજી નવરોજી મોદીને આપણી ઇંગ્લંડની બ્રીટીશ સરકાર તરફથી સર નાઇટનો ખેતાબ તા૦ ૧૬ મી માર્ચ સને ૧૯૧૦ ને દીને યાને રોજ ૫ મો માહ ૭ મો શેહેનશાહી સને ૧૨૭૯ યઝદેજરદી ને વાર બુધને દીવસે એનાયત કરવામા આવ્યો હતો શેઠ હોરમસજીએ નામદાર પ્રીન્સ ઓફ વેલ્સનુ આવવુ હોંગકોંગમા ૧૯૦૯ ના નવેમ્બર માસમા ભેટ કીધુ હતું તેમજ એવો સાહેબે ચીનમા નાતજાતના તફાવત વગર લખો રૂપીયાની સખાવત કીધી છે, જેમા હોંગકોંગમા એવણની સઉથી મોટી સખાવતોમા હોંગકોંગ યુનીવરસીટી અને સેલર હોમ છે, એ યુનીવરસીટી બાંધવા માટે લગભગ ૩ લાખ ડાલર સર હોરમસજીએ આપ્યા હતા આ યુનીવરસીટી બીલ્ડીંગનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૧૬ મી માર્ચ ૧૯૧૦ ને દીને હોંગકોંગના નામદાર ગવરનર સર ફ્રેડરીક લુગર્ડે કીધી હતી એ વખતે નામદાર ગવરનરે જાહેર કીધુ હતુ કે નામદાર શેહેનશાહ સાતમા એડવર્ડે યુનીવરસીટી તરફ પોતાની પસંદગી દેખાડી એ નામદારે એજ દીને તારનો સંદેશો મોકલીને શેઠ મોદીને સર નાઇટનો નામીચો ખેતાબ

[illegible] કીધેલ છે. સુર.હેરમઝજી મોદી એવોનો જન્મ રોજ ૧૩ મે માહ ૧ લો શહેનશાહી સને ૧૨૦૬ ય૦ તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૩૮ ઇસવીને વાર સુક્રને દીને થયો હતો. એવો સાહેબ ૭૨ વરસની ઉમરે રોજ ૭ મો માહા ૧૦ મો સને ૧૨૮૦ યઝદેજરદી, તા૦ ૧૬ મી જુન સને ૧૯૧૧ ને સુક્રરવારે બેહેસતનસીન થયા હતા.

મુબઇનાં જાણીતા શાહેરી તથા મોટા શેર દલાલ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાની ઓહદી સખાવતો અને ગરીબોના એક બેરખા તરીકે એવો શેઠે આપેલી કીમતી મદદ તેમજ સરકારના આબરૂ ઇજત પામેલા સાચા સલાહકાર અને પ્રજામા તથા વેપારી વરગોમા પ્રખ્યાત નાણા શાસ્ત્રી તરીકે એવણે સારી કીરતી મેલવી હતી શેઠ શાપુરજીને સને ૧૯૧૧ ના સાનના મુબઇના માનવંત શેરીફ નેમયા પછી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાચમાની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદીને દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીશેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમા નામદાર શેહેનશાહ જ્યોરજ પાચમા તરફથી બક્ષવામા આવ્યો હતો. સર શાપુરજીનો જનમ રોજ ૫ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૧૪ ય૦, તા૦ ૩૦ મી એપરેલ સને ૧૮૪૫ ઇસ્વી ને વાર બુધને દીને ભરૂચમા થયો હતો એવો સાહેબ ૭૬ વરસની ઉમરે રોજ ૧૭ મો માહ ૧૦ મો સને ૧૨૮૯ ય૦, તા૦ ૨૩ મી જુન ૧૯૨૦ ને બુધવારે મુબઇમા બેહેશતનસીન થયા હતા

મુબઇની હાઈકોરટના માનવંત માજી જડજ શેઠ દીનશાહ ધનજીભાઇ દાવરની કાબેલ્યતા તથા એક ફતેહમંદ જડજ તરીકેની તેમની ઝલકતી કારકીરદી જાણીતી છે એવો સાહેબે પારસી કોમને લગતા અગતના સવાલોમા ભાગ લઈ કીમતી સ્લાહ આપવા ઉપરાંત પોતાના ઓધાની ફરજ નામદાર સરકાર અને પ્રજાના સ તે શ વચ્ચે બજાવી હતી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાચમાની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદીનેદીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીશેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમા નામદાર શેહેનશાહ જ્યોરજ પાચમા તરફથી બક્ષવામા આવ્યો હતો એવો સાહેબ ૬૦ વરસની ઉમરે રોજ ૨૨ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૮૫ ય૦ તા૦ ૨૯ મી જુલાઇ ૧૯૧૬ ને સનીવારે બેહેશતનશીન થયા હતા.

નાગપુરવાલા ખા૦ બા૦ બેજનજી દાદાભાઇ મેહતાએ નાગપેર, બીરાર અને મધ્ય પ્રાંતોમા મીલ ઉદયોગ તથા હુનરની ખીલવણીના જાહેર કામોમા આગેવાન ભાગ લઈ તેમજ દુકાળ તથા અરકીના વખતમા સરકારની તથા જાહેર પ્રજાની સેવા બજાવી હતી એવા શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદીને દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યાભીશેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમા નામદાર શેહેનશાહ જ્યોરજ પાચમા તરફથી બક્ષવામા આવ્યો હતો.

